દ્વિતીય વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 3 (અ)

### પદ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુ : ગુજરાતી
### ધોરણ – 6 થી 8

જીસીઇઆરટી, વિદ્યાભવન,
ઉદ્યોગભવન સામે, સેક્ટર–૧૨,
ગાંધીનગર

આવૃત્તિ
2020

**વિષય સલાહકાર**

ડૉ. યોગેન્દ્ર વ્યાસ

**લેખન – સંપાદન**

શ્રી ગજેન્દ્રભાઈ જોષી
શ્રીમતી પ્રજ્ઞાબેન મતડ
શ્રી દિનેશભાઇ ભાભોર
શ્રી કિરીટભાઈ પટેલ
શ્રી કિશોરભાઇ રાવલ
શ્રી સંતોષ દેવકર
શ્રી ભરત મેશિયા

**સમીક્ષા**

ડૉ. બેલાબેન શાહ
શ્રી કિશોરભાઇ પાર્થ
શ્રી લાભુભાઈ ચાવડા

**નિર્માણ સંયોજન**

શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થતાં ક્રમશઃ પુનઃ રચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃ રચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો સનેઃ 1995 માં રાજ્ય વ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ સને 1999 અને 2002 માં અભ્યાસક્રમની પુનઃ રચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) 2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર સનેઃ 2008-09 માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઇને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃ ગઠન સનેઃ 2014 માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes) ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઇ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજીત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે. જેને ચાર સેમેસ્ટરમાં સુગ્રથિત કરવામાં આવેલ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મોડ્યુલની સંરચનામાંજીસીઇઆરટી-ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મોડ્યુલ ક્ષતિરહિત બને તે માટે જીસીઇઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઇઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઇઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઇઆરટી, ગાંધીનગર

## અનુક્રમણિકા


| એકમ | એકમનું નામ | પેઇજ નં. |
|---|---|---|
| 1 | ગુજરાતી અધ્યયન– અધ્યાપન પદ્ધતિઓ | 4 |
| 2 | માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ અને વિકાસાત્મક આવર્તન ( ધો.6 થી ધો.8) | 27 |
| 3 | ભાષા મૂલ્યાંકન | 39 |
| 4 | વ્યાકરણ શિક્ષણ | 50 |
| 5 | વિષયવસ્તુ - ધોરણ– 6,7,8 | 68 |

## એકમ – 1

## ગુજરાતી અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ


1. ગદ્યશિક્ષણની પદ્ધતિઓ

1.1 પ્રસ્તાવના

1.2 શૈક્ષણિક મુદ્દા

1.3 હેતુઓ

1.4 અધ્યયન નિષ્પત્તિઓ

1.5 પદ્ધતિ એટલે શું ?

1.6 સ્વાધ્યાય પદ્ધત્તિ

1.6.1 સ્વાધ્યાયની ગુણવતા અંગેના માપદંડ

1.6.2 સ્વાધ્યાયના પ્રકાર

1.6.3 સ્વાધ્યાય પદ્ધતિના ફાયદાઓ

1.6.4 સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ

1.6.5 સ્વાધ્યાય પદ્ધતિનો નમૂનો

1.6.6 સારાંશ

1.7 જૂથચર્ચા પદ્ધતિ

1.7.1 જૂથચર્ચા પદ્ધતિની સંરચના

1.7.2 જૂથચર્ચા પદ્ધતિના ફાયદાઓ

1.7.3 જૂથચર્ચા પદ્ધતિની મર્યાદાઓ

1.7.4 જૂથચર્ચા પદ્ધતિનો નમૂનો

1.7.5 સારાંશ

1.8 વિવરણ પદ્ધતિ

1.8.1 વિવરણ પદ્ધતિના ફાયદાઓ

1.8.2 વિવરણ પદ્ધતિની મર્યાદાઓ

1.8.3 વિવરણ પદ્ધતિનું ઉદાહરણ

1.8.4 સારાંશ

1.8.5 સ્વાધ્યાય

1.8.6 પ્રાયોગિક કાર્ય

1.9 પદ્ય શિક્ષણની પદ્ધતિઓ

1.9.1 પ્રસ્તાવના

1.9.2 ઉદ્દેશો

1.9.3 અધ્યયન નિષ્પત્તિઓ

1.9.4 પદ્ય શિક્ષણનું મહત્વ

1.10 અર્થઘટન પદ્ધતિ

1.10.1 અર્થઘટન પદ્ધતિના ફાયદા

1.10.2 અર્થઘટન પદ્ધતિની મર્યાદાઓ

1.11. રસાસ્વાદ પદ્ધતિ

1.11.1. રસાસ્વાદ પદ્ધતિના ફાયદા

1.11.2 રસાસ્વાદ પદ્ધતિની મર્યાદાઓ

1.11.3 ઉપસંહાર

1.11.4 સ્વાધ્યાય

1.12 સંદર્ભ સાહિત્ય

# 1. ગદ્યશિક્ષણની પદ્ધતિઓ

## 1.1 પ્રસ્તાવના:

**The best teacher is he, who teachers how to do without a teacher. More than any methodis the personality of the teacher, his own love for his Subject and his power making his enthaciasm manifest to his pupils.**

**– J.H.Fowler**

(કોઈપણ પદ્ધતિ કરતાં વધુ અસરકારક છે, શિક્ષકનું વ્યક્તિત્વ; એનો પોતાનો વિષયપ્રેમ અને પોતાનાં ઉત્સાહનો વિદ્યાર્થીઓને પાસ લગાડવાની તેની શક્તિ.)

સમાજમાં આંતરરાષ્ટ્રીય વ્યવહાર અને વિચાર વાણીનું પ્રત્યાયન ગદ્ય દ્વારા થાય છે. 'જે ગવાય નહી તે ગદ્ય' 'ગદ્ય એટલે બોલવું.' જે કઈ બોલાય તે ગદ્ય, ગદ્યમાં અક્ષર છે. શબ્દ, ધ્વનિ, પદ અને વાક્યરચનાનો સમાવેશ થતો હોય છે. 'જે છંદમાં બંધાયેલું ન હોય તે ગદ્ય' 'સાહિત્ય દર્પણ છંદ રહિત પદનો વિસ્તાર એટલે ગદ્ય' અગ્નિપુરાણ. 'ગદ્ય એ સૌ પ્રથમ મન–બુદ્ધિનું એક વલણ છેમનના ભાવોને રજૂ કરતી ભાષા તે ભાવાત્મક ગદ્ય. બાળકના જન્મની સાથે ગદ્ય તો જીવનવ્યવહારમાં તાણાંવાણાંની જેમ વણાયેલું છે. વાણી એ માનવીનું સર્જનાત્મક અને ભાવાત્મક સ્વરૂપ છે. શિક્ષણની પ્રક્રિયાને સફળ બનાવવા માટે દરેક વિષયમાં વય કક્ષા અને ધોરણ મુજબ અલગ અલગ પદ્ધત્તિઓ છે. ભાષાશિક્ષણમાં ગદ્ય, પદ્ય અને વ્યાકરણ શિક્ષણની જુદી જુદી પદ્ધત્તિઓ છે.

" વ્યાખ્યાનો જ પાઠ્યપુસ્તકો બનવાં જોઈએ, પાઠ્યપુસ્તકોનાં વ્યાખ્યાનો નહિ.''

--આનંદશંકર ધ્રુવ

ગદ્ય શિક્ષણ જયારે કરીએ છીએ ત્યારે શા માટે? શા હેતુથી કરીએ એવો સવાલ શિક્ષકના મનમાં થવો જોઈએ. એનાથી તે કાર્યના આયોજનની દ્રષ્ટિ સ્પષ્ટ બની શકે છે.જયારે સાહિત્ય એ વિદ્યા છે.એટલે 'વિદ્' ધાતુના બે અર્થ મુજબ એ જાણવાની છે અનુભવથી પામવાની પણ છે.વ્યક્તિ પોતાની રુચિ અને વૃત્તિ અનુસાર સાહિત્યકૃતિને ગ્રહણ કરી શકે છે, ઉપરાંત ભાવન–આકલન વ્યાપાર એ વૈયક્તિક હોવાથી તે કૃતિને માણી શકે છે.

પ્રવર્તમાન સમયને અનુરૂપ આ પ્રકરણમાં નાવીન્યપૂર્ણ ફક્ત ગદ્ય શિક્ષણની પદ્ધતિઓનો અભ્યાસ કરીશું જે સૌને પ્રાયોગિક શિક્ષણકાર્યમાં ઉપયોગી બની રહેશે.

## 1.2 શૈક્ષણિક મુદ્દા:

- પદ્ધતિ એટલે શું?
- સ્વાધ્યાય પદ્ધતિ
- જૂથચર્ચા પદ્ધતિ
- વિવરણ પદ્ધતિ

## 1.3 હેતુઓ :

- પ્રશિક્ષણાર્થી ગુજરાતી અધ્યયન–અધ્યાપન પદ્ધતિઓના ઉપયોગનું કૌશલ્ય કેળવે.
- પ્રશિક્ષણાર્થીઓમાં વિચારશક્તિ, કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને તર્કશક્તિનો વિકાસ થાય.
- પ્રશિક્ષણાર્થીઓ સાહિત્યમાં રસરૂચિ દાખવે.
- પ્રશિક્ષણાર્થી રસરુચિ અનુસાર ઉત્તમ પુસ્તકો,વાર્તાની ચોપડીઓ, સામયિકો અને ગદ્યલેખો પ્રત્યે વાચનાભિમુખ થાય.
- પ્રશિક્ષણાર્થીઓ માતૃભાષા પ્રત્યે આદર અને ગૌરવ જાળવે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્યશિક્ષણકાર્યમાં વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરી શકે.

## 1.4 અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ:

- પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતી અધ્યયન–અધ્યાપન પદ્ધતિઓના ઉપયોગનું કૌશલ્ય કેળવશે.
- પ્રશિક્ષણાર્થીઓમાં વિચારશક્તિ, કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને તર્કશક્તિનો વિકાસ થઈ શકશે.
- પ્રશિક્ષણાર્થી રસરુચિ અનુસાર ઉત્તમ વાર્તાના પુસ્તકો, સામયિકો અને ગદ્યલેખો પ્રત્યે વાચનાભિમુખ થઈ શકશે.
- પ્રશિક્ષણાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે આદર અને ગૌરવ જાળવશે.
- પ્રશિક્ષણાર્થીઓ માતૃભાષાનું સંવર્ધન અને સંરક્ષણ કરી શકશે.

## 1.5 પદ્ધતિ એટલે શું?

વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સમજી શકે એ માટે પ્રશિક્ષણાર્થીઓ ભાષાશિક્ષણમાં નવી નવી રીતોનો પ્રયોગ કરતા હોય છે. પ્રયોગાત્મક શિક્ષણમાં જુદી જુદી પ્રવૃત્તિ, પ્રયુક્તિનો ઉપયોગ કરતા હોય છે. આમ શિક્ષણપ્રક્રિયાને અસરકારક પરિણામલક્ષી બનાવવા માટે, જે ક્રિયા–પ્રક્રિયાનો ઉપયોગ કરે છે તેને પદ્ધતિ કહેવામાં આવે છે." પદ્ધતિ વર્ગખંડને જીવંત અને ગતિશીલ રાખે છે The path or way to be followed to arrive at a certain result. શિક્ષણકાર્યની રીત, આંતરમાનવીય વ્યવહાર, વિદ્યાર્થીઓ સાથેનું પ્રત્યાયન વગેરેનું સૂચન કરે છે. પ્રત્યક્ષ શિક્ષણ કાર્યને અસરકારક અને સફળ બનાવવા માટે પદ્ધતિના આયોજન વિના ગદ્યનું કે પદ્યનું ભાષાનું કે પછી સાહિત્યનું શિક્ષણ ન સંભવે. શિક્ષણમાં બે ધ્રુવો છે. એક શીખનાર અને બીજો શીખવનાર શિક્ષક છે. ગદ્ય આપણે શીખવવું છે તો એના શિક્ષણના હેતુ સ્પષ્ટ હોવા જોઈએ.. પ્રશિક્ષણાર્થીઓ પદ્ધતિને આત્મસાત કરીને વ્યવહારુ બનાવે તો શિક્ષણ સફળ બની શકે. શિક્ષક, વિદ્યાર્થી ઉપરાંત શૈક્ષણિક ઉપકરણ અને પદ્ધતિનો સમન્વય શિક્ષણકાર્યને રસપ્રદ અને અસરકારક બનાવી શકે છે, ગદ્ય શિક્ષણના હેતુઓ સમજવા જરૂરી છે. ક્યારે, કયા એકમ માટે, કયા વિદ્યાર્થીઓ માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો એમાં પ્રશિક્ષણાર્થીની આગવી સૂઝબૂઝની મહત્ત્વની ભૂમિકા છે.

'શીખવવું એ કળા છે અને પદ્ધતિ એ કલાનાં હથિયારો છે.' – ગિજુભાઈ

**ગદ્ય શિક્ષણનું મહત્વ:**

- કૃતિ પાછળના જીવનમર્મને સમજવો.
- કૃતિનું રચના સૌન્દર્ય પામવું. કૃતિનો આનંદ મેળવવો.

આ ત્રણેય બાબતોનો ત્રિવેણી સંગમ થાય તેને સફળ પદ્ધતિ કહેવાય. સાહિત્યકૃતિ, અંખંડ એકમ તરીકે સમુચિત સંકલન તરીકે અસર કરે અને આનંદ આપે છે. ફૂલનો અનુભવ જેમ રંગ, કુમાશ, સુગંધ વગેરેની એકાગ્ર–સમગ્રતા છે. શીખવતી વખતે આપણું લક્ષ્ય એકાગ્ર આકલન પર રહેવું જોઈએ. ટૂંકમાં ગદ્યને પામવા માટે પદ્ધતિ હોય. પદ્ધતિમાં ગદ્યને ઠાંસવાનું ન હોય પરંતુ પદ્ધતિને જીવંત અને રસપ્રદ બનાવવાનો છે. પ્રચલિત ગદ્ય પદ્ધતિઓને ત્રણ જૂથમાં મૂકી શકાય.
1. સ્વાધ્યાય પદ્ધતિ 2. જૂથચર્ચા પદ્ધતિ 3. વિવરણ પદ્ધતિ

**1.6 સ્વાધ્યાય પદ્ધતિ:**

શિક્ષણ પદ્ધતિની અંતિમ ફલશ્રુતિ એટલે સ્વાધ્યાય, શિક્ષકે તો ગદ્યખંડને વાંચ્યો, સમજાવ્યો, ચર્ચા કરી એનું કામ તો પૂર્ણ થયું, પણ વિદ્યાર્થી શું પામ્યો ? એ છે શિક્ષણની સાચી કસોટી. વિવેચનથી આ પદ્ધતિ જુદી પડે છે. શિક્ષણનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીમાં સંક્રમણ થયું કે નહિ, તે જોવાનો છે. વિદ્યાર્થીએ શું ગ્રહણ કર્યું અને સ્વઅધ્યયન માટે કેટલો સજ્જ થયો ? કૃતિના મર્મને સમજવાથી લઈને જવાબો મેળવવાની કુનેહ, શબ્દોના અર્થગ્રહણ કરવાની પાત્રતા અને વિશિષ્ટ ગદ્ય સ્વરૂપોની ખૂબીઓ પામવા સુધી એણે કેટલી મજલ કાપી ? પરિણામ/સફળતા અહીં જોવા મળે. જેટલો ગ્રાફ ઊંચો, તેટલી પદ્ધતિ સફળ વિદ્યાર્થીઓની વય, કક્ષા અને ક્ષમતા પ્રમાણે શિક્ષક સ્વાધ્યાય કરાવી શકે છે. તેમાંજ શિક્ષણકાર્યની યથાર્થતા રહેલી છે. સ્વાધ્યાયમાં ખાલીજગ્યા, અધૂરાં વાક્યો, પ્રશ્નો, લેખન ચર્ચા કે ક્વિઝની નવી ઢબનો પણ ઉપયોગ કરીને છેવટે તો વિદ્યાર્થીએ ગ્રહણ ધારણ કરવાની કલ્પનાની, આગવીસૂઝ વિકસાવવાની છે. સ્વાધ્યાય પદ્ધતિ એ અધ્યેતાલક્ષી પ્રાચીન પદ્ધતિ છે. સ્વાધ્યાય એટલે સ્વ+અધ્યાય. (જાતે અધ્યયન કરવું) તેને દ્રઢ કરવું, પાકું કરવું જેવી અપેક્ષાઓ આ પદ્ધતિ દ્વારા સંતોષાય છે. શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ શિક્ષકોને અને વિદ્યાર્થીઓને સ્વાધ્યાય તરફ જવાની ફરજ પાડે છે. પ્રશિક્ષણાર્થીનું કાર્ય પાઠ આપવાનું અને વિદ્યાર્થીઓને અધ્યયન તરફ પ્રેરવાનું છે.


"જે એકમ વિદ્યાર્થીને શીખવાનો છે તેની ઓળખ અને સ્વીકારરૂપે વિદ્યાર્થીઓ પાસે જે શૈક્ષણિક પ્રવૃત્તિ વર્ગખંડમાં કરાવવામાં આવે છે. તેમજ જેનાથી એ એકમનો અભ્યાસ ક્ષમતાપૂર્વક થઈ શકે એવી પ્રવૃત્તિ" – નેલ્સન

બાળકો લેખિત સ્વાધ્યાય તૈયાર કરે એટલે શિક્ષકે તે ચકાસણી કરીને વ્યક્તિગત માર્ગદર્શન આપવું જરૂરી છે. જો સ્વાધ્યાય મૌખિક તૈયાર કરવા આપ્યો હોય, તો વર્ગમાં ચર્ચા ગોઠવીને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી શકાય. લેખિત અથવા મૌખિક પ્રકારના સ્વાધ્યાયોનું મૂલ્યાંકન અલગ અલગ કસોટીપત્ર દ્વારા કરી શકાય.

### 1.6.1 સ્વાધ્યાયની ગુણવત્તા અંગેના માપદંડ:

1. પૂર્વ તૈયારી  2. રસ  3. પ્રેરણા  4. સ્પષ્ટતા
5. દિશાસૂચન  6. ઉત્તેજના  7.ચોકસાઈ  8. પ્રદર્શન  9.વ્યક્તિગત તફાવતો  10.વ્યક્તિગત મૂલ્યાંકન

### 1.6.2 સ્વાધ્યાયના પ્રકાર:




### 1.6.3 સ્વાધ્યાય પદ્ધતિના ફાયદા

- તાત્કાલિક માર્ગદર્શનનો લાભ મળે છે.
- સ્વ–અધ્યયનની ટેવ વિકસે છે.
- વિદ્યાર્થીઓ સંદર્ભસાહિત્યનો ઉપયોગ કરતાં શીખે છે.
- અધ્યયન પ્રક્રિયાને સક્રિય અને જીવંત બનાવે છે.
- વિદ્યાર્થીઓ પોતાની શીખવાની ગતિ પ્રમાણે આગળ વધી શકે છે.
- પ્રશિક્ષણાર્થીઓ /વિદ્યાર્થીઓને વિચાર–વિનિમયની તક મળે છે.
- સ્વપ્રયત્ને જ્ઞાન મેળવવાની રુચિ જન્મે છે.
- ટૂંકા સમયગાળામાં અભ્યાસક્રમ અસરકારક રીતે પૂરો થાય છે.
- ફુરસદના સમયનો ઉપયોગ કરવાની ટેવ પડે છે.
- જાતે શીખેલું, વધારે ટકાઉ, દૃઢ અને ચિરંજીવી બને છે.
- વ્યક્તિગત તફાવતને સમજી શકાય છે અને વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવામાં મદદરૂપ બને.
- પ્રશિક્ષણાર્થીઓ અભ્યાસ કરીને પૂર્વ આયોજન કરી શકે છે.
- શિક્ષક શૈક્ષણિક સિદ્ધિ માટે વિદ્યાર્થીઓનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરી શકશે.
- ધો 6 થી 8 ગુજરાતી પાઠ્યપુસ્તકના વિવિધ એકમોના સ્વાધ્યાયો રચવાનું કૌશલ્ય કેળવશે.

### 1.6.4 સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ

આ પદ્ધતિ જો જડ ચોકઠામાં બંધાઈ જાય, ક્રમબદ્ધ ચર્ચાનો જો હઠાગ્રહ વધી જાય, તો ગદ્યખંડની જીવંત અસરને બદલે એનું અંગ છેદન થાય એવું મોટું ભયસ્થાન રહેલું છે. સંદર્ભ સાહિત્ય, શિક્ષકોના માર્ગદર્શન અને નિરીક્ષણ ઉપર સ્વાધ્યાય પદ્ધતિની સફળતા કે નિષ્ફળતા રહેલી છે.

- શાળા/કોલેજોમાં સ્વાધ્યાયને લગતાં બધાં જ સંદર્ભ પુસ્તકો ઉપલબ્ધ હોતા નથી.
- સ્વાધ્યાયના વિભાજન પછી જૂથચર્ચાને અંતે ક્યારેક સંકલન થવું જોઈએ તે થતું નથી.
- જે પ્રશિક્ષણાર્થી  વિદ્યાર્થીઓને જે વિષયમાં રસ હોય તે વિષયનું સ્વાધ્યાય પૂર્ણ કરે છે.
- પ્રશિક્ષણાર્થીઓ/ શિક્ષકો સ્વાધ્યાયની રચના કરવામાં સક્ષમ હોતા નથી.

**1.6.5 સ્વાધ્યાય પદ્ધત્તિનો નમૂનો**

એકમ –હાઈસ્કૂલમાં

વિષય  – ગુજરાતી  ધોરણ  – 7 દ્વિતીય સત્ર

**પૂર્વભૂમિકા –** આ કૃતિ ગાંધીજીની આત્મકથા 'સત્યનાપ્રયોગો' માંથી પસંદ કરવામાં આવેલી છે, લેખકે પોતાના વિદ્યાર્થી જીવનના કેટલાક સ્મરણો સરળ અને સચોટ ભાષામાં રજૂ કરેલ છે. ગાંધીજીનો બાળવિવાહ થતાં અભ્યાસમાં પડતો વિક્ષેપ અને તેમની શરમાળ પ્રકૃત્તિનું તેમજ સેવાપરાયણ સ્વભાવનું આલેખન થયું છે. કેળવણી વિશેના વિચારો પણ સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યા છે.

**સ્વાધ્યાય અંગે સૂચના**

સ્વાધ્યાય પદ્ધત્તિમાં વિદ્યાર્થીઓને સ્વતંત્ર સ્વમૂલ્યાંકન કરવાની છૂટ બને તેટલી આપવી. ઉત્કૃષ્ટ રસપૂર્ણ કૃતિ વિષે સ્પષ્ટ અભિપ્રાય આપવા પ્રેરવા. આમ સ્વાધ્યાય–સ્વ– અધ્યયન, શિક્ષક યોગ્ય લાગે એ પ્રમાણે પ્રશ્નો પૂછીને, લખવાનું કામ સોંપીને, ચર્ચા યોજીને વિદ્યાર્થીને નીચેની બાબતો ગ્રહણ કરીને તૈયાર કરે તે સ્વાધ્યાય.

ધોરણ–૭ **'**હાઈસ્કૂલમાં**'** ગદ્યને  લક્ષમાં રાખીને કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા છે. તમારે સ્વયં અન્ય સાહિત્યનો ઉપયોગ કરીને પ્રશ્નોના ઉત્તર લખવાના છે. ગદ્યનું બે–ત્રણ વાર પઠન કરીને ઉત્તર આપો.

**સ્વાધ્યાયપ્રત:**

પ્રશ્ન –1  **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.**

1. ગદ્યખંડના વિચાર–વક્તવ્યના મુખ્ય પાસાં જણાવો ?
2. ગદ્યખંડના સ્વરૂપની પંસદગીની સાર્થકતા સ્પષ્ટ કરો ?
3. ગદ્યખંડના ભાષાની સમજ–સ્વભાષાનો વિકાસ સમજાવો ?
4. ગદ્યખંડની સુંદરતાનાં પ્રમુખ લક્ષણોનું આકલન કરો ?
5. સ્વતંત્ર અભિપ્રાય નિર્માણ વિશે વિચાર વ્યક્ત કરો ?

**પ્રશ્ન–2  નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો.**

1. 'હાઈસ્કૂલમાં' ગદ્યકૃતિ શેમાંથી લેવામાં આવી છે?

2. ગાંધીજીનું પૂરું નામ લખો.

3. ગાંધીજીના વિવાહ થયા ત્યારે શેમાં અભ્યાસ કરતા હતા?

4. વિદ્યાર્થીના વર્તન અને અભ્યાસ વિષે શાળામાંથી દર વર્ષે શું મોકલવામાં આવતું હતું?

5. કસરતમાં ન જવાથી ગાંધીજીને શું ફાયદો થયો?

6. ગાંધીજી કઈ ભૂલની સજા આજે ભોગવી રહ્યા છે?

7. સારા અક્ષરો માટે પ્રથમ બાળકોને શું શીખવવું જોઈએ?

8. ગાંધીજીને ભૂમિતિનો વિષય કેમ સરળ લાગ્યો?

9. ગાંધીજીને ક્યો વિષય વધુ શીખી શક્યા નહી તેનો પશ્ચાતાપ થાય છે?

10. ગાંધીજીની દ્દષ્ટિએ કઈ કઈ ભાષાઓ એક ભાષામાં ગણી શકાય ?

11. આ પાઠમાં ગાંધીજીના ક્યા– ક્યા ગુણો જોવા મળે છે?

**પ્રશ્ન–3 યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો.**

1. સારા અક્ષર લેખન માટે પ્રથમ શું શીખવું જોઈએ?
   A . ચિત્રકળા B. મૂળાક્ષર C. અક્ષરઘૂંટતા D. વાચન
2. ક્યાં વિષયમાં કેવળ બુદ્ધિનો સીધો સરળ પ્રયોગ કરવાનો છે?
   A . ગુજરાતી B. ભૂમિતિ C. સંસ્કૃત્ત D. ફારસી
3. ‘ચીવટ’ શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.?
   A. ચિંતા B.ચોખ્ખું C. ચોક્કસ D. ચોકસાઈ
4. ગાંધીજીનું બાળપણનું નામ શું હતું?
   A. મોહન B. ગાંધી C. નરેન્દ્ર D. કેશવ
5. ‘ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે’. આ ઉક્તિ કોની છે?
   A. રવિન્દ્રનાથ ટાગોર B. શ્રી અરવિંદ C. ગાંધીજી D. સરદાર

**1.6.6 સારાંશ**

આધુનિક યુગમાં જયારે જ્ઞાનના સીમાડા વિસ્તૃત થયા છે ત્યારે હવે શીખવવા (Teaching)ની રીત કરતા હવે સ્વઅધ્યયનથી શીખવાની રીત વધુ અસરકારક બને છે. પ્રશિક્ષણાર્થીએ બાળકોને શીખવવાને બદલે સ્વયં કેવી રીતે શીખી શકાય તે શીખવવાનું છે.

શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ આપણને સ્વાધ્યાય પદ્ધત્તિ તરફ જવાની ફરજ પાડે છે. વિદ્યાર્થીની સ્વયંભૂ અને સ્વયંસ્વીકૃત કાર્યની ફળશ્રુતિ એજ સ્વાધ્યાય પદ્ધત્તિની સફળતા છે.

## 1.7 જૂથચર્ચા પદ્ધતિ

1.7.1 જૂથચર્ચા પદ્ધતિની સંરચના

જૂથચર્ચા એટલે જૂથમાં કરવાની કોઈ વિષયની ચર્ચા.આ પદ્ધતિમાં દરેક વિદ્યાર્થીને પોતાના વિચારો અભિવ્યક્ત કરવાની તક પ્રાપ્ત થાય છે. જૂથચર્ચા પદ્ધતિમાં બે બાબતો સમાયેલી છે. એક તો ચર્ચાનું તત્વ અલગ અલગ વિષયોમાં હોય છે. બીજું આ ચર્ચા અલગ જૂથમાં અલગ વિષયની કરવાની છે. જૂથચર્ચાની વ્યાખ્યા આપતા 'વેબસ્ટર' કહે છે 'કોઈ પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને તેની દરેક બાજુથી વિચારવો, તેનું પૃથક્કરણ કરવું તેનું નામ ચર્ચા" – અને આવી ચર્ચા માટે સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓ ચાર કે પાંચ જૂથમાં વહેચાઈ જાય અને વ્યવસ્થિત રીતે ચર્ચા કરી નિર્ણય પર આવે, જયારે સમગ્ર વર્ગ એકઠો થાય ત્યારે વર્ગ સમક્ષ રજૂઆત કરે તે પ્રક્રિયાને જૂથચર્ચા પદ્ધતિ કહેવાય.

આ પદ્ધતિ દ્વારા માતૃભાષાનો કોઈ પણ એકમ કે પેટા એકમ શીખવવા માટે વર્ગમાં સંખ્યા આધારિત બુદ્ધિકક્ષા પ્રમાણે ચાર કે પાંચ વિદ્યાર્થીઓના જૂથ પાડીને દરેક જૂથને અલગ–અલગ વિષયોની વહેંચણી કરવામાં આવે છે. શિક્ષક જરૂર જણાય ત્યાં જૂથના સભ્યોને યોગ્ય માર્ગદર્શન આપે છે. જૂથના કોઈ સભ્યથી વિષયાંતર ન થાય, ગેરશિસ્ત ન ઉદભવે, તે માટે નેતૃત્વનું કાર્ય જૂથનેતા સંભાળે છે.જૂથમાં એક વૃત્તાંત નિવેદક(રિપોર્ટર) હોય છે. જે ચર્ચાના અંતે મુદ્દાની નોંધ કરી અહેવાલ તૈયાર કરે છે.તે સમય દરમિયાન શિક્ષક અવલોકનકાર અને માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે.

પ્રશિક્ષણાર્થી સૌપ્રથમ વર્ગમાં જૂથચર્ચા માટેના મુદ્દાની (વિષયાંગ) જાણ કરે. વિષયાંગને તેના વિભાગોમાં વિભાજીત કરે અને દરેક વિભાગ માટે વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી આપે. દરેક જૂથમાં સરખા વિદ્યાર્થીઓ હોય તેવું નથી. દરેક જૂથમાં એક જૂથ નેતા અને એક રિપોર્ટરની નિમણુંક કરવી. વિષયાંગની લંબાઈ પ્રમાણે તાસની ફાળવણી કરવી. પ્રથમ તાસમાં પ્રશિક્ષણાર્થી સમગ્ર સમજ આપે છે. બીજા તાસમાં વિદ્યાર્થીઓ જૂથમાં ચર્ચા કરે છે. ત્રીજા તાસમાં વર્ગખંડમાં બધાં જૂથો એકઠાં થાય અને પોતાનો અહેવાલ રજૂ કરે અને તેના પર ચર્ચા થાય.

દરેક જૂથ પોતાને મળેલ મુદ્દા કે સમસ્યાને હલ કરવા ચર્ચા કરે છે. સૌ પોતપોતાના વિચારો રજૂ કરે. આખરે જૂથ નિર્ણય પર આવે. અહેવાલ નોંધ તૈયાર કરે. આમ, ચર્ચા પૂરી થાય, દરેક જૂથ અહેવાલ આપે. અહેવાલ પર ચર્ચા થાય.જૂથચર્ચાનું મૂલ્યાંકન – અહેવાલ લેખન અને ચર્ચામાં તેમની કક્ષા કેવી રહી તેને આધારે તેનું મૂલ્યાંકન થઈ શકે આ મૂલ્યાંકનમાં ગુણ પણ અપાય અને ગ્રેડ પણ આપી શકાય છે.

### 1.7.2 જૂથચર્ચા પદ્ધતિના ફાયદા

- દરેક વિદ્યાર્થીને અભિવ્યક્ત થવાની તક પ્રાપ્ત થાય છે.
- એકબીજાના વિચારોને સમજવાની તક પ્રાપ્ત થાય છે.

- દરેક વિદ્યાર્થીને મુક્ત રીતે વિચારોને રજૂ કરવાની તક મળે છે.
- વિદ્યાર્થીઓ પરસ્પર એકબીજાના  વિચારોને સમજે છે.
- શરમસંકોચ  દૂર થાય છે અને સમૂહભાવના વિકસે છે.
- પ્રશિક્ષણાર્થીને નેતાગીરીની તાલીમ મળે છે.
- અહેવાલ લેખનનું કૌશલ્ય પ્રાપ્ત થાય છે
- ચર્ચા કરવાથી આત્મવિશ્વાસ વધે છે.
- ચર્ચામાં ભાગ લેવા માટે સંદર્ભ સાહિત્ય વિશેષવાંચન કરવાની ટેવ વિકસે છે.

### 1.7.3 જૂથચર્ચા પદ્ધતિની મર્યાદાઓ

- જૂથચર્ચા કરવા માટે અલગ–અલગ જગ્યાની જરૂર પડે છે.જો પૂરતી જગ્યા ન  હોય તો, બેઠક વ્યવસ્થા બરાબરન હોય તો જૂથચર્ચા પદ્ધતિ નિષ્ફળ નીવડે છે.
- ઘણીવાર વિદ્યાર્થીઓના મતભેદના કારણે અશિસ્તનો પ્રશ્ન ઉભો થાય છે..
- જૂથચર્ચા પદ્ધતિમાં સળંગ ચાર–પાંચ તાસની જરૂર પડે છે. જો સમયપત્રકમાં ફેરફાર ન કરી શકાય તો આ પદ્ધતિ સાર્થક બનતી નથી.
- બધા વિદ્યાર્થીઓ સક્રિયપણે ભાગ લેતા નથી.
- એકમ શીખવવામાં સમય ખૂબ જાય છે.
- ભાષાના બધાં જ એકમો આ પદ્ધત્તિથી શીખવી શકાતા નથી.

### 1.7.4 જૂથચર્ચા પદ્ધતિનો નમૂનો

એકમ – સાંઢ નાથ્યો,           ધોરણ –  8     દ્વિતીય સત્ર

પૂર્વભૂમિકા : ઈશ્વરપેટલીકરની ‘જનમટીપ’ નવલકથામાંથી આ કૃત્તિ લેવામાં આવેલ છે. માતેલા સાંઢને નાથવાની જયારે કોઈ પુરુષની હિંમત ચાલતી નથી, ત્યારે યુવાન ચંદા બીડું ઝડપે છે. પોતાની બુદ્ધિ ચતુરાઈથી અને સ્વસ્થતાથી એ સાંઢને નાથે છે. સ્ત્રીશક્તિનો મહિમા જોઈ શકાય છે.

- પ્રશિક્ષણાર્થી ‘સાંઢ નાથ્યો,’ ગદ્યની પૂર્વભૂમિકા રજૂ કરીને સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓના જૂથ પાડશે.
- દરેક જૂથમાં એકમના મુદ્દાની વહેચણી કરશે.
- દરેક જૂથમાં એક વિદ્યાર્થી નેતા બનશે અને એક વિદ્યાર્થી રિપોર્ટરનું કામ કરશે.

જૂથ–1 ‘ચંદાની’ બહાદુરી વિષે ચર્ચા કરીને લખો.

જૂથ–2 ‘સાંઢ નાથ્યો,’ એકમમાં ચંદાના ક્યાં ક્યાં ગુણો નિષ્પન્ન થાય છે તેની ચર્ચા કરો.

જૂથ–3 ‘સાંઢ નાથ્યો,’ એકમના મુખ્ય મુદ્દાઓની નોધ કરો.

જૂથ–4 ચંદાના દેખાવ વિષે ચર્ચા કરીને નોંધ કરો.

જૂથ–5 ગામમાં શી આફત આવી હતી, તેને કેવી રીતે કોણે દૂર કરી?

જૂથ–6 તમારા ગામમાં આવો સાંઢ હોય તો તમે તેને નાથવા શું કરશો?

જૂથ–7 તમારા ગામમાં આવી કોઈ સાહસની ઘટના બની હોય તો તેની ચર્ચા કરો.

ઉપર પ્રમાણે જૂથો પાડી દરેક જૂથે પોતાના મુદ્દાની ચર્ચા કરવાની છે તેવી સમજ આપશે અને ઉપયોગમાં લેવાના સંદર્ભ સાહિત્ય અંગે માર્ગદર્શન આપશે.

પ્રશિક્ષણાર્થી નક્કી કરેલ સ્થળે જૂથ ચર્ચા માટે એકઠાં મળે, તેની બેઠક વ્યવસ્થા જુએ. દરેક જણ ચર્ચા માટે તૈયાર થઈને આવ્યા હોય છે. જૂથનેતા સૌને આવકારે અને તેના જૂથને સોપવામાં આવેલ મુદ્દાની ચર્ચાની શરુઆત કરે છે. એક પછી એક સભ્ય પોતાને ભાગે આવેલા મુદ્દાની વાત રજૂ કરે. જૂથનેતા દરેક સભ્યને સક્રિય રાખે છે.સમગ્ર પ્રક્રિયા દરમિયાન રિપોર્ટર અગત્યના સર્વ સહમત મુદ્દાઓની નોંધ કરે.

બધાં જૂથો વર્ગખંડમાં એકઠાં થાય. પ્રશિક્ષણાર્થી અધ્યક્ષ બને. દરેક જૂથનો રિપોર્ટર પોતાનો અહેવાલ વાંચે. કોઈને કઈ પૂછવું હોય તો તે પૂછી શકે, રિપોર્ટર તેનો જવાબ આપે. અંતે પ્રશિક્ષણાર્થી સમગ્ર વિષયાંગની સમાલોચના કરે.

### 1.7.5 સારાંશ –

જૂથચર્ચા પદ્ધતિમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ બંનેની ભૂમિકા ખૂબ જ અસરકારક છે. આ પદ્ધતિમાં પ્રશિક્ષણાર્થી અને વિદ્યાર્થીઓ બધાંની તૈયારી હોય અને સફળ આયોજન હોય તો જૂથચર્ચા પદ્ધતિ સફળ નીવડે છે. આમ, જૂથચર્ચા પ્રયુક્તિ વર્ગખંડમાં જીવંત વાતાવરણ ઉભું કરે છે. પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થી પક્ષે સતત સભાનતા દાખવે છે. થયેલ ચર્ચાના અંતે શિક્ષણકાર્યની અસરકારકતા પણ જાણી શકાય છે.

## 1.8 વિવરણ પદ્ધતિ

ગુજરાતી ભાષાના બે જાણીતા શબ્દો છે. 'વર્ણન' અને 'વિવરણ'– વર્ણન એટલે વર્ણવવું અને 'વિવરણ' એટલે સ્પષ્ટીકરણ. 'વિવરણ'ને વિવેચનનો પર્યાય પણ ગણી શકાય. ગદ્યશિક્ષણની પદ્ધતિઓમાં શ્રેષ્ઠપદ્ધતિ છે. 'વિવરણ કરવું' એટલે સ્પષ્ટીકરણ કરવું, બીજો અર્થ થાય છે સમજૂતી. વિદ્યાર્થીઓ એકમના વિષયવસ્તુ કે કૃતિને સમજી શકે છે. વિવરણ પદ્ધતિને અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે પ્રશિક્ષણાર્થીએ ગદ્ય શિક્ષણના મુખ્યત્વે ત્રણ પગથિયાંનો ખ્યાલ રાખવો જરૂરી છે. વિષય, કૃતિ પ્રત્યેક શબ્દ કે પ્રસંગનો અર્થ આ ત્રણેયનો ત્રિવેણીસંગમ એટલે વિવરણ કે વિવેચન. આ પદ્ધતિમાં ગદ્યનો સરળ સાર અને અઘરા શબ્દોના અર્થ સાથે વક્તવ્યનું સ્પષ્ટિકરણ કરવા પૂરતી ચર્ચા સીમિત રહે છે. લેખક શું કહેવા માંગે છે? ગદ્યખંડ પાછળ લેખકનું દ્દષ્ટિબિંદુ કયું છે? એની સમજૂતી આ પદ્ધત્તિ દ્બારા મળી શકે છે. વિવરણ પદ્ધતિમાં વક્તવ્ય ઠોસ નક્કર હોય છે અને નિબંધ કે રેખાચિત્રમાં પ્રભાવક બને છે. લેખકના વિચારો અને કલ્પનાઓને સમજી વિશ્લેષણ કરીને સરળ શૈલીમાં સમજાવવાની પ્રક્રિયા એટલે જ વિવરણપદ્ધતિ. પ્રત્યેક મુદ્દાની સ્પષ્ટ સમજૂતી એમાં આવશ્યક છે.

બીજાં પ્રાણીઓ કરતાં માણસ અલગ પડે છે; કારણ કે બીજાં પ્રાણીઓ માણસ જેવી ભાષા વાપરતાં નથી ખાસ કરીને સાર્થક ધ્વનિનો અને ધ્વનિ સમૂહોથી બનતાં શબ્દો, એ શબ્દોથી બનતાં વાક્યો પ્રાણીઓ વાપરતાં નથી. માણસ તો યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દની પસંદગી કરીને તેનું સંયોજન કરીને વ્યવહારમાં ઉપયોગ કરે છે, અને સરંક્ષણ સંર્વધન કરે છે. આ

જ્ઞાન–વિજ્ઞાન વિષે ભાષાની મદદથી ચિંતન, મનન અને તર્ક કરે છે. કારણ કે તેની પાસે ચિત્ત, મન અને બુદ્ધિ છે. આમ કહી શકાય કે વર્ણનાત્મક વિષયવસ્તુનું સ્વરૂપ વક્તાકેન્દ્રી હોય છે. એટલે કે શિક્ષક જે કહે અથવા પાઠ્યપુસ્તકમાં જે છપાયું હોય તેનું તે તેની તે જ ભાષા અને શબ્દો વિદ્યાર્થીએ યાદ રાખવાનું છે તે વિગતો કે માહિતી અગત્યની હોય છે તેમાંથી તેણે શું તારવ્યું છે કે શું નિષ્કર્ષ તારવી શકાય છે તે બહુ મહત્વનું નથી. આ કારણે ગોખણિયા  અસ્તિત્વમાં આવે છે. ગદ્યકૃત્તિના પરિચ્છેદનો મર્મ છે તેને સૌથી પહેલાં પ્રશ્ન રૂપે રજૂ કરવામાં આવે છે. આ પ્રશ્નના ઉતર માટે પ્રશ્ન સાંભળનાર જે દિશામાં વિચાર કરી શકે તે દિશામાં તેને દોરી જવામાં આવે છે. એટલે કે તેને વિચાર કરવામાં મદદરૂપ થાય તેવી વિગતો આપવામાં આવે છે. અથવા બીજા પ્રશ્નો પૂછવામાં આવે છે. જયારે વિવરણાત્મક વિષયવસ્તુ સ્વરૂપ અને પ્રશ્નોત્તરી અથવા વાર્તાલાપ રૂપે અસ્તિત્વમાં આવે છે એમાં સાંભળનાર અથવા વિદ્યાર્થી પોતે પણ જાણે વિચારતો હોય તેવું બને છે. આના કારણે ક્યારેક વિદ્યાર્થી શિક્ષક કરતાં જુદી અથવા આગવી રીતે પણ વિચારી શકે એવું પણ બને. વિદ્યાર્થીની વિચાર પ્રક્રિયા ચાલવા માંડે તો તે આખા મુદ્દાને પોતાની ભાષામાં ઢાળી શકે અને પોતાની રીતે સમજી શકે. આ રીતની રજૂઆતનો મુખ્ય લાભ એ છે કે વિદ્યાર્થી વિચારતો થાય તેથી મુદ્દાને સમજતો થાય અને સમજણ સ્પષ્ટ હોય તો યાદ રાખવું સરળ બને આ કારણે ગોખવાની જરૂર જ ના પડે.

1. આ પ્રશ્નોમાં જ એના ઉત્તર મેળવવામાં મદદરૂપ થાય તેવાં દ્રષ્ટાંતો, ઉદાહરણ પણ ક્યારેક આપવામાં આવે છે. ક્યારેક સરખામણી કરીને સરખાપણું કરીને સરખાપણું અને જુદાપણું સ્પષ્ટ કરી આપવામાં આવે.
2. ક્યાંક કારણો અને અસરોને સમજાવવામાં આવે.
3. ક્યાંક વર્ગીકરણ, પૃથ્થકરણ અને સંયોજનની રીતે સમજાવવામાં આવે. આ સમજૂતીમાં આ બધાં કારણોસર કહેવાનો મતલબ એટલો કે, આ ઉપરથી સમજાયું હશે કે, કહેવાનો સારાંશ એટલો કે અથવા ટૂંકમાં કહીએ તો જેવા ભાષાપ્રયોગો પણ કરવામાં આવે છે.
4. આ પદ્ધતિની સફળતાનો મુખ્ય આધાર શિક્ષકોની રજૂઆત અને વિવરણ કરવાની ક્ષમતા ઉપર આધારિત છે.
5. મોટાભાગે પૂર્ણવિરામ વાળા સાદા વાક્યો જ જોવા મળે છે.
6. નીચે મુજબના પદોનો ઉપયોગ વિવરણ કરવામાં થતો હોય છે.
   - ટૂંકમાં કહીએ તો
   - એટલે  કે
   - આ બધા કારણોસર
   - કહેવાનો મતલબ એ છે કે
   - આ  ઉપરથી સમજાયું હશે કે
   - ફરીથી જોઈ જઈએ તો

બ્લૂમ (Benjamin Bloom) –મનોવૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રીઓએ જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓને નીચે જણાવેલા છ વિભાગમાં વહેંચ્યા છે.

- જ્ઞાનપ્રાપ્તિ
- ઉપયોજન
- સંશ્લેષણ
- સમજ
- વિશ્લેષણ
- મૂલ્યાંકન

### 1.8.1 વિવરણ પદ્ધતિના ફાયદાઓ

- શિક્ષક જયારે મૂલ્યાંકન કરે છે ત્યારે પ્રશ્નોના જવાબમાં પાઠ્યપુસ્તકની કે માર્ગદર્શિકાની કે શિક્ષક પાઠમાં વાપરેલી ભાષામાં જ ઉત્તર લખાયેલો હોય તેવો આગ્રહ રાખે છે. જેના કારણે વર્ણનાત્મક રજૂઆત સરળ બને છે.
- ગદ્યના કોઈપણ વિષયનાં બધાંજ  અંગોને એકબીજા સાથે સાંકળીને પૂર્ણ સમજૂતી આપી શકાય છે.
- પાત્ર, પ્રસંગ, સંવાદ, શબ્દ પસંદગી, ઘટના, શૈલી વગેરેનો સમન્વય સાધીને સમજ આપી શકાય છે.
- ગદ્યકૃત્તિમાં આવતાં બધાંજ અંગોનું વિશ્લેષણ કરીને સમગ્ર કૃતિનો આસ્વાદ વિદ્યાર્થીઓને કરાવી શકાય છે.
- પ્રશિક્ષણાર્થી અને વિદ્યાર્થીઓ શબ્દની ચમત્કૃતિ, રૂઢિપ્રયોગ, કહેવતો, વિવિધ શબ્દપ્રયોગોના અભ્યાસથી સાહિત્યિક અભિરુચિમાં વૃદ્ધિ થાય છે.
- યોગ્ય સ્વરભાર, સ્પષ્ટ ઉચ્ચારણ અને શબ્દોના સામર્થ્યને અભિવ્યક્ત કરવાની ટેવ વિકસે છે.

### 1.8.2 વિવરણ પદ્ધતિની મર્યાદાઓ

- ઘણીવાર આ પદ્ધતિને વળગી રહેવામાં આવે તો જડ અને યાંત્રિક બની જવાનું મોટું જોખમ રહે છે.
- આ પદ્ધત્તિમાં વિદ્યાર્થી નિષ્ક્રિય શ્રોતા બની જાય છે અને સમજ્યા વિના બધું સ્વીકારી લેતા હોય છે.
- શિક્ષક જે કંઇ કહે, જરૂરી– બિનજરૂરી ચર્ચા કરે તે સાંભળવાથી પાઠનો હાર્દ/મર્મ સમજી શક્યા છે કે નહિ તે જાણવાનો આમાં કોઈ અવકાશ હોતો નથી.
- આમ કહી શકાય કે વિશદ્ અને વિસ્તૃત પુન:કથન જ થાય છે.
- ગોખણિયા પદ્ધતિનો રાજમાર્ગ ખુલ્લો થાય છે, સ્મૃતિ આધારિત પરીક્ષા બને છે એના બદલે શિક્ષકે જોવું જોઈએ કે વિદ્યાર્થી પોતાની ભાષામાં મુદ્દાને રજૂ કરી શક્યો કે નહીં? બરાબર સ્પષ્ટતાથી સમજ્યો છે કે નહિ? શિક્ષકે વર્ગમાં વિવરણાત્મક રજૂઆતનો આગ્રહ રાખ્યો હોય તો આવું શક્ય બને  છે.

- શિક્ષક જે કહે અથવા પાઠ્યપુસ્તકમાં જે છપાયું હોય તેનું તે તેની તે જ ભાષા અને શબ્દો વિદ્યાર્થીએ યાદ રાખે છે. કૃત્તિમાં આપેલ વિગતો કે માહિતી મહત્વની બની જાય છે. ફક્ત માહિતીલક્ષી જ્ઞાન જ વિદ્યાર્થીઓ મેળવે છે. વિદ્યાર્થી કોઈ તારણ કે નિષ્કર્ષ તારવી શકતા નથી.આ કારણે વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરે છે.

### 1.8.3 વિવરણ પદ્ધતિનું ઉદાહરણ

1. વિવરણ કરતી વખતે પરિચ્છેદમાં આપવામાં આવેલા મુદ્દાને કે પછી તેમાં રહેલી મુખ્ય વાતને વિસ્તારીને સમજાવવામાં આવે છે. જે મુદ્દાને સમજાવવાનો છે તેને સામાન્ય રીતે અન્ય મુદ્દાઓ સાથે સરખાવી શકાય અને ક્યારેક બંને વચ્ચેનો તફાવત પણ દર્શાવી શકાય. જેમ કે એક પરિચ્છેદનું વાક્ય છે.

   ‘સુખના વિષય અનેક છે’ કહેવાય છે ‘તુંડે તુંડે મતિ ભિન્ના’ એટલેકે માનવી માનવીએ વિચારો અલગ–અલગ હોય છે એમ પ્રત્યેક માનવીની સુખની વ્યાખ્યા અને તેના વિશેની સમજ પણ વિભિન્ન હોય છે. જેને જેમાં સુખ મળ્યું, તે તેના સુખની વ્યાખ્યા.આમ ફકરામાં આપેલા મુદ્દાને અને વિષયને વિસ્તારી શકાય.વળી, અવતરણો, સૂત્રો, રૂઢિપ્રયોગો, કહેવતો વગેરેના ઉપયોગથી સ્પષ્ટીકરણ વધારે દ્રઢ બને છે. તદ્ઉપરાંત અહીં દ્રષ્ટાંત કે કથા વિવરણને સરસ બનાવે છે. જેમ કે ‘અંધ માણસને હાથીનું વિવરણ પૂછ્યું? તો હાથીના કાન પકડનાર અંધે કહ્યું કે હાથી સૂપડાં જેવો છે, અને પગ પકડનાર કહે હાથી થાંભલા જેવો છે.અને પૂછડું પકડનાર કહે હાથી દોરડા જેવો છે. આવું જ સુખનું છે જેની જેવી કલ્પના–વ્યાખ્યા દરેક વ્યક્તિની અલગ અલગ હોય છે.

2. ‘જીવનમાં આરોગ્યનું મહત્વ’ વિશે વિવરણ ગદ્યમાં સદા વર્તમાનકાળમાં નીચેના મુદાની મદદ વડે એક પરિચ્છેદ તૈયાર કરો.

   (પહેલું સુખ તે જાતે નર્યા, તંદુરસ્તી માટે અલ્પાહાર, સંતુલિત આહાર, વ્યાયામ, શ્રમ, નિયમિતતા, સતર્કતા, આવશ્યક, કુટેવો, એદીપણું, વ્યસનો, અસ્વચ્છતા, તામસી આહાર–બેઠાડું જીવન, મેદસ્વી આહારનો નિષેધ–આચરણ શુદ્ધિ.)

મનુષ્યના જીવનની સફળતાનો મુખ્ય આધાર તંદુરસ્તી ઉપર છે. દરેક વ્યક્તિના જીવન ઉપર આહાર, વિહાર અને વિચારની અસર રહે છે.શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે જીવનમાં ચોક્કસ વલણો અપનાવવા જોઈએ. ‘પહેલું સુખ તે જાતે નર્યા’ આપણા મનોવ્યાપારો જેટલા સુદ્રઢ અને સંતુલિત એટલું  જ આપણું માનસિક સ્વાસ્થ્ય સારું. શારીરિક સુખાકારી માટે ખોરાક ઉપર પૂરતું ધ્યાન આપવું જોઈએ. વૈદિકશાસ્ત્રમાં કહ્યું છે કે પેટ ભરીને કદી ખાવું ન જોઈએ.ઓછો ખોરાક લેવાથી શરીરમાં સ્ફૂર્તિ રહે છે.આમ કહી શકાય કે આપણે અલ્પાહારી રહેવું જોઈએ. સમતોલ આહાર શરીર માટે જરૂરી છે.કહેવાય છે કે વ્યક્તિએ ત્રણ સફેદ વસ્તુઓથી જાળવવું જોઈએ. ખાંડ, મીઠું, મેદો એ ઝેર સમાન છે. એટલે કે કોઈપણ પ્રકારનો અતિરેક જો ખોરાકમાં આવે તો નુકસાનકારક બને છે. અતિની કોઈ ગતિ નથી. વળી વધુ પડતા ઉપવાસ પણ હાનિકારક છે. સંયમી જીવન જ તંદુરસ્તીનો પાયો છે. ખોરાક ઉપરાંત જીવનમાં શ્રમ અને વ્યાયામનું પણ આગવું

મહત્વ છે.'યોગ ભગાવે રોગ' નિયમિતપણે શરીરના અંગોને પૂરતો વ્યાયામ મળે તે માટે ધ્યાન, યોગ, પ્રાણાયામ અને હળવી કસરત કરવાની ટેવ પાડવી જોઈએ. તેમજ વ્યસનોથી દૂર રહેવું જરૂરી છે. વ્યસનો મનુષ્યના જીવનમાં ઉધઈનું કામ કરે છે. તો ક્યારેક ઘાતકરૂપ બને છે. 'આળસ એ જીવતા માણસની કબર છે.' બેઠાડું જીવન તન,મન,અને ધન દરેકના જીવનમાં સ્થિરતા લાવે છે. તેથી આ પ્રકારની સુટેવો નાનપણથી જ પાડવી જોઈએ.

આટલું તો સમજાઈ ગયું હશે કે આપણા જીવનમાંથી મેદસ્વી આહાર અને તામસી આહારની બાદબાકી કરવી જોઈએ. 'જેવું અન્ન તેવો ઓડકાર' એ સમજીને જીવનમાં અપનાવીને આપણી રહેણીકરણી અને ખોરાકમાં પરિવર્તન કરવું જોઈએ. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ જીવનને સ્વસ્થ બનાવે છે.ઘણાં સંતો મહાત્માઓ એ તો જીવનમાં સંઘર્ષની સાથે આરોગ્યના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને વિરલ સિદ્ધિ હાંસલ કરેલ છે.

### 1.8.4 સારાંશ

ગદ્યશિક્ષણની પદ્ધતિઓમાં સૌથી શ્રેષ્ઠ પદ્ધતિ છે. 'વિવરણ કરવું' એટલે સ્પષ્ટીકરણ કરવું, બીજો અર્થ થાય છે સમજૂતી. વિદ્યાર્થીઓ એકમના વિષયવસ્તુ કે કૃતિને સમજી શકે છે. વિવરણ પદ્ધતિને સફળ બનાવવા માટે પ્રશિક્ષણાર્થીએ ગદ્યશિક્ષણના મુખ્યત્વે ત્રણ પગથિયાંનો ખ્યાલ રાખવો જરૂરી છે. વિષય, કૃતિ, પ્રત્યેક શબ્દ કે પ્રસંગનો અર્થ – આ ત્રણેયનો ત્રિવેણીસંગમ એટલે વિવરણ કે વિવેચન. આ પદ્ધતિમાં ગદ્યનો સરળ સાર અને અઘરા શબ્દોના અર્થ સાથે વક્તવ્યનું સ્પષ્ટિકરણ કરવા પૂરતી ચર્ચા સીમિત રહે છે. લેખક શું કહેવા માંગે છે? ગદ્યખંડ પાછળ લેખકનું દ્રષ્ટિબિંદુ કયું છે? એ પ્રશ્નની સમજૂતી આમાં રહેલી છે. વિવરણ પદ્ધતિમાં વક્તવ્ય ઠોસ નક્કર હોય છે. લેખકના વિચારોને વિશ્લેષણ કરીને સરળ શૈલીમાં સમજાવવાની પ્રક્રિયા થાય છે.

### કસોટી/ સમજ ચકાસતા પ્રશ્નો

**પ્રશ્ન– 1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. ગદ્ય શિક્ષણમાં પદ્ધતિઓનું શું મહત્વ છે ?
2. ગદ્યશિક્ષણની પદ્ધતિઓના નામ જણાવો.
3. સ્વાધ્યાય પદ્ધતિના પ્રકાર જણાવો.
4. સ્વાધ્યાય પદ્ધતિના ફાયદા જણાવો.
5. સ્વાધ્યાય પદ્ધતિ વિદ્યાર્થીઓને કંટાળાજનક શા માટે લાગે છે?
6. સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ જણાવો.
7. સ્વાધ્યાય પદ્ધતિની લાક્ષણિકતાઓ જણાવો.
8. જૂથચર્ચા પદ્ધતિથી બધા જ એકમો શીખવી શકાતા નથી, શા માટે?
9. જૂથચર્ચા પદ્ધતિની વિશેષતાઓ લખો.
10. જૂથચર્ચા પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન–2 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.**

1. જૂથચર્ચા પદ્ધતિમાં વિદ્યાર્થીઓની શી ભૂમિકા હોય છે?
2. ગદ્યશિક્ષણમાં વિવરણ પદ્ધતિ વધુ અસરકારક બને છે. શા માટે?
3. વિવરણપદ્ધતિ ક્યારેક વિદ્યાર્થીઓને કંટાળાજનક લાગે છે શા માટે?
4. વિવરણપદ્ધતિની સફળતા અને નિષ્ફળતાનો આધાર શિક્ષક ઉપર રહેલો છે, આ વિધાનને સમજાવો.
5. વિવરણાત્મક અને વર્ણનાત્મક બંને પદ્ધતિ વચ્ચે શો તફાવત છે?
6. વિવરણાત્મક પદ્ધતિને સફળ બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

**પ્રશ્ન–3 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરીને આપો.**

1. 'નવા વર્ષના સંકલ્પો ' કૃત્તિ શીખવવા માટે કઈ પદ્ધત્તિ વધુ અસરકારક બનશે.
   A. વિવરણ પદ્ધતિ B.ચર્ચાપદ્ધતિ C. કથન પદ્ધતિ D. સ્વાધ્યાય પદ્ધતિ
2. ભાષા શિક્ષણની પદ્ધતિની સફળતા કોના ઉપર આધારિત હોય છે?
   A. શિક્ષક B. વિદ્યાર્થી C. શૈક્ષણિક સાધનો D લેખકની કૃત્તિ
3. કોઈપણ પદ્ધતિ ક્યારે અસરકારક બની શકે છે?
   A.શિક્ષકની રજૂઆત B.વિદ્યાર્થીઓની રસરુચિ
   C.વિદ્યાર્થીઓના અર્થગ્રહણ D.શિક્ષકની વિષયવસ્તુ
4. વિદ્યાર્થીઓની સ્વઅધ્યયનની ટેવ કઈ પદ્ધતિ દ્વારા વિકસે છે?
   A. વિવરણ પદ્ધતિ B. કથન પદ્ધતિ C. જૂથચર્ચા પદ્ધતિ D સ્વાધ્યાય પદ્ધતિ
5. વિદ્યાર્થીઓમાં સમૂહભાવના કઈ પદ્ધતિ દ્વારા વિકસે છે?
   A વિવરણ પદ્ધતિ B. વર્ણનાત્મક પદ્ધતિ C. જૂથચર્ચા પદ્ધતિ D સ્વાધ્યાય પદ્ધતિ

### 1.8.5 સ્વાધ્યાય

1. વિવરણાત્મક પદ્ધતિને સફળ બનાવવા શિક્ષક તરીકે તમે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો?
2. સ્વાધ્યાય પદ્ધતિને સફળ અને અસરકારક બનાવવા શિક્ષક તરીકે તમે શું શું કરશો?
3. ગદ્યશિક્ષણની કોઈ એક પદ્ધતિ વિશે ટુંકનોધ લખો.
4. જૂથચર્ચા પદ્ધતિના લાભાલાભ જણાવો.

### 1.8.6 પ્રાયોગિક કાર્ય:

1. ધોરણ–6 ના ગુજરાતી પાઠ્યપુસ્તકના એકમોમાં તમે ક્યાં એકમમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો તેની યાદી બનાવો.
2. ધોરણ–7 ગુજરાતી પાઠ્યપુસ્તકના કોઈપણ એક એકમની સ્વાધ્યાયપ્રત તૈયાર કરો.
3 ધોરણ–8 ગુજરાતી પાઠ્યપુસ્તકના કોઈપણ બે એકમમાંથી જૂથચર્ચા પદ્ધતિ માટે પાંચ જૂથ માટે વિષયોની યાદી બનાવો.

## 1.9 પદ્ય શિક્ષણની પદ્ધતિઓ

### 1.9.1 પ્રસ્તાવના.

'પદ્ય એટલે કવિતા અને પદ્ય શિક્ષણની પદ્ધતિઓ એટલે કે કવિતા શિક્ષણ કેવી રીતે કરવું તે' દર્શાવતી વિવિધ પ્રયુક્તિ કે કાર્યકૌશલ્ય. પદ્યશિક્ષણ કેવી રીતે કરવું એ વણઉકેલ કોયડો રહ્યો છે. સાહિત્યકૃતિ તરીકે પદ્યશિક્ષણ એક વિશેષ બાબત છે.

પદ્ય કેમ શીખવવું એ વિશે ઘણા કવિઓ, વિવેચકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ વિચારણા કરી છે, છતાં કલાકૃતિ તરીકે કવિતાનું સ્વરૂપ કવિને, વિવેચકને, ભાવકને અને શિક્ષકને મૂંઝવે છે, આદિલ મનસૂરીએ કવિતાની રચના માટે કહ્યું છે કે 'અહીં તો કદીક લોહી પણ નીકળે' તે જ ઉક્તિ પદ્ય શિક્ષણને માટે પણ સાચી છે. છતાં આપણે પ્રથમ વર્ષમાં જે પદ્ય શિક્ષણની પદ્ધતિઓ શીખી ગયા તે ઉપરાંતની કેટલીક વિશેષ પદ્ધતિઓ ધોરણ 6 થી 8 ને ધ્યાનમાં રાખીને આપણે અભ્યાસ કરીશું.

પદ્ય સાહિત્ય આપણી ભાષાનું અવિભાજ્ય અંગ છે, તેથી પદ્યશિક્ષણને પામવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. આમ જોઈએ તો પદ્યશિક્ષણની કોઈ પદ્ધતિ હોઈ શકેજ નહી. પદ્યને તો માણવાની મજા છે. અરે કવિતા તો કળા છે. છતાં પ્રશિક્ષણાર્થીઓને ધ્યાનમાં રાખી કેટલીક મહત્ત્વની પધ્ધતિ અહીં મૂકવામાં આવી છે.

(1) અર્થઘટન પદ્ધતિ (2) રસાસ્વાદ પદ્ધતિ

### 1.9.2 ઉદ્દેશો –

ધોરણ 1 થી 5 માં કાવ્યશિક્ષણનો ઉદ્દેશ (હેતુ )બાળકોને કાવ્યની મજા માણતા કરવાનો છે જે આપણે પ્રથમ વર્ષમાં જાણ્યું. અહીં આપણે ધોરણ 6 થી 8 નાં બાળકોની વાત કરીએ તો માત્ર કાવ્યનો આસ્વાદ માણવો નહિ પણ બાળકો આસ્વાદની સાથે કવિતાની મૂળભૂત લાગણી અને ભાવને સમજીને મજા માણે અને જ્ઞાનને ખીલવે તે મહત્વનું છે.

**પ્રશિક્ષણાર્થીઓ**

- પદ્યમાં વ્યક્ત થયેલી લાગણીઓનું સમસંવેદન કરે.
- પદ્યમાં સહાયક અને કવિએ પ્રયોજેલા શબ્દો, કલ્પનો, પ્રતિક, અલંકારો, છંદો તથા અન્ય પ્રયુક્તિઓ સમજે.
- કવિતા સર્જન કરવાનો પ્રયત્ન કરે.
- ગદ્ય, પદ્ય અને સંગીતના સંદર્ભમાં કવિતાની સાચી સમજ મેળવે.
- પદ્યશિક્ષણ માટેની પદ્ધતિઓનો ઉપયોગ કરે.

### 1.9.3 અધ્યયન નિષ્પત્તિઓ –

આ મુદ્દાના અભ્યાસને અંતે પ્રશિક્ષણણાર્થીઓ નીચે જણાવેલ બાબતોમાં સમર્થ બનશે.

- પદ્ય શિક્ષણ ભાવ અને સમજ સાથે કરતો થશે.
- ધોરણ ૬ થી ૮ નાં બાળકોને કાવ્યનો રસાસ્વાદ કરાવી શકેશે.
- વર્ગ કાર્યમાં પદ્યશિક્ષણને સરળ બનાવવા આપેલ પદ્ધતિનો ઉપયોગ કરી શકાશે.

### 1.9.4 પદ્ય શિક્ષણનું મહત્વ

પ્રથમ વર્ષના મુદ્દાને ધ્યાનમાં રાખી પદ્ય શિક્ષણના મહત્ત્વને વિશેષરૂપમાં સમજીએ. શાળા કે મહાશાળામાં કોઈ પણ વિષયના શિક્ષણનું મહત્ત્વ જીવનમાં તે વિષયના મહત્ત્વને પણ આધારે નક્કી થાય છે. પદ્યશિક્ષણના મહત્ત્વને પણ આ વાત લાગુ પડે છે.પદ્યશિક્ષણ આનંદ, સંવેદનશીલતા અને સંસ્કાર આપે છે. પ્રશિક્ષણનાર્થીમાં શબ્દના રહસ્યને સંદર્ભની મદદથી પામી તેનો આસ્વાદ માણતાં શીખે છે.

ઉત્તમ કવિતા શિક્ષણ મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનારા પ્રશિક્ષણણાર્થી કે વિદ્યાર્થીનું જીવન સંવેદનશીલ બને છે. પદ્યશિક્ષણ વ્યક્તિને માનવતાવાદી બનાવે છે. પ્રેરણાદાયી પદ્યશિક્ષણથી સર્જનાત્મકતાને વેગ મળે છે.ભાષાની અનંત શક્યતાઓનો પ્રત્યક્ષ પરિચય કાવ્યના શિક્ષણ દરમિયાન મળે છે. ભાષાનાં અન્ય કૌશલ્યોમાં પારંગત બનાવવા માટે પદ્ય શિક્ષણ અનન્ય રીતે મહત્વનું છે.

### 1.10 અર્થઘટન પદ્ધતિ–

ડી.એલ.એડ્ પ્રથમ વર્ષમાં આપણે અર્થ બોધ પધ્ધતિનો અભ્યાસ કરી ચૂક્યા છીએ એટલે કે કવિતાને કેમ માણવી તે શીખી ગયા છીએ. જેમાં લય અને તાલને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

જયારે આ પધ્ધતિ તેનાથી જુદી તો ન કહીં શકાય પરંતુ માત્ર ગાવાનું કે અભિનય ન રહેતાં કવિતાના ભીતરમાં જઇ અર્થઘટન કરવાની વાત રહેલી છે. શિક્ષણ વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તનો લાવવાની પ્રક્રિયા છે અને શિક્ષણ દ્વારા માનવ વર્તનના ભાવાત્મક પાસામાં પણ અપેક્ષિત પરિવર્તન લાવી શકાય. તેથી મનોવૈજ્ઞાનિક દ્દષ્ટિએ કવિતા શિક્ષણ ખૂબ જરૂરી છે.

પદ્ધતિ  એ વિષયથી તટસ્થ એવું શિક્ષકનું વર્તન છે. કવિતા રોજિંદી લાગણીઓ અને વ્યવહારની ભાષાના ઉપાદાનથી સર્જાય છે. કવિતાનું માધ્યમ ભાવાર્થના સંકેતરૂપ  શબ્દ છે. કવિતા આપણને મુખ્યત્વે શબ્દમાંથી ધ્વનિત થતા અર્થ અને ભાવ દ્વારા પ્રસન્ન કરે છે. તેથી પદ્યમાં શબ્દ દ્વારા વ્યક્ત થતા અર્થનું ભારે મહત્ત્વ છે. કવિતામાં છંદ, લય, તાલ, માત્રા, પ્રાસ જેવાં સંગીત તત્વો આવે તે અર્થની અભિવ્યક્તિને ધારદાર બનાવવા માટે આવતાં હોય છે. આ અર્થમાં જ નિરંજન ભગતે કવિતાને ‘કાનથી પામવાની કળા’ કહી છે.

કાવ્યના વિશેષ અર્થને પ્રગટ કરવા કવિએ યોજેલા શબ્દ અને શબ્દ રચવાનું કવિતા શિક્ષણ દરમિયાન વિવરણ થવું જોઈએ. વ્યવહારની ભાષાના શબ્દો કવિ જયારે કાવ્યમાં પ્રયોજે છે ત્યારે વ્યવહારની અર્થ જડતામાંથી છોડાવવા તેવો સંદર્ભ, પરિવેશ આપે છે. શબ્દો કાવ્યમાં પ્રવેશે એટલે શબ્દકોશગત અર્થને અતિકમીને વિશેષ અર્થને પ્રગટાવે છે.એક અર્થને વ્યક્ત કરવા અનેક પર્યાય હોય પણ કાવ્યમાં એ બધા એક બીજાને બદલે ન ચાલે. તેથી અનેક ઉપલબ્ધ વૈકલ્પિક પર્યાયોમાંથી કવિએ અમુકજ શબ્દ કેમ પસંદ કર્યો છે, તેની નોંધ લેવી ઘટે. દા.ત 'એકજ દે ચિનગારી' કવિતામાં કવિએ 'ચિનગારી' શબ્દ શા માટે મૂક્યો? તે શબ્દનું અર્થ ઘટન કરીએ તોજ કાવ્યનો મર્મ સમજાય. જેમકે અહીં 'ચિનગારી' શબ્દ જ્ઞાન અને સમજ રૂપી તણખાની વાત કરેલ છે. જયારે જ્ઞાનની પરાકાષ્ટા પામવા મહાનલ જેવા અગ્નિવામક શબ્દનો ઉપયોગ કરી ઈશ્વરની પ્રાર્થનાને બળવત્તર બનાવવામાં આવી છે. ઉપરાંત જામગરી, (બુદ્ધિ જ્ઞાનનો ભંડાર ) સૂરજ, સગડી, તણખો જેવા શબ્દ પ્રયોગો કાવ્યમાં ભાષાના સંદર્ભને નવીનતા બક્ષે છે.

આ પદ્ધતિમાં એક એક પદનો અર્થ કરવામાં આવે છે.તેની રચના અંગે સ્પષ્ટિકરણ કરવામાં આવે છે.આ પદ્ધતિમાં ઝીણામાં ઝીણી વિગતની છણાવટ કરવામાં આવે છે. જેમ કે કઈ પરિસ્થિતિમાં તેનો ઉપયોગ થાયછે અને કવિની રુચિ કેવા પ્રકારની છે, કાવ્ય લખવા પાછળ કવિનો ઉદ્દેશ શું છે તે અર્થઘટનથી સમજાવી શકાય છે. આમાં કાવ્ય અંગે વિવિધ ઘટનાઓ, પ્રસંગો કે બનાવો વગેરેની છણાવટ કરવામાં આવે છે.ધોરણ 6, 7, 8 કે તેથી ઉપલા ધોરણનાં કાવ્યો આ પદ્ધતિથી કક્ષાને ધ્યાનમાં રાખી વિવેક પૂર્વક શીખવવાં જોઈએ.

### 1.10.1 અર્થઘટન પદ્ધતિના ફાયદા

- આ પદ્ધતિથી કાવ્યવસ્તુના પ્રસંગો,બનાવોનું વર્ણન કરી શકાય છે.
- કાવ્યના એક એક પદની વિગતવાર સમજણ આપવાથી શિક્ષણ અસરકારક બને છે.
- શબ્દોનું અર્થઘટન શિક્ષક સારી રીતે કરે તો વિદ્યાર્થી કાવ્યનો સાચો આસ્વાદ માણી શકે છે.
- કાવ્યમાં વપરાયેલા શબ્દોના અર્થ અને પર્યાયને જાણી શકાય છે.
- વિદ્યાર્થીઓ કાવ્યમાં વપરાતા પ્રાસાનુબ્દ્ધ શબ્દો કે ખાસ વિશેષ શબ્દોના પ્રયોજનને સમજી શકે છે.

### 1.10.2 અર્થઘટન પદ્ધતિની મર્યાદાઓ

- ક્યારેક વસ્તુલક્ષી ન રહેતા આત્મલક્ષી બની જાય છે.
- કવિના વિચારો સાથે સંમત ન પણ થાય કારણ કે એટલા તર્કપૂર્ણ ન હોય.
- કોશના જ્ઞાન ઉપરાંત જીવનના વ્યાપક અનુભવનું ભાથું હોય તો જ અર્થઘટન શક્ય બને.

- બાળકો પાસે ઊંડો અને વ્યાપક અનુભવ ન હોય ત્યારે તેમની સમજ શક્તિની બહાર રહી જાય છે.
- કાવ્ય એ આત્માની કળા હોવાથી આત્મા વડે ઝિલાય, અનુભૂતિ દ્વારા કળાય છે, તે ખુબજ મહત્વનું છે.

**1.11. રસાસ્વાદ પદ્ધતિ**

બાળકને આજથી ચાળીસ પચાસ વરસ પહેલા કાવ્યના સંસ્કાર ગુજરાતના ઘરોમાંથી મળતા હતાં, દાદી વહેલા પરોઢમાં ઉઠતા, કોઈ દળતા દળતા ગીતા ગાતાં, કોઈ મીરાંના ભજન બોલતા કે નરસિંહ કે દયારામના પદથી વાતાવરણને સભર કરી કવિતા શિક્ષણ દેતાં. આજના જીવનપલટામાં આ સંજોગો સરકી ગયા છે.

કવિતા જીવનને સૌન્દર્યનો આસ્વાદ કરાવી મનુષ્યજીવનને યથાર્થ બનાવે છે. રસાસ્વાદ પદ્ધતિ એ કાવ્યનો આસ્વાદ કરાવે છે. જેથી કાવ્યાનંદ વ્યક્તિ પામી શકે છે કવિની સંવેદનાને સ્ફુટ કરતાં કાવ્ય સમજાવી એ અને તેમાં એકરૂપ થઈએ તો કાવ્યનું ખરું સૌન્દર્ય માણી શકાય શબ્દોનાં અર્થો સમજાવીને કાવ્યનો અર્થ સમજાવવાનો નથી હોતો, ભાવ અનુભવવાનો અને તેના ભાવનો અનુભવ કરાવવાનો હોય છે. એ શિક્ષકે હમેશાં ધ્યાનમાં રાખવાનું હોય છે.

**'કવિતાને પામવા માટે આપણે વળી વળીને કવિતા પાસે જવું પડશે. '**

**–ઉમાશંકર જોષી**

કાવ્યાનુભવ : સૌ પ્રથમ તો એ લક્ષમાં હોવું જોઈએ કે કાવ્યનો સંબધ સૌન્દર્ય અને આનંદ સાથે છે. જીવનના કોઇપણ સૌન્દર્યને જેમ સમજવાનું હોતું નથી પછી તે ફૂલ હોય કે સાગર, નદી હોય કે આકાશ સમગ્રતયા એ અનુભવને ગ્રહણ કરવાનો હોય છે. રંગ, રૂપ, આકાર કે વિરાટના સ્વરૂપને દિલ પર ઝીલવાની એક મોજ છે એવું જ કવિતાનું છે એ વાંચતાં જઈએ તેમ તેમ તેની રસપાંખડીઓ ખૂલતી જાય અને આપણું હૃદય રસમગ્ન થતું જાય.

આપણે આપણા હૃદયને તૈયાર કરવાનું છે. રેડિયો–ટીવી સેટની જેમ પ્રસારણ કેન્દ્ર સાથે ટ્યૂનિંગ કરીએ છીએ, તેમ ચિતને ગ્રહણશીલ, ઉદાર તથા એકાકાર કરવાનું છે. અંને કવિતાનું ભાવન કહે છે. અને એવા સહૃદય ભોક્તા પાસે જ કવિતા પોતાનાં રૂપ રહસ્ય ખોલે છે. ઉમાશંકરે કવિતાને ‘કાનની કલા’ કહી છે. કવિતાનું કેન્દ્ર આમ તો રસ અને ધ્વનિ છે.પઠન અને શ્રવણથી કાવ્ય યાત્રા શરુ થવી જોઈએ, એ છે રસ કાવ્ય પ્રદેશનું પ્રવેશદ્વાર.

કાવ્યાનુભાવન – કાવ્યનો મુખ્ય હેતુ ભાવનનો છે. ભાવન શબ્દ ‘ભાવ’ ધાતુ પરથી બન્યો છે. એનો અર્થ છે સ્વાદ લેવો, માણવું, ગમવું, ભાવવું, કાવ્યમાં પ્રવેશી લીન થઈ જવું જરૂરી છે. પ્રથમ આવે સર્જન– કાવ્યની રચના એનું નિર્માણ, જીવનનો કોઈ અનુભવ કવિને એવા વાતાવરણમાં મૂકી દે જેમાંથી કાવ્યનો જન્મ થાય છે કવિની ચિતદશાને શબ્દ આકાર આપવાની

આ પ્રક્રિયા સ્વયં આનંદમય છે, એટલે એનું થતું ભાવન આપનાવી આ પ્રક્રિયા સ્વયં આનંદમય છે એટલે એનું થતું ભાવન આસ્વાદ્ય બને છે. કવિ અનુભવથી પ્રેરાય છે, કવિ આ બંને આત્મલક્ષી પ્રવૃત્તિઓ છે એના અનુભવની પળે અન્યનો ખ્યાલ, અન્યનું અસ્તિત્વ જ અદ્રશ્ય હોય છે આ શુદ્ધ હૃદયનો વ્યાપાર છે.

બીજા બે વ્યાપારો છે. વિવેચના અને શિક્ષણ આ બન્નેમાં બુદ્ધિ, વિશ્લેષણ છણાવટની પ્રવેશ થાય છે. આ પૃથ્થકરણ વ્યાપાર છે. વિવેચન જે કાવ્યના આનંદનો બૌદ્ધિક આલેખ છે, નકશો છે, વિવેચન અને શિક્ષણ ભાવનનો વિસ્તાર છે ભાવન નહી તો વિવેચન શિક્ષણ નહિ. શિક્ષક કાવ્યના ભાવનથી મસ્ત થયો હોય, તૃપ્ત થયો હોય તો જ એ વિદ્યાર્થીને ભાવન માટે પ્રેરિત કરી શકે.

### 1.11.1 રસાસ્વાદ પદ્ધતિના ફાયદા

1. વિદ્યાર્થીઓ કાવ્યનો નિજાનંદ માણી શકે છે.
2. કવિના હૃદયના ભાવની અનુભૂતિ કરી શકે છે.
3. વિદ્યાર્થીઓ કાવ્યનો આસ્વાદ માણી શકે છે.
4. વિદ્યાર્થીઓને કંટાળો આવતો નથી.
5. કાવ્ય શિક્ષણ અસરકારક અને રસપ્રદ નીવડે છે.
6. વિદ્યાર્થીઓ કાવ્યની સુંદરતાને માણી શકે છે.
7. કાવ્ય શીખવા શીખવવાનો હેતુ મુખ્યત્વે રસ અને આનંદની પ્રાપ્તિનો છે.

### 1.11.2 રસાસ્વાદ પદ્ધતિની મર્યાદાઓ

1. શિક્ષક બધાંજ કાવ્યો આ પદ્ધતિથી શીખવી શકાતા નથી.
2. શિક્ષકે સ્વયં પ્રથમ કાવ્યનો આસ્વાદ માણ્યો હોય તો જ તે વિદ્યાર્થીઓને આસ્વાદ કરાવી શકે.
3. વધુ પડતું કથન કરવામાં આવે તો કંટાળાજનક બને છે.
4. શિક્ષકે જો કાવ્યના હાર્દને સમજી શક્યો હોય તો વિદ્યાર્થીઓને કાવ્યના હાર્દને પહોચાડી શકે અને યોગ્ય ન્યાય આપી શકે છે.

### 1.11.3 ઉપસંહાર

કાવ્યશિક્ષણ એ આત્મલક્ષી છે એનો આધાર વ્યક્તિના અનુભવ અને સંવેદન ઉપર રહેલો છે. કાવ્ય શિક્ષણની રીત આનંદલક્ષી હોવી જોઈએ. જેમાં શીખનારની સમજ આનંદ સાથે ખીલે, કવિતાનું કેન્દ્ર આમ તો રસ અને ધ્વની છે. એટલે કવિતાનો પ્રકાર એનું સ્વરૂપ કોઈપણ હોય છતાં એમાંથી નિષ્પન્ન થતો આસ્વાદ અને આનંદ કાવ્ય શિક્ષણની સફળતા કહી શકાય.

પધશિક્ષણને રસપ્રદ બનાવવા માટે અર્થબોધ પદ્ધતિ અને રસાસ્વાદ પદ્ધતિ બંને ઉત્તમ છે. શિક્ષક પોતાની આગવી સૂઝબૂઝ અને ક્ષમતા મુજબ તેનો ઉપયોગ કરીને સફળ પધશિક્ષણ કરી શકે છે.

**1.11.4 સ્વાધ્યાય**

**પ્રશ્ન ૧– નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.**

૧. 'રાનમાં' કાવ્ય શીખવવા માટે કઈ પદ્ધતિ અસરકારક બનશે?

A.વ્યાખ્યાન B.રસાસ્વાદ C.અર્થગ્રહણ D.ગીત–અભિનય

૨. 'કવિતાને પામવા માટે આપણે વળી વળીને કવિતા પાસે જવું પડશે !'

આ વિધાન કોનું છે ?

A.ઉમાશંકર જોષી B.આણંદશંકર ધ્રુવ C.રામનારાયણ વિ પાઠક D.સુન્દરમ

૩. 'કવિતા એ કાનની કલા છે ' આ વિધાન ક્યા કવિનું છે ?

A.ઉમાશંકર જોષી B.નરસિહ મહેતા C.રાજેન્દ્ર શાહ D.નિરંજન ભગત.

૪. કવિતાનું મુખ્ય કેન્દ્ર કયું છે ?

A.શબ્દ અને વિચાર B.રસ અને ધ્વની C.પ્રસંગ અને લય D.સૂર અને તાલ

૫. નીચેનામાંથી કઈ પદ્ધતિ પધશિક્ષણ માટે શ્રેષ્ઠ કહી શકાય?

A.ગીત–અભિનય પદ્ધતિ B.વ્યાખ્યાન પદ્ધતિ

C.રસાસ્વાદ પદ્ધતિ D.સ્વાધ્યાય પદ્ધતિ

**પ્રશ્ન –૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો**

૧. પધ શિક્ષણની પદ્ધતિઓ જણાવો.

૨. 'કાવ્ય એ કાનની કલા છે ' આ વિધાનને સમજાવો.

૩. રસાસ્વાદ પદ્ધતિના ફાયદા જણાવો.

૪. અર્થબોધ પદ્ધતિ અને રસાસ્વાદ પદ્ધતિમાં શો તફાવત છે ?

૫. રસાસ્વાદ પદ્ધતિની લાક્ષણિકતાઓ જણાવો.

૬. 'અર્થઘટન પદ્ધતિ' માં વિદ્યાર્થીઓએ શું મેળવ્યું છે ? શું શીખ્યાં છે ? તે જાણી શકાય છે આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્ન –3 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.**

1. ધોરણ –૭ ના કોઇપણ એક કાવ્યને 'રસાસ્વાદ પદ્ધતિ' થી કેવી રીતે શીખવશો તેની નોંધ કરો.
2. ધોરણ –૬ ના કોઇપણ પધને અર્થઘટન પદ્ધતિથી શીખવવું છે; તેની નોંધ તૈયાર કરો.
3. ધોરણ –૮ 'ધૂળિયેમારગ' કાવ્યનો રસાસ્વાદ કરાવતી વખતે કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખશો?

**1.12. સંદર્ભ સાહિત્ય :**


1. ગુજરાતી અધ્યાપનનું પરિશીલન –(બી.એસ.શાહ પ્રકાશન)  ડૉ મોતીભાઈ પટેલ અને ડૉ ચંદ્રકાંત ભોગાયત
2. વિષય શિક્ષણ પદ્ધતિઓ – શ્રી સન્મુખ લાલ સોની (અનડા પ્રકાશન)
3. ગુજરાતીનું પાઠ્યપુસ્તક ધો 6 થી 8 – ગુજરાત રાજ્ય શાળા.પા.પુ.મંડળ
4. ગુજરાતી ભાષા શિક્ષણ દ્વિતીય વર્ષ – ગુ.રા.શા.પા.પુ.મંડળ
5. માતૃભાષા લેખન કૌશલ્ય અને શિક્ષણ – ડૉ યોગેન્દ્ર વ્યાસ ગુ.સા.પરિષદ
6. ગદ્યશિક્ષણ – ચંદ્કાંત જોશી, ગૂર્જર પ્રકાશન,અમદાવાદ
7. ગદ્યની વિવિધ તરાહો – સુધા ચિંતન ભટ્ટ–ગૂર્જર પ્રકાશન, અમદાવાદ

# એકમ – 2
# માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ અને વિકાસાત્મક આવર્તન
# ( ધો. 6 થી 8)

**2.1 પ્રસ્તાવના**

**2.2 ઉદ્દેશો**

**2.3 અધ્યયન નિષ્પત્તિ**

**2.4 માતૃભાષા અભ્યાસક્રમનું સ્વરૂપ**

2.4.1 હેતુઓનું વિકાસાત્મક આવર્તન

2.4.2 હેતુઓના વિકાસાત્મક આવર્તનની પ્રવૃત્તિઓ

2.4.3 પ્રાવીણ્યથી પારંગતતા

**2.5 એકમનો સારાંશ**

**2.6 કસોટી**

**2.7 સ્વાધ્યાય**

**2.8 પ્રાયોગિક કાર્ય**

**2.9 સંદર્ભસાહિત્ય**

# એકમ – 2
# માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ અને વિકાસાત્મક આવર્તન
# ( ધો. 6 થી 8)

**2.1 પ્રસ્તાવના**

પ્રથમ વર્ષ ડી.એલ.એડ્ના અભ્યાસક્રમમાં ગુજરાતી ભાષાના અભ્યાસક્રમના સ્વરૂપને આપ શીખી ગયા છો. અધ્યયનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે; એટલે પ્રથમ વર્ષના અભ્યાસક્રમનો અનુબંધ જાળવી  બીજા વર્ષના તાલીમાર્થીઓ ગુજરાતી ભાષામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરે એ બહુ જ મહત્ત્વનું  છે.

ભાષાના હેતુઓ અનુક્રમે અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન છે. પ્રથમ વર્ષમાં ધોરણ 1 થી 5 સુધી આ હેતુઓના વિકાસાત્મક આવર્તનને શીખી ગયા, હવે ધોરણ 6 થી 8ના હેતુઓનું વિકાસાત્મક આવર્તન આ પ્રકરણમાં જોઈશું.

પ્રથમવર્ષમાં ધોરણ 1 થી 5 સુધીના ભાષા શિક્ષણના અભ્યાસક્રમના સ્વરુપથી ધોરણ 6 થી 8 ભાષાશિક્ષણના અભ્યાસક્રમનું  સ્વરૂપ જૂદું  પડે છે. બાળકોમાં શારીરિક અને માનસિક વિકાસ થતાં તેમના  અર્થગ્રહણ શક્તિ, અભિવ્યક્તિ અને પ્રત્યાયન કૌશલ્ય, સમજશક્તિ, જીજ્ઞાસા જેવા ગુણોનો ક્રમિક વિકાસ થાય છે. આ બાબતોને ધ્યાનમાં રાખી પાઠ્યપુસ્તકમાં આપેલ સામગ્રી ઉપરાંત તેને અનુરૂપ પૂરક સાહિત્ય સામગ્રી, શૈક્ષણિક સાધન સામગ્રી અને પ્રસારણ માધ્યમોનો ઉપયોગ કરી તેમનામાં ભાષાકૌશલ્યો વિકસાવી શકાય છે.

**2.2 ઉદ્દેશો.**

ગુજરાતી – ધોરણ 6  થી 8

(1) અભ્યાસક્રમના સ્વરૂપ અને મહત્ત્વને  સમજે.
(2) અભ્યાસક્રમના હેતુઓના વિકાસાત્મક આવર્તનને  જાણે.
(3) અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા સંદર્ભમાં પારંગતતા પ્રાપ્ત કરે.
(4) ગુજરાતી ભાષા શિક્ષણમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરે.
(5) ગુજરાતી વિષયના  હેતુઓ જાણે.
(6) હેતુઓના અર્થ અને ક્રમિકતાને સમજે.
(7) અભ્યાસક્રમના હેતુઓના વિકાસાત્મક આવર્તનની ઉપયોગિતાને સમજે.
(8) માતૃભાષા શિક્ષણની વિકાસયાત્રા સમજે.

**2.3 અધ્યયન નિષ્પત્તિઓ**

ગુજરાતી– ધોરણ 6 થી 8

(1) અભ્યાસક્રમના સ્વરૂપ અને મહત્ત્વને સમજશે .

(2) અભ્યાસક્રમના હેતુઓના વિકાસાત્મક આવર્તનને જાણશે .

(3) અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા સંદર્ભે પારંગતતા પ્રાપ્ત કરશે .

(4) ગુજરાતી ભાષા શિક્ષણમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરશે .

(5) ગુજરાતી વિષયના હેતુઓને સમજશે.

(6) હેતુઓના અર્થ અને ક્રમિકતાને સમજશે..

(7) અભ્યાસક્રમના હેતુઓના વિકાસાત્મક આવર્તનની ઉપયોગિતાને જાણશે.

(8) માતૃભાષા શિક્ષણની વિકાસયાત્રા સમજે.

**2.4 માતૃભાષા અભ્યાસક્રમનું સ્વરૂપ**

ડી.એલ.એડ્.ના પ્રથમવર્ષમાં ધોરણ 1 થી 5 સુધીના ગુજરાતી ભાષાના અભ્યાસક્રમ, તેના હેતુઓ અને હેતુઓનું વિકાસાત્મક આવર્તન શીખી ગયા. બીજા વર્ષમાં ધોરણ 6 થી 8 ના માતૃભાષા અભ્યાસક્રમના સ્વરૂપનો ક્રમિક વિકાસ થતો જાય છે. ધોરણ 1 થી 5 સુધીનાં બાળકોમાં કુમારાવસ્થાનાં લક્ષણો જોવા મળે છે. એટલે આ ધોરણોના અભ્યાસક્રમનું સ્વરૂપ કુમારાવસ્થાને ધ્યાનમાં લઈને ઘડવામાં આવે એ સ્વાભાવિક છે. જ્યારે ધોરણ 6 થી 8માં આવતાં બાળકોનો શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસ થયેલો હોય છે, વળી આ બાળકો કુમારાવસ્થામાંથી કિશોરાવસ્થાના ઉંબરે ઉભાં હોય ત્યારે તેમનામાં આસપાસના વાતાવરણ, કુટુંબ–પરિવાર, મિત્રો, શોખ, ગમા–અણગમા જેવા કેટલાય ઘટકો તેના વિકાસમાં મદદરૂપ કે અવરોધરૂપ બનતા હોય એ સ્વાભાવિક છે. કુમારાવસ્થામાં બાળકોમાં વતનપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, ભાઈચારો અને મહાપુરુષોના જીવનચરિત્રોમાં આદર્શો શોધવા મથે છે. જ્યારે એ જ બાળક મોટું થઈ ધોરણ 6 થી ધો 8 માં આવે ત્યારે પોતાની જાત પ્રત્યે વધારે ગંભીર બને છે. સ્વકેન્દ્રી બનતા જાય છે, તેનામાં એકાંતપ્રિયતા, નેતૃત્વ, ભાંગ–ફોડિયાવૃત્તિ, વિજાતીય પાત્રો તરફ આકર્ષણ, જીજ્ઞાસાવૃત્તિ જેવા ગુણો જોવા મળે છે. છે. વધતી ઉંમરની સાથે બદલાવ આવતો હોય છે.

ઉપર મુજબના મનો–શારીરિક ફેરફારોને ધ્યાને રાખી પાઠ્યપુસ્તકોના વિષયોમાં અપાતી વિષય વસ્તુરૂપી સામગ્રી એને અનુરૂપ બનાવવા પ્રયત્ન થાય છે.

આ બાળકો સાથે સંવેદનશીલ બની વિશ્વાસ કેળવી ( handel with care ) શિક્ષકોએ કામ લેવાનું હોય છે. ધોરણ 6 થી 8 ના મનોજગતને અનુરૂપ અભ્યાસક્રમમાં કાવ્યો, વાર્તા, પાઠ, એકાંકી, નાટ્યઅંશો, પ્રવાસવર્ણન, જીવનચરિત્ર લેખો જેવા વિષયોને પસંદ કરવામાં આવે છે. આ ઉંમરનાં બાળકોમાં સાહસ કથાઓ અને વીરરસને પૂરક વિષય પરની કવિતાઓ ગમે છે. આ

ગુણોને ઓળખી તેના ઉદ્વિકરણ માટે નેતૃત્વ, કાવ્ય પાદ્પૂર્તિ અને કલા શિક્ષણમાં રસ લેતા કરવા જોઇએ. આ બાળકોને વીરરસને પૂરક કાવ્યો, સાહસકથાઓ ગમે છે.

### 2.4.1 હેતુઓનું વિકાસાત્મક આવર્તન

માતૃભાષાના પ્રવર્તમાન અભ્યાસક્રમના મુખ્ય પાંચ હેતુઓ નીચે મુજબ છે.

(1) અર્થગ્રહણ
(2) અભિવ્યક્તિ અને પ્રત્યાયન
(3) સર્જનાત્મકતા
(4) વ્યાવહારિક ઉપયોજન
(5) તાર્કિક ચિંતન

- ❖ **માતૃભાષાશિક્ષણના હેતુઓ....**

1. **અર્થગ્રહણ** – શ્રવણ અને વાચન દ્વારા અર્થગ્રહણ થાય છે. "બાળક સાંભળીને, વાંચીને કે (ક્યારેક જોઇને) અનુભૂતિ દ્વારા જે સમજે છે તે અર્થગ્રહણ."

અર્થગ્રહણ ભાષાશિક્ષણનો પ્રથમ અને મહત્ત્વનો હેતુ છે. ભાષા શીખવાના મહાવરામાં શ્રવણ અને વાચન એટલે કે સાંભળીને, વાંચીને (ક્યારેક જોઇને) તેના દ્વારા બાળકની લાગણીઓ, ભાવો, સંવેદનાઓ, વિચાર કે માન્યતાઓની સ્પષ્ટતા થાય છે. આ સમજ કે સ્પષ્ટતા એટલે અર્થગ્રહણ.

સમજપૂર્વકના શ્રવણ અને વાચનને અર્થગ્રહણ કહે છે. અર્થગ્રહણ એ તેના પછીના હેતુઓ અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન જેવા હેતુઓનો પાયો છે. અર્થગ્રહણ વિના બીજા હેતુઓ સિદ્ધ કરવા મુશ્કેલ છે.

2. **અભિવ્યક્તિ અને પ્રત્યાયન** – બાળકે શ્રવણ અને વાચન દ્વારા અર્થગ્રહણ કરેલી બાબતો ને વ્યક્ત કરવા અભિવ્યક્તિ અને પ્રત્યાયન જરૂરી છે.

"અર્થગ્રહણ થયેલા વિચારો, ભાવો, સંવેદનાઓ, અનુભવો અને જરૂરીયાતોને મૌખિક, લેખિત કે સાંકેતિક રીતે વ્યક્ત કરવામાં આવે તેને અભિવ્યક્તિ કહે છે."

" કથન અને લેખન ( ક્યારેક સંકેતો) દ્વારા વ્યક્ત થતી બાબતો ને અભિવ્યક્તિ કહે છે."

બાળકના મનમાં ઉદ્ભવતા ભવતા વિચારો, પ્રશ્નો, સંવેદનાઓ, માન્યતાઓ, મંતવ્યો કે કુતૂહલ અન્ય વ્યક્તિ સમજી શકે તે રીતે બોલીને, લખીને (ક્યારેક સંકેત દ્વારા) વ્યક્ત કરવાની કુશળતા તેનો મુખ્ય ઉદ્દેશ છે.

“ એક વ્યક્તિ કે વ્યક્તિ સમૂહો દ્વારા વ્યક્ત થતા મૌખિક કે લેખિત ( ક્યારેક સાંકેતિક) ભાવો બીજી વ્યક્તિ કે વ્યક્તિ સમૂહો સુધી પહોંચાડવા એટલે પ્રત્યાયન.”

“ પ્રત્યાયન એ વિચારોના આદાન–પ્રદાનની પ્રક્રિયા છે.” શિક્ષણ અને સમાજ જીવનમાં પ્રત્યાયન દ્વારા અભિવ્યક્તિને વિકસાવવાનું કામ કરે છે.

**3. સર્જનાત્મકતા –**

“ સર્જનાત્મકતા એ અભિવ્યક્તિનું એક વિશિષ્ટ સ્વરૂપ છે.નવું નિર્માણ કરવું એટલે સર્જનાત્મકતા.”

“ પોતાની પાસેની ઉપલબ્ધ સામગ્રીને એટલે કે પોતે જાણતા હોય તેવાં શબ્દો, પદો અને વાક્યોને અવનવી રીતે ગોઠવે, પ્રયોજે અને તેમાંથી કોઇ નવો ચમત્કૃતિપૂર્ણ અર્થ થાય તેવું ઇચ્છે એને ભાષામાં સર્જનાત્મકતા કહેવાય.”

દા. ત.: ‘આંખથી જોવાય.’ ને બદલે ‘જેનાથી જોવાય તે આંખ.’

અર્થગ્રહણથી પ્રાપ્ત થયેલ જ્ઞાન કે સમજ કંઇક ભાવો, સંવેદનાઓ, ઉર્મિઓને વ્યક્તિ કાલ્પનિક સ્વરૂપે કલાત્મક રીતે વ્યક્ત કરે તે સર્જનાત્મકતા. દરેક વ્યક્તિને થોડે–ઘણે અંશે વસ્તુ, વિચાર કે પદાર્થને કલાત્મક રીતે રજૂ કરવાની શક્તિ ઈશ્વર તરફથી મળેલું વરદાન છે.

ભાષામાં સર્જનાત્મકતા એટલે ભાષાના કલાત્મક ઉપયોગ દ્વારા પોતાના ભાવો, સંવેદનાઓને મૌલિક રીતે અભિવ્યક્ત કરવી. સાહિત્યકારનું કાવ્ય કે વાર્તા સર્જન એ ભાષા સર્જનાત્મકતાનું ઉત્તમ ઉદાહરણ છે. એનો અર્થ દરેક બાળકને કવિ કે લેખક બનાવી દેવો એવો નથી, પરંતુ બાળક ભાષા સાહિત્યમાં રહેલા અર્થને સમજી શકે અને એના આનંદને માણી શકે એ ભાષાશિક્ષણનો મુખ્ય હેતુ છે. બાળક પોતાની વય–કક્ષાને અનુરૂપ પાઠ્યપુસ્તકમાં આવતા ગદ્ય–પદ્ય સ્વરૂપોનો આસ્વાદ માણી માતૃભાષાના વૈભવ અને વારસાને સમજે, જાણે અને તેનું ગૌરવ પ્રાપ્ત કરી શકે છે.

**4. વ્યાવહારિક ઉપયોજન**

વ્યક્તિએ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી મેળવેલ જ્ઞાન, માહિતી, સમજ અને અનુભવનો વ્યવહારમાં ઉપયોગ એની સાચી ફલશ્રુતિ છે. પ્રવર્તમાન અભ્યાસક્રમમાં બાળકોએ મેળવેલ જ્ઞાન અને સમજનો વ્યવહારમાં, રોજ–બ–રોજના સમાજજીવનમાં ઉપયોગ થાય એ ભાષાશિક્ષણના સંદર્ભમાં વ્યાવહારિક ઉપયોજન કહેવામાં આવે છે.

પૂજ્ય રવિશંકર મહારાજ શાળામાં ભણતા ત્યારે પડોશમાં રહેતાં ડોશીમાને પોસ્ટકાર્ડ લખી આપતા આ એમના પ્રાથમિક શિક્ષણનો વ્યાવહારિક ઉપયોજનનો હેતુ પાર પડ્યો તેનું દૃષ્ટાંત છે. મેળવેલા અનુભવોનું જીવનમાં વ્યાવહારિક ઉપયોજન થાય એ જરુરી છે. ગામમાં ગંદકીના ઢગલા થયા હોય અને આપણે ગ્રામપંચાયત, નગરપાલિકા, કે મ્યુનિસિપાલિટીના આરોગ્ય વિભાગને

અરજી લખી જાણ કરીએ એ આપણા જ્ઞાનનું વ્યાવહારિક ઉપયોજન થયું. આપણા જ્ઞાન, સમજ અને અનુભવોનું અન્ય વ્યક્તિ કે સમાજ માટે વ્યાવહારિક ઉપયોજન ન થાય તો એ જ્ઞાન પ્રાપ્તિનો શો અર્થ ? પ્રાપ્ત કરેલ ભાષાકૌશલ્યો, શબ્દભંડોળનો ઉચિત ઉપયોગ કરવો એટલે ભાષા શિક્ષણનું વ્યાવહારિક ઉપયોજન થયું કહેવાય તો જ તેનો હેતુ સિદ્ધ થયો ગણાય.

**5. તાર્કિક ચિંતન**

વ્યક્તિએ મેળવેલ જ્ઞાન, સમજ અને શૈક્ષણિક અનુભવોને આધારે કોઈપણ ઘટના કે પ્રસંગના સંદર્ભમાં એના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો, સમસ્યાઓ, કે શંકાઓનું ઘટના કે પ્રસંગ અંગે કાર્યકારણ સંબંધ શોધી ચિંતન કરી પોતાના મનમાં ઉદભવતા પ્રશ્નો, સમસ્યા કે શંકાઓનું નિરાકરણ લાવવા મથામણ કરે છે. આ અંગે તર્કબધ્ધ અનુમાનો કરવાં એટલે તાર્કિક ચિંતન.

તાર્કિક ચિંતન વ્યક્તિની બુદ્ધિકક્ષા અને વય–કક્ષાને અનુરુપ વૈજ્ઞાનિક અભિગમ આધારિત હોય એ જરુરી છે. તાર્કિક ચિંતન વ્યક્તિના ભાષા કૌશલ્યો અને તેની બૌધ્ધિક ક્ષમતાઓને બરોબર કસે છે. તેનામાં ઉદ્ધભવતા પ્રશ્નો, જિજ્ઞાસા, કૂતુહલ, કલ્પના, ધારણા અને મંતવ્યોનું પ્રગટીકરણ તાર્કિક ચિંતનને આધારે થાય છે. પોતાની પાસે પ્રાપ્ય માહિતીનું પૃથકકરણ અને તુલના કરી મેળવેલ અનુભવોને આધારે અનુભૂતિમાં ફેરવે છે. આ અનુભૂતિનો પાયો તાર્કિક ચિંતન પર આધારિત છે.

**ઉ.દા.– પદાર્થ પાણીમાં તરે છે.**

આ સમજવા બરફનો ટુકડો પાણીમાં તરે છે, પણ એ ટુકડો ઓગળી જતાં પાણી બની જાય છે. એ રીતે તેલનું ટીપું પાણીથી અલગ તરે છે. એ વાત પ્રયોગ દ્વારા કે તાર્કિક ચિંતનથી સમજાય છે.

**6. વિકાસાત્મક આવર્તન :**


અર્થ : સાર્થ જોડણી કોશમાં આવર્તન એટલે “ એક જ પ્રક્રિયા વારંવાર ફરી ફરીને કરવી તે.” “ એકની એક પ્રક્રિયા વારંવાર કરવી કે થવી.”

માતૃભાષાના અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન આ પાંચ મુખ્ય હેતુઓ ધોરણ 6 થી ધોરણ 8 માં આવર્તન પામે છે.

હેતુઓના વિકાસાત્મક આવર્તનને સમજવા કોઇ કારખાના કે યંત્રમાં વપરાતી સ્પ્રિંગ તો તમે જોઇ હશે, પરંતુ આ સ્પ્રિંગનો આકાર જરાક જુદો છે.આપેલ આકૃતિમાં તમે જોશો તો સમજાશે કે આ સ્પ્રિંગ એક છેડેથી સાંકડી છે. તેનું પ્રથમ વર્તુળ નાનું છે. આગળ વધતાં ક્રમશ: એક પછી એક વર્તુળ મોટાં થતાં જાય છે.

સૌથી નાના વર્તુળના પાયા પર એ પછીનું વર્તુળ, એના પછી બીજું, ત્રીજું એમ ક્રમશ: વિકસતું જાય છે. ઉપરના દરેક વર્તુળનો આધાર સૌથી નાનું અને પાયાનું વર્તુળ છે. તેવી જ રીતે

હેતુઓના વિકાસનું આવર્તન આ સ્પ્રિંગ જેવું જ છે. દરેક હેતુ આવર્તન એકબીજા ઉપર આધારિત અને સંકળાયેલ છે. તેનો ક્રમશ: વિકાસ થાય છે.




**હેતુઓના વિકાસાત્મક આવર્તનની આકૃતિ**

દરેક ધોરણમાં આવતા હેતુઓ અનુસાર હેતુ વિધાન નક્કી કરવામાં આવ્યા છે. અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં આ હેતુ વિધાનો સિધ્ધ કરવાના હોય છે. જેને આપણે અભ્યાસક્રમની નિષ્પત્તિ કહીએ

ધોરણ 6 થી 8ના માતૃભાષાના હેતુઓનું વિકાસાત્મક આવર્તન કોઠામાં જોતાં જણાશે કે અર્થગ્રહણમાં ધોરણ 6 માં વાર્તાઓ, કાવ્યો, વર્ણનો, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળે, વાંચે અને સમજે. ધોરણ 7 માં આવતાં બાળક વાર્તાઓ, કાવ્યો, વક્તવ્યો, સંવાદો, નાટકો, પ્રસંગો સાંભળે તથા મુખવાચન– મૂકવાચન કરે અને સમજે.ધોરણ 8ને અંતે વિવિધ સાહિત્ય સ્વરૂપો સાંભળે. આમ એના અર્થગ્રહણમાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે.

અર્થગ્રહણ હેતુમાં શબ્દભંડોળના વિકાસને જોઇએ તો ધોરણ 6 માં આશરે 3000 જેટલા શબ્દો શીખે છે એ ધોરણ 7 માં 4000 અને ધોરણ 8 ને અંતે 5000 જેટલા શબ્દોનું ભંડોળ એની પાસે હોય છે.

### 2.4.2 હેતુઓના વિકાસાત્મક આવર્તનની પ્રવૃત્તિઓ

**અર્થગ્રહણ માટેની પ્રવૃત્તિઓ**

| ક્રમ | હેતુઓ | ધોરણ –6 | ધોરણ –7 | ધોરણ –8 |
|---|---|---|---|---|
| 1 | અર્થગ્રહણ | વાર્તાઓ,કાવ્યો, વર્ણનો,નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળે, વાંચે અને સમજે. | વાર્તાઓ, કાવ્યો, વક્તવ્યો, સંવાદો, નાટકો, પ્રસંગો સાંભળે તથા મુખવાચન– મૂકવાચન કરે અને સમજે. | વિવિધ સાહિત્યસ્વરૂપો સાંભળે. |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | અભિવ્યક્તિ અને પ્રત્યાયન | હાવભાવ સાથે ખચકાયા વિના બોલે. | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં યોગ્ય હાવભાવ સાથે સાહજિકતાથી બોલે. | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાંવર્ણન અને વિશ્લેષણ કરે. |
| 3 | સર્જનાત્મક્તા | ચિત્રવર્ણન કરે અને લખે. | વિશેષ વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત કરી સંવાદ લેખન કરે. | ચિત્રવર્ણન કરે અને લખે. |
| 4 | વ્યાવહારિક ઉપયોજન | રૂબરૂ મુલાકાત વખતે પ્રશ્નોતરી કરે. | પ્રતિષ્ઠિત વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત દ્વારા મેળવેલી માહિતીનો વિવિધ રીતે ઉપયોગ કરે. | કમ્પ્યૂટર પરથી પોતાને જરૂરી વિગતો શોધીને નોંધ કરે. |
| 5 | તાર્કિક ચિંતન | ચિત્રોને આધારે વાર્તાકથન કરે. | સારી– નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લે. | સારી– નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લઈ શકે. |

- પ્રાર્થના સભાના કાર્યક્રમો
- કાવ્યપઠન–ગાન સ્પર્ધાઓ
- રાષ્ટ્રિય તહેવારોની ઉજવણી પ્રસંગે દેશભક્તિ ગીતોની સ્પર્ધા
- વિવિધ તહેવારોની ઉજવણી
- ઋતુ ગીતો
- વાર્તા કથન / વાર્તાવાચન / ચિત્રવાર્તા કથન
- કાવ્યો–ગીતોનું ઓડિયો કેસેટ્સ્ દ્વારા લય– તાલબધ્ધ શ્રવણ
- શ્રુત લેખન, અનુલેખન, સુલેખન સ્પર્ધા
- કાવ્ય સમીક્ષા / ગદ્યાર્થગ્રહણ

**અભિવ્યક્તિ અને પ્રત્યાયન માટેની પ્રવૃત્તિઓ**

- કાવ્ય પઠન – ગાન
- પાઠનું ભાવવાહી વાચન
- નાટ્ય અંશોના સંવાદો
- પાઠ્ય એકમનું નાટ્યીકરણ અને તેની રજુઆત

- વેશભૂષા– એકપાત્રિય અભિનય
- સમાચારપત્રો, સામયિકોના પ્રસંગોચિત લેખોનું વાચન
- મહાપુરુષોના જન્મદિન, નિર્વાણદિનની ઉજવણી
- સાહિત્યકારોની મુલાકાત, તેમના જન્મદિન કે પુણ્યતિથીની ઉજવણી
- અભિનયગીત સ્પર્ધાઓ
- પરિચિત સ્થળો, પ્રસંગો, સંમેલનોનું વર્ણન – લેખન
- સાચી જોડણી, જોડણી કોશના ઉપયોગ –શબ્દશોધ રમત

**સર્જનાત્મકતા માટેની પ્રવૃત્તિઓ –**

- નિબંધલેખન / કથન
- મુદ્દા પરથી વાર્તા લેખન – કથન
- પ્રસંગવર્ણન / વ્યક્તિવિશેષ વર્ણન –કથન
- જોડકણાં ગાન–રચના
- લેખન સ્પર્ધા
- રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દ રમત
- કહેવતો આધારિત વાર્તા કથન
- કહેવતો,રૂઢિપ્રયોગોના અર્થ આપો રમત
- વાક્ય રચના, યોગ્ય શબ્દ પસંદકરી વાક્યને અસરકારક બનાવો
- ચિત્રવર્ણન, પ્રવાસવર્ણન
- સંવાદ લેખન
- શીઘ્ર કાવ્ય /વક્તૃત્વ સ્પર્ધા / કાવ્ય પાદ્પૂર્તિ

**વ્યાવહારિક ઉપયોજન માટેની પ્રવૃત્તિઓ** –

- પત્ર લેખન / અહેવાલ લેખન
- દિન મહિમા
- યોગ્ય વાક્યરચના – વિરામચિહ્નો મૂકોની રમત
- પ્રાદેશિક બોલીના અર્થ અને માન્યભાષા વચ્ચેનો તફાવત
- રૂઢિપ્રયોગો અને કહેવતોનો વાતચીતમાં ઉપયોગ
- લિંગ –વચન પરિવર્તન
- પુસ્તક પરિચય / પુસ્તક સમીક્ષા
- શબ્દકોશ માંથી શબ્દ શોધો

**તાર્કિક ચિંતન માટેની પ્રવૃત્તિઓ –**

- સમસ્યા ઉકેલ ( અપરિચિત પરિસ્થિતિમાં તમે શું કરશો ? )
- અધૂરી વાર્તા, ઘટના, પ્રસંગ પૂર્ણ કરો
- શબ્દ, વાક્યોના ભેદ પારખો
- પ્રશ્નોત્તરી
- આપેલ ગદ્યખંડ વાંચી કાર્યકારણ સંબંધો તારવો
- અનુભવો અને પ્રયોગ આધારિત તાર્કિક ચર્ચા
- રૂઢિઓ, માન્યતાઓ, પ્રણાલીઓ વિશે તાર્કિક ચર્ચા કરો
- ઘટના–પ્રસંગોના કારણો અંગે અનુમાન કરો
- વ્રતો, કથાઓ, ઉત્સવોની ઉજવણી પાછળના હેતુઓની જાણકારી મેળવો

આ ઉપરાંત શિક્ષક પોતાની અનુકૂળતા મુજબ અન્ય પ્રવૃત્તિઓ યોજી શકે.

**2.4.3 પ્રાવીણ્ય થી પારંગતતા**

" પ્રાવીણ્ય એ પ્રક્રિયા છે, પારંગતતા ફલશ્રુતિ ( નિષ્પત્તિ ) છે."

પારંગતતા એટલે કોઈપણ વિષયમાં પૂરેપુરી માહિતીવાળું, માહિતગાર અથવા અધ્યયનમાં પાર ઉતરેલું. અહીં વિદ્યાર્થી ભાષાશિક્ષણના કૌશલ્યોમાં પારંગત થાય એટલે કે કૌશલ્યોથી પૂરેપૂરો માહિતગાર થાય.આ પારંગતતાને લીધે અધ્યયનમાં પાર ઉતરે. પારંગતતામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરે.ભાષાના દરેક હેતુઓના સંદર્ભે જે હેતુ છે,તે તમામ હેતુ વિધાનોને પૂરેપુરા સમજી અધ્યયન કાર્યમાં પાર ઉતરે એ કક્ષાએ કૌશલ્યો કે હેતુઓને સમજે. અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન જેવા હેતુઓના વિવિધ ભાષા કૌશલ્યોમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરે.

લેખિત કે મૌખિક રજૂઆતમાં  આપણને ભાષાકૌશલ્યમાં મેળવેલ પ્રાવીણ્યની ઝલક જોવા મળે છે.

શિક્ષિત વ્યક્તિની રજૂઆતમાં વિવેક અને વિનમ્રતા ભળે છે વળી એની વાકછટાઅને રજૂઆતની શૈલીમાં જ એના શબ્દભંડોળ અને ભાષા કૌશલ્યોની પારંગતતા, મૌલિક્તાનો પરિચય થાય છે. ભાષાનાં વિવિધ કૌશલ્યો સિદ્ધ થયેલ હોય છે.

વર્ગખંડમાં કે જાહેર જીવનમાં કોઈ પ્રશ્નની રજુઆત શિક્ષક પાસે કે કોઈ અધિકારી સમક્ષ રજૂ કરવાની હોય ત્યારે સમગ્ર વર્ગ કે જૂથ એ એમ જ ઈચ્છે કે, આ રજૂઆત ,વાત અમુક વ્યક્તિ જ રજૂ કરે. કેમકે એ વ્યક્તિ પાસે રજૂઆતની કલા હોય છે.સામેની વ્યક્તિને પોતાની વાત સમજાવવા એમની પાસેનું ભાષાજ્ઞાન ઉપયોગી બનતું હોય છે.  આમ, પ્રાવીણ્યથી પારંગતતા તરફ આગળ વધવાનું છે.

## 2.5 સારાંશ

ડી.એલ.એડ્. બીજા વર્ષના પ્રવર્તમાન અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓ તેના સ્વરુપથી માહિતગાર થાય તથા ધોરણ 6 થી 8 ના ગુજરાતી વિષયના હેતુઓ જાણે, સમજે અને હેતુઓના આધારે બાળકોને અધ્યયન અનુભવો પૂરા પાડવા. હેતુઓના ધોરણ પ્રમાણે વિકાસ પામતા આવર્તનને સમજે, તથા આ હેતુઓમાં પ્રાવીણ્ય મેળવી તાલીમાર્થી ગુજરાતી ભાષા શિક્ષણના વર્ગ શિક્ષણકાર્યમાં ધોરણ 6 થી 8 માં આવર્તન પામતા હેતુઓને આધારે વર્ગખંડમાં કેટલીક પ્રવૃત્તિઓ કરાવી ગુજરાતી ભાષાશિક્ષણમાં પ્રાવીણ્ય મેળવે અને તેનું પ્રાવીણ્ય પારંગતતાની કક્ષાએ પહોંચે છે.

## 2.6 કસોટી / સમજ ચકાસતા પ્રશ્નો

**પ્રશ્ન 1 નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) માતૃભાષા શિક્ષણના હેતુઓ જણાવો .
(2) અર્થગ્રહણમાં ક્યાં બે કૌશલ્યોનો સમાવેશ થાય છે ?
(3) અભિવ્યક્તિ ક્યા બે કૌશલ્યો દ્વારા થાય છે ?
(4) સર્જનાત્મકતા એટલે શું ?
(5) અભિવ્યક્તિ એટલે શું ?
(6) પ્રત્યાયન કોને કહે છે ?
(7) વ્યાવહારિક ઉપયોજન એટલે શું ?
(8) તાર્કિક ચિંતન કોને કહેવાય?
(9) ધોરણ 6 ના અંતે બાળક પાસે કેટલા શબ્દોનું શબ્દભંડોળ હશે ?
(10) કિશોરાવસ્થામાં વિદ્યાર્થીઓને કેવાં કાવ્યો ગમે છે ?

**પ્રશ્ન 2 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(1) માતૃભાષાના હેતુઓ જણાવી અર્થગ્રહણ એટલે શું ? તે સમજાવો.
(2) ભાષાશિક્ષણના અભિવ્યક્તિ અને પ્રત્યાયન હેતુને ટૂંકમાં સમજાવો.
(3) માતૃભાષા શિક્ષણમાં પારંગતતા એટલે શું ?

**પ્રશ્ન 3 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(1) ગુજરાતી માતૃભાષાના અભ્યાસક્રમના સ્વરુપને વિગતે સમજાવો..
(2) હેતુઓનું વિકાસાત્મક આવર્તન એટલે શું ? કોઇ એક હેતુનું ધોરણ 6થી 8 માં થતા વિકાસાત્મક આવર્તનને સમજાવો.
(3) ધોરણ 6 થી 8 ના વિકાસાત્મક આવર્તનની હેતુલક્ષી પ્રવૃતિઓ જણાવો.

## 2.7 સ્વાધ્યાય

1. ગુજરાતી માતૃભાષાના અભ્યાસક્રમનુંસ્વરુપ વિગતે સમજાવો.
2. હેતુઓનું વિકાસાત્મક આવર્તન એટલે શું ? કોઇ એક હેતુનું ધોરણ 6થી 8 માં થતું વિકાસાત્મક આવર્તન સમજાવો ?
3. ધોરણ 6 થી 8 ના વિકાસાત્મક આવર્તનની હેતુઓને અનુલક્ષી પ્રવૃત્તિઓ જણાવો.

## 2.8 પ્રાયોગિક કાર્ય

1. ધોરણ 6 થી 8 નાં કોઇ એક હેતુઓનો વિકાસાત્મક કોઠો તૈયાર કરો.
2. ધોરણ 6 થી 8 નાં હેતુ આધારિત પ્રવૃત્તિઓ વર્ગખંડમાં યોજો.

## 2.9 સંદર્ભ સૂચિ


ધોરણ 1 થી 8 નાં ગુજરાતી પાઠ્યપુસ્તક ( ગુ.રા. શા. પા.પુ. બોર્ડ ગાંધીનગર )

ધોરણ 1 થી 8 નાં ગુજરાતી શિક્ષક નિદર્શની ( ગુ.રા. શા. પા.પુ. બોર્ડ ગાંધીનગર )

ગુજરાતી માતૃભાષા શિક્ષણ ડી.એલ. એડ્ પ્રથમ વર્ષ મોડ્યુલ 2015 જી.સી.ઇ.આર.ટી.

ગુજરાતી અધ્યાપન નવીન પ્રવાહો ડૉ .ધનવંત દેસાઇ

પદ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુ ગુજરાતી ધો–૬ થી ૮

# એકમ – 3
# ભાષા મૂલ્યાંકન

**3.1** પ્રસ્તાવના

**3.2** ઉદ્દેશો

**3.3** અધ્યયન નિષ્પત્તિઓ

**3.4** કાવ્ય પંક્તિ કે પંક્તિઓની સમજૂતીનું મૂલ્યાંકન

**3.5** અરજી લેખનનું મૂલ્યાંકન

**3.6** સંક્ષેપીકરણનું મૂલ્યાંકન

**3.7** સારાંશ

**3.8** કસોટી

**3.9** સ્વાધ્યાય

**3.10** પ્રાયોગિક કાર્ય

**3.11** સંદર્ભ સૂચિ

# એકમ – 3
# ભાષા મૂલ્યાંકન

### 3.1 પ્રસ્તાવના

સાર્થ જોડણીકોશ પ્રમાણે મૂલ્યાંકનનો અર્થ "મૂલ્ય આંકવું તે અથવા મુલવણી એવો થાય છે". શૈક્ષણિક મૂલ્યાંકન એટલે શૈક્ષણિક હેતુઓના સંદર્ભમાં સંપ્રાપ્તિનું મૂલ્ય આંકવું તે. આ માટે અધ્યયન–અધ્યાપનની સાથે–સાથે તથા સમયાંતરે શૈક્ષણિક નિષ્પત્તિ કેટલા પ્રમાણમાં સિદ્ધ થઈ છે તે નક્કી કરવાનું રહે છે.મૂલ્યાંકન એ સતત ચાલતી હેતુ કેન્દ્રીપ્રક્રિયા છે. મૂલ્યાંકન વિદ્યાર્થીઓમાં આવેલાં અપેક્ષિત વર્તન–પરિવર્તનોને ચકાસવાની પ્રક્રિયા છે."આગળ વધવા માટે સિંહાવલોકન એટલે ઘડીક ઉભા રહી પાછળ વળીને જોવાની ક્રિયા તે મૂલ્યાંકન".

'રેચર્સ' અને 'ડોગ' નામના વિદ્વાનો જણાવે છે કે મૂલ્યાંકનની પ્રક્રિયા સતત ચાલતી હોય છે. એનો અર્થ એ થાય છે કે શિક્ષકે શક્ય હોય તેટલી બધી રીતે અને બધા પ્રસંગોએ વિદ્યાર્થીઓનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

મૂલ્યાંકન અને મૂલ્યાંકનનાં સાધનો વિશે વિગતવાર ચર્ચા પ્રથમ વર્ષમાં અધ્યેતા અને મૂલ્યાંકનના પુસ્તકમાં કરવામાં આવી છે. આ પ્રકરણમાં આપણે ભાષાના સંદર્ભમાં કાવ્યપંક્તિ, અરજી– લેખન અને સંક્ષેપીકરણનું મૂલ્યાંકન કેવી રીતે થઈ શકે તેના વિશે વાકેફ થઈશું.

### 3.2 ઉદ્દેશો

પ્રશિક્ષણાર્થીઓ માટે અભ્યાસના ઉદ્દેશો આ મુજબ છે.

- કાવ્ય પંક્તિ કે પંક્તિઓની સમજૂતીનું મૂલ્યાંકન કરી શકે.
- અરજી લેખનનું મૂલ્યાંકન કરી શકે.
- સંક્ષેપીકરણનું મૂલ્યાંકન કરી શકે.

### 3.3 અધ્યયન નિષ્પત્તિઓ

આ એકમનો અભ્યાસ કર્યા બાદ પ્રશિક્ષણાર્થીઓ નીચે જણાવેલ મુદ્દા માટે સમર્થ બનશે.

- કાવ્ય પંક્તિ કે પંક્તિઓની સમજૂતીનું મૂલ્યાંકન કરી શકશે.
- અરજી લેખનનું મૂલ્યાંકન કરી શકશે.
- સંક્ષેપીકરણનું મૂલ્યાંકન કરી શકશે.

### 3.4 કાવ્ય પંક્તિ કે પંક્તિઓની સમજૂતીનું મૂલ્યાંકન

#### 3.4.1 પ્રસ્તાવના

કાવ્ય–કવિતા એ માનવીની સુંદર અને કલાત્મક ભાવના વ્યક્ત કરવાનું ઉત્તમ માધ્યમ છે. કવિતા પ્રાચીનકાળથી જ માણસના હૃદયમાં આનંદ અને રસનું સિંચન કરતી આવી છે. માણસ કાવ્યને માણીને જેટલો આનંદિત થાય છે તેટલો સાહિત્યના કોઈ પણ પ્રકારને સાંભળીને આનંદિત થતો નથી. વિદ્યાર્થીના માનવીય ગુણો અને ભાવનાઓને વિકસાવવાનું અસરકારક માધ્યમ કવિતા છે.

કવિતાને ઈન્દ્રિયગમ્ય કહેવામાં આવે છે. કાવ્ય ધ્વનિ દ્વારા કાનને આનંદ આપે છે. અને શબ્દચિત્રો દ્વારા આંખને સંતોષ આપે છે. શબ્દચિત્ર દ્વારા કવિતા ભાવને જગાડે છે. કવિતાથી વિદ્યાર્થીની સૌન્દર્ય દ્રષ્ટિનો વિકાસ થાય છે. કવિતા અંતરમાં આસ્થા, શ્રદ્ધા અને નીતિના મૂલ્યો દૃઢ બનાવે છે. કાવ્ય શિક્ષણ વિદ્યાર્થીના હૃદયને જગાડી સંવેદના કેળવી ઊર્મિઓનું ઉર્ધ્વીકરણ કરે છે.

આમ ભાવ, ભાવના, વિચાર અને કલ્પનાને સમજવામાં, પોષવામાં અને વિકસાવવામાં કાવ્ય પંક્તિઓ વિદ્યાર્થીના જીવનમાં અનેરો ભાગ ભજવે છે.તેથી કાવ્ય પંક્તિઓનું મૂલ્યાંકન ખૂબ અગત્યનું છે.

#### 3.4.2 કાવ્ય પંક્તિ કે પંક્તિઓનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

કાવ્ય પંક્તિનું મૂલ્યાંકન ખૂબજ જરૂરી અને અગત્યનું છે. કોઈ પણ કાવ્ય પંક્તિ સમજાવવી હોય ત્યારે તેનું મૂલ્યાંકન કરવું મહત્ત્વનું બને છે. તેનું મૂલ્યાંકન કરતી વખતે એક શિક્ષક તરીકે કેટલીક બાબતો ધ્યાનમાં લેવા જેવી હોય છે. જે નીચે મુજબ છે.

- દરેક કાવ્ય પંક્તિને સમજીને તેના અર્થની સ્પષ્ટતા થઇ છે કે કેમ તે તપાસવું.
- કવિએ વ્યક્ત કરેલી મૂળ લાગણીઓને સમજયો છે કે કેમ તે જોવું.
- પંક્તિમાં અભિવ્યક્ત થયેલ કલ્પનાને સમજયો છે કે કેમ તે જોવું.
- પંક્તિમાં વપરાયેલ અલંકારને સમજીને સમજૂતી કરે છે કે કેમ ?
- મૌલિકતા અને સર્જનાત્મકતાનો ઉપયોગ થયો છે કે કેમ તે જોવું.
- પ્રતિક કે વિશિષ્ટ શબ્દ પ્રયોગનો ઉપયોગ કર્યો હોય તેને પ્રાધાન્ય આપવું.
- જરૂરી ઉદાહરણો, દ્દષ્ટાંતો દ્વારા સરળ સમજૂતી અપાઈ છે કે કેમ તે જોવું.
- સમાન અર્થ/ભાવ/બોધ ધરાવતી અન્ય કવિતા સાથે તુલના કરવી જરૂરી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી આપેલ ક્રમ માપદંડ મુજબ કાવ્ય પંક્તિનું મૂલ્યાંકન કરી શકાય છે. ક્રમ માપદંડ આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ અને આંતરસૂઝ આધારિત અન્ય મુદ્દાઓ પણ ઉમેરી શકાય.

### 3.4.3 ચેકલિસ્ટ

ચેકલિસ્ટમાં આપેલા પ્રશ્નો ધ્યાન પૂર્વક વાંચો અને કાવ્ય પંક્તિ મૂલ્યાંકનના આધારે 'હા' અથવા 'ના' ખાનામાં યોગ્ય જગ્યાએ '√'ની નિશાની કરો.

| ક્રમ | મૂલ્યાંકનના પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | મરોડદાર અક્ષરો અને લિપિબદ્ધ લખાણ છે? | | |
| 2 | કાવ્ય પંક્તિના અર્થને બરાબર સમજ્યા છે? | | |
| 3 | કવિતાના મૂળ વિચારને પામી શક્યા છે? | | |
| 4 | સમાન વિચારવાળી અન્ય કવિતા સાથે તુલના કરી શક્યા છે? | | |
| 5 | કવિએ વ્યક્ત કરેલી મૂળ લાગણીઓને સમજી શક્યા છે? | | |
| 6 | કાવ્ય સમજુતીમાં ક્રમિકતા જળવાઈ છે? | | |
| 7 | કાવ્ય પંક્તિને તર્કબદ્ધ રીતે સમજાવી શક્યા છે? | | |
| 8 | કાવ્ય પંક્તિની સમજુતીમાં મૌલિક ઉદાહરણ આપી શક્યા છે? | | |
| 9 | લખાણમાં તુલનાત્મક કાવ્ય પંક્તિઓ જોવા મળે છે? | | |
| 10 | કવિતામાં પ્રયોજેલી કલ્પનાને યોગ્ય રીતે સમજી શક્યા છે? | | |
| 11 | કવિતાની પ્રતિક યોજનાને સ્પષ્ટ કરી શક્યા છે? | | |

આપેલ ચેકલીસ્ટમાં 'હા' ની કોલમમાં '√' ની નિશાની જેટલી વધુ હશે તેટલી કાવ્ય કે પંક્તિની ગુણવત્તા વધુ કહેવાય. સારી કાવ્યપંક્તિઓમાં 'હા' ની માત્રા વધુ હોય છે. 'ના' ની નિશાની વધુ હોય તે કાવ્ય પંક્તિ માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

## 3.5 અરજીલેખનનું મૂલ્યાંકન

### 3.5.1 પ્રસ્તાવના

અરબી શબ્દ 'અર્ઝ' પરથી ગુજરાતી ભાષામાં 'અરજ' શબ્દ આવ્યો છે. 'વિનંતી'નો અર્થ ધરાવતા આ શબ્દ પરથી વિનંતી કે કોઈ માંગણીની રજૂઆતને પણ 'અરજી' કહેવામાં આવે છે. જયારે આ માગણી કે વિનંતી ઔપચારિક સ્વરૂપે કોઈ સંસ્થા કે હોદ્દેદાર વ્યક્તિ સામે રજૂ કરવાની હોય ત્યારે તેના લેખિત સ્વરૂપને 'અરજી' કહેવાય છે.આ લેખિત સ્વરૂપ ઔપચારિક પત્ર લેખનનો જ એક પ્રકાર ગણાય છે.

પત્ર અને અરજી વચ્ચે ભેદ કરનાર બાબત તેમનો વિષય છે. પત્રમાં ભાવ કે લાગણીની અભિવ્યક્તિ શક્ય છે. જયારે અરજીમાં તો જરૂરિયાત કે માગણી સંદર્ભે બિનજરૂરી લંબાણ ન હોય તેવી મિતાક્ષરી રજૂઆત કરવાની હોય છે. અન્યથા બંનેનું માળખું સરખું જ હોય છે.

**3.5.2 અરજીલેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.**

- અરજી લખનારે કાગળની જમણી બાજુ અરજી લખનારનું પૂરું નામ, સરનામું, તારીખ લખવાં.
- સંસ્થા, શાળા, ઓફિસના વડાને ઉદ્દેશીને 'પ્રતિ' શબ્દ તથા હોદ્દો લખીને અરજીનો આરંભ કરવો.
- સંસ્થા, શાળા કે ઓફિસનું પૂરું નામ, ગામ, તાલુકો અને જિલ્લાની નોંધ કરવી.
- વિષય લખીને અરજી શા માટે લખો છો તેની વિગત દર્શાવવી.
- વિષય પછી આરંભમાં સંસ્થાના અધિકારીને યોગ્ય માનવાચક શબ્દથી ઉદ્દેશીને અરજીલેખનની  શરૂઆત કરવી.
- અરજીમાં લખાયેલી વિષય વસ્તુની વાક્યરચના ટૂંકી અને મુદ્દાસર હોવી જોઈએ.
- પ્રથમ ફકરામાં દૈનિક પત્રની જાહેરાતના અનુસંધાનમાં કે માહિતી જ્યાંથી પ્રાપ્ત થઇ હોય તેની વિગત જણાવવી.
- બીજા ફકરામાં નામ, સરનામું, જન્મ તારીખ, ઉંમર, અનુભવ, લાયકાત અને શોખના વિષય દર્શાવવા.
- જગ્યાને અનુરૂપ લાયકાત, વિષય, યુનિવર્સિટી કે સંસ્થાનું નામ, વર્ષ, પરિણામ, ટકા વગેરેની સ્પષ્ટ નોંધ કરવી.
- ત્રીજા ફકરામાં તમે સંસ્થામાં તથા કાર્યક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવશો તેની ખાતરી આપવી.
- અસલ પ્રમાણપત્રો ક્યારે બતાવશો તેમ જ અરજીની સાથે કઈ વિગતોની નકલ સામેલ છે તેની નોંધ કરવી.
- અધિકારી કરતા આપણું સ્થાન નિમ્ન હોય તો 'આપનો વિશ્વાસુ' લખીને પૂરું નામ તથા સહી કરવી.
- જે સંસ્થામાં કે શાળામાં અરજી કરી છે તેનું સંપૂર્ણ સરનામું પીનકોડ સહિત કવર ઉપર લખવું તથા ડાબી બાજુના ખૂણા પર રવાના કરનારનું સરનામું લખવું જરૂરી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી આપેલા ચેકલીસ્ટ મુજબ અરજી લેખનનું મૂલ્યાંકન કરી શકાય. ચેકલીસ્ટમાં આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ આધારિત અન્ય મુદ્દા પણ ઉમેરી શકાય.

**3.5.3 ચેકલિસ્ટ – ચેકલિસ્ટમાં આપેલા પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચો અને અરજી લેખનના આધારે 'હા' અથવા 'ના' ખાનામાં યોગ્ય જગ્યાએ '√' ની નિશાની કરો.**

| ક્રમ | મૂલ્યાંકનના પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | અરજી લખનારે જમણી બાજુ અરજી લખનારનું નામ, સરનામું, તારીખ લખેલ છે? | | |
| 2 | સંસ્થા,શાળા,ઓફિસના વડાને ઉદ્દેશીને 'પ્રતિ'શબ્દ તથા હોદ્દો,પૂરું સરનામું લખેલ છે? | | |
| 3 | વિષય લખીને અરજી લખવાનો હેતુ લખેલ છે? | | |
| 4 | વિષય પછી આરંભમાં સંસ્થાના અધિકારીને યોગ્ય માનવાચક શબ્દનો ઉપયોગ કર્યો છે? | | |
| 5 | અરજીમાં વિષયવસ્તુની વાક્યરચના ટૂંકી અને મુદ્દાસર છે? | | |
| 6 | અરજી લખનારે પોતાની અંગત માહિતી લખેલ છે? | | |
| 7 | જગ્યાને અનુરૂપ લાયકાત વિગેરે બાબતોની નોંધ કરી છે? | | |
| 8 | અરજીના અંતમાં કાર્યક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવશે તેવી ખાતરી આપેલ છે? | | |
| 9 | અસલ પ્રમાણપત્રો ક્યારે બતાવશે તેની કોઈ નોંધ કરેલ છે ? | | |
| 10 | અરજીમાં બિડાણની વિગતો લખેલી છે? | | |

આપેલ ચેકલિસ્ટમાં 'હા' ની કોલમમાં '√' ની નિશાની જેટલી વધુ હશે તેટલી અરજીની ગુણવત્તા વધુ કહેવાય. સારી અરજી લેખનમાં 'હા' ની માત્રા વધુ હોય છે. 'ના' ની નિશાની વધુ હોય તે અરજી માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

## 3.6 સંક્ષેપીકરણનું મૂલ્યાંકન

### 3.6.1 પ્રસ્તાવના

કોઈ પણ વિષયના મધ્યવર્તી વિચારબીજ કે સારની સંક્ષિપ્ત આવૃત્તિને સારલેખન કે સંક્ષેપીકરણ કહે છે. ગ્રંથોનું વાચન કરવું સરળ છે પણ તેના સારને સંક્ષેપમાં રજૂ કરવાનું બહુ કઠીન છે. આ કાર્ય સરળ બનાવવા માટે બીજાના વિચારો સારી રીતે સમજી લેવા ખાસ જરૂરી છે. ખાસ કરીને વર્તમાન જીવનમાં પત્રકારત્વ માટે આ કળા હસ્તગત કરવી આવશ્યક છે. નાના બાળકોને ટૂંકા ફકરા, પરિચિત ફકરા આપી શિક્ષક એકાદ સાર લેખનનો નમૂનો આપે એ જરૂરી છે. વધુ લંબાણ થાય નહિ અને એક પણ મુદ્દો છૂટી જાય નહિ, તો જ આ કામ વધુ સઘનતાથી થયું ગણાય. આ માટે સંક્ષેપીકરણનું યોગ્ય મૂલ્યાંકન જરૂરી છે.

**3.6.2 સંક્ષેપીકરણનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.**

સંક્ષેપીકરણ એટલે મોટે ભાગે તો સાર લેખન જ. આપેલા ફકરાને એકાગ્રતાથી અને ધ્યાનપૂર્વક વાંચી તેનું તાત્પર્ય (ભાવાર્થ) અને તેના હાર્દરૂપ મુદ્દાઓ બરાબર તારવી ટૂંકમાં લખવાની કળા. મૂલ્યાંકન કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- ધ્યાનપૂર્વક એકાગ્રતાથી ફકરાને જરૂર જણાય તેટલી વખત વાંચી જવો.
- ફકરામાં શેના વિશે અથવા કોના વિશે કહેવાયું છે તથા શું કહેવાયું છે તે પકડવું.
- ફકરાના મુખ્ય વિચારને તેની સાથે ગુંથાયેલો લખનારના મનનો ભાવ પૂરો ન પકડાય ત્યાં સુધી એ ફરી ફરી વાંચવો.
- વિષયના મુખ્ય વિચારને સમજીને મુદ્દાઓને અલગ તારવવા.
- મુખ્ય વિચારો વ્યક્ત કરતા ચાવીરૂપ શબ્દો કે વાક્યોની નોંધ કરવી.
- સરળ, ટૂંકાં, સૂત્રાત્મક વાક્યોમાં મુદ્દાઓનું નિરુપણ કરવું.
- પોતાના મંતવ્યો કે બિનજરૂરી લખાણને સ્થાન આપવું નહિ.
- વિચારોની ક્રમિકતા જાળવવી.
- લેખન, જોડણી, વ્યાકરણ, વિરામચિહ્નોની ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું.
- ફકરાને ટૂંકું, સ્પષ્ટ, અર્થસૂચક શિર્ષક આપવું.
- મૂળ લખાણનાં દ્દષ્ટાંતો કે ઉદાહરણો છોડી દેવાં.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી આપેલા ચેકલિસ્ટ મુજબ સંક્ષેપીકરણનું મૂલ્યાંકન કરી શકાય. ચેકલિસ્ટમાં આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ આધારિત અન્ય પણ ઉમેરી શકાય.

**3.6.3 ચેકલિસ્ટ - ચેકલિસ્ટમાં આપેલા પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચો** અને સંક્ષેપીકરણના આધારે 'હા' અથવા 'ના' ખાનામાં યોગ્ય જગ્યાએ '√'ની નિશાની કરો.

| ક્રમ | મૂલ્યાંકનના પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | ફકરાને ધ્યાનપૂર્વક બરાબર વાંચ્યો છે? | | |
| 2 | ફકરામાં શેના વિશે, કોના વિશે કહેવાયું છે અને શું કહેવાયું તે પકડાયું છે? | | |
| 3 | વિષયને સમજીને મુદ્દાઓને અલગ તારવ્યા છે? | | |
| 4 | મુખ્ય વિચારોને વ્યક્ત કરતા ચાવીરૂપ શબ્દો કે વાક્યોની નોંધ કરી છે? | | |
| 5 | સરળ, ટૂંકા વાક્યોમાં મુદ્દાઓનું નિરુપણ થયું છે ? | | |
| 6 | પોતાનાં મંતવ્યો કે બિનજરૂરી લખાણને સ્થાન આપ્યું છે? | | |
| 7 | વિચારોની ક્રમિકતા જળવાઈ છે ? | | |
| 8 | લેખનમાં, જોડણી, વિરામચિહ્નોનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરેલ છે? | | |
| 9 | મૂળ લખાણ કે દ્દષ્ટાંતોને છોડી દીધાં છે? | | |
| 10 | ફકરાને ટૂંકું, સ્પષ્ટ શીર્ષક આપ્યું છે? | | |

આપેલ ચેકલિસ્ટમાં ‘હા’ ની કોલમમાં ‘√’ ની નિશાની જેટલી વધુ હશે તેટલિ સંક્ષેપીકરણની ગુણવત્તા વધુ કહેવાય. સારા સંક્ષેપીકરણમાં ‘હા’ ની માત્રા વધુ હોય છે. ’ના’ ની નિશાની વધુ હોય તે સંક્ષેપીકરણ માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

**3.7 સારાંશ**

કાવ્ય પંક્તિમાં અર્થની સ્પષ્ટતા, કલ્પનાની સમજૂતી તથા મૌલિકતા અને સર્જનાત્મકતાનો ઉપયોગ થયો હોવો જોઈએ. કાવ્યપંક્તિના મૂલ્યાંકન માટે જરૂરી ઉદાહરણો અને દૃષ્ટાંતો દ્વારા સરળ સમજૂતી અપાઈ હોવી જોઈએ. તદુપરાંત કવિતાનો ભાવ અને મૂળ વિચાર જળવાઈ રહે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

લેખિત અભિવ્યક્તિ એ વ્યક્તિત્વના માપનનું સાધન છે. પ્રશિક્ષણાર્થીઓની ભાષા સમૃદ્ધ બને. ભાષાસજ્ઞતાનો વિકાસ થાય તેમજ લેખિત અભિવ્યક્તિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરે તે ખૂબ જ અગત્યનું છે. લેખનની સજ્ઞતા માટે વિચાર સમૃદ્ધિ, ભાષા સજ્ઞતા, સુંદર હસ્તાક્ષર, વિરામ–ચિહ્નોનોની સમજ, ભાષા શુદ્ધિ, વાક્યરચના વગેરે જેવા મુદ્દાઓ અરજી લેખન માટે ખૂબ જ મહત્ત્વના છે. અરજી લેખન સૌને આવડે તે જરૂરી છે. અરજી લેખનના મૂલ્યાંકનમાં તપાસણી માટેની સંજ્ઞાઓનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ.

મુખ્ય વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવા વિચારોના સાર કે સંક્ષિપ્ત આવૃત્તિને સાર લેખન કે સંક્ષેપ લેખન, સંક્ષેપીકરણ તરીકે ઓળખીએ છીએ. કોઈ પુસ્તક કે લેખના તાત્પર્યને સમજ્યા બાદ તેને સ્વતંત્ર વાક્ય સંક્ષેપમાં વ્યક્ત કરવાનું કાર્ય થોડું કઠીન છે. મોટા ગ્રંથોના વાંચન બાદ તેને સંક્ષેપમાં રજૂ કરવા માટે શિક્ષકો દ્વારા તેનું યોગ્ય મૂલ્યાંકન પણ જરૂરી છે.

**3.8 કસોટી**

**પ્રશ્ન–1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉતર લખો.**

1. કવિતા એટલે શું ?
2. કાવ્ય કે પંક્તિઓનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો લખો.
3. અરજી લેખન એટલે શું ?
4. અરજી લેખન માટે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો લખો.
5. સંક્ષેપીકરણ એટલે શું ?
6. સંક્ષેપીકરણ માટે ધ્યાનમાં રાખવાની કોઈ પણ ત્રણ બાબતો લખો.

**પ્રશ્ન–2 નીચે આપેલ પ્રશ્નોના ઉત્તરો વિગતે લખો.**

1. ધોરણ–7 પ્રથમ સત્રની કોઈ એક કવિતાનું મૂલ્યાંકન કરો.
2. કાવ્ય કે પંક્તિઓનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિગતે લખો.
3. અરજી લેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિગતે લખો.
4. પ્રમુખશ્રી/આચાર્યશ્રી લોકનિકેતન ટ્રસ્ટ બેલા મુ.પોસ્ટ–બેલા તા.તળાજા જિ. ભાવનગર માટે જીનાલી એલ. ચૌહાણ 'મહાકાળી કૃપા' સી–5004, શાંતિનગર–1, કાળિયાબીડ, ભાવનગરથી ભાષાશિક્ષકની જગ્યા માટે અરજીલેખન કરે છે.
5. સંક્ષેપીકરણ માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિગતે લખો.
6. કોઈ એક ફકરાનું સંક્ષેપીકરણ કરો.

**3.9 સ્વાધ્યાય**

**પ્રશ્ન–1 નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચા ઉત્તર લખો.**

1. માનવીય ગુણ વિકસાવવાનું અસરકારક માધ્યમ કયું છે ?
   અ. વ્યાકરણ બ. કવિતા ક. કથન ડ. લેખન
2. અરબી શબ્દ 'અર્ઝ' પરથી ગુજરાતી ભાષાનો શબ્દ કયો છે ?
   અ. વિનંતી બ. અરજી ક. અરજ ડ. માંગણી
3. અરજી લખનારનું સરનામું પત્રમાં ક્યા ભાગે આવે છે ?
   અ. ઉપર જમણી બાજુ બ. ઉપર ડાબી બાજુ ક. મધ્યમાં ડ. પત્રમાં નીચે
4. ભાવનગર જિલ્લા પંચાયતમાં શિક્ષક તરીકેની અરજી લેખનમાં સંબોધન શું આવશે ?
   અ. પ્રતિ, જિલ્લા પ્રમુખ બ. પ્રતિ, જિલ્લા પ્રા.શિ.અધિકારીશ્રી
   ક. પ્રતિ, તાલુકા પ્રા.શિ. ડ. પ્રતિ, જિ.શિ.અધિકારીશ્રી
5. પરિચ્છેદને શીર્ષક કેવું આપશો ?
   અ. ખૂબ લાંબુ બ. ટૂંકું સ્પષ્ટ ક. અસ્પષ્ટ ડ. વિષયવસ્તુને અનુરૂપ

**પ્રશ્ન–2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

1. મૂલ્યાંકન એટલે શું ?
2. કાવ્યપંક્તિનું મૂલ્યાંકન કેવી રીતે કરશો?.
3. કવિએ વ્યક્ત કરેલી મૂળ લાગણીઓને સમજયો છે કે કેમ તેનું મૂલ્યાંકન કેવી રીતે કરશો?
4. પત્રલેખન અને અરજીલેખન બંને કઈ રીતે જુદાં પડે છે ?
5. અરજીમાં શૈક્ષણિક લાયકાતમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં લેશો ?
6. સારલેખન શા માટે જરૂરી છે?
7. સંક્ષેપીકરણમાં કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ

**પ્રશ્ન–3 મુદ્દાસર ઉત્તર લખો.**

1. કવિતાનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો લખો.
2. તમારા વિસ્તારમાં ગંદકી દૂર કરવા માટે યોગ્ય અધિકારીશ્રીને અરજી લખો.
3. સંક્ષેપીકરણ અને સારલેખન બંને વચ્ચે શો તફાવત છે?

### 3.10 પ્રાયોગિક કાર્ય

1. પ્રકૃતિ દર્શન કરાવતી કવિતાઓ સંગ્રહિત કરી અંક તૈયાર કરો.
2. પાઠ્ય પુસ્તકમાં આવતા સાહિત્યકારોની અન્ય કૃતિઓ ઈન્ટરનેટ ઉપર મેળવો.
3. સંસ્થામાં આવેલ જૂની અરજીઓ/આવેદન પત્રોની ફાઈલ ચકાસો.

### 3.11 સંદર્ભ સાહિત્ય સૂચિ

1.ગુજરાતી ભાષા ડી.એલ.એડ્. પ્રથમ વર્ષ અભ્યાસક્રમ મોડ્યુલ –2015-16 –જીસીઈઆરટી–ગાંધીનગર
2. ધોરણ–1 થી 8 ગુજરાતી પાઠ્ય પુસ્તક – ગુ.રા.પા.પુ.મંડળ–ગાંધીનગર
3. ધોરણ–1 થી 8 ગુજરાતી શિક્ષક નિદર્શની – ગુ.રા.પા.પુ.મંડળ–ગાંધીનગર
4. લેખન કૌશલ્ય – ડૉ.યોગેન્દ્રભાઈ વ્યાસ

### મૂલ્યાંકનનો નમૂનો

ધોરણ–6 થી 8માં દરેક એકમના અંતે સ્વાધ્યાય આપેલો હોય છે. પરંતુ દરેક પ્રશ્નો મોટા ભાગે માહિતીલક્ષી હોય છે. ખરેખર જે તે એકમનું મૂલ્યાંકન કરવું જ હોય તો તેમાં વિદ્યાર્થી વિચારતો, તર્ક કરતો થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. તમે ભવિષ્યમાં શિક્ષક થવા જઈ રહ્યા છો ત્યારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરતી વખતે નીચે આપેલ નમૂનાનો સ્વાધ્યાય ધ્યાનમાં રાખશો. આ જેવા અન્ય સ્વાધ્યાયો આપ પણ રચી શકશો. તેના માટેનો અહીં પ્રયત્ન થયેલ છે. આપ જોઈ શકશો કે કોનું, ક્યાં, કોણ જેવા પ્રશ્નોના ઉત્તરમાં માહિતી આવે પણ કઈ રીતે? શા માટે? જેવા પ્રશ્નોના ઉત્તરમાં સમજશક્તિ કામે લગાડવી પડે. આવા સ્વાધ્યાયથી વિદ્યાર્થીઓની મૌલિક્તામાં વધારો થાય છે.

### પાઠ – જીવરામ ભટ્ટ (સ્વાધ્યાય)

પ્રશ્ન– 1. 'દેખો છો' ? શા માટે ? જૂઓ છો. શા માટે નહિ ? પાઠના આધારે લખો.

2. અભિમાન અને મિથ્યાભિમાન વચ્ચે શો ભેદ છે ? પાઠના આધારે લખો.

3. 'મોટા દીવા જેવા અક્ષરો' ત્યાં દીવાની સરખામણી શા માટે ?

4. વાચાળ, બોલકો અને વાતોડિયો શબ્દોનો તફાવત શો થાય છે ?

5. યુક્તિ અને ઉપાય વચ્ચે શો તફાવત છે ?

## કવિતા– સોના જેવી સવાર

પ્રશ્ન– 1. સવારને કઈ રીતે પી શકાય?

2. સવાર પ્રત્યેક પાનની ટશરે કઈ રીતે ટમકે?

3. ટહુકામાં સવાર કેવી રીતે રણકે છે?

4. સરોવરમાં સવાર કેવી રીતે ચમકે છે?

5. સવાર મોર પીચ્છમાં કઈ રીતે ફરકે છે?

6. રમતાં–રમતાં ઘરમાં સવાર કઈ રીતે પહોંચે છે?

7. તડકામાં તાજપ હોય એવું શેને આધારે કહી શકાય?

8. દિવસમાં જેમ સવાર, બપોર, સાંજ આવે છે તેમ જીવનમાં સવાર ક્યારે આવે?

## પાઠ – સિંહની દોસ્તી

1. આ પાઠ પ્રસંગ શા માટે નથી? શા માટે વાર્તા છે?
2. માત્રાવાળાના મૃત્યુ બાદ સિંહ સ્મશાનેથી જંગલમાં કેમ જતો રહ્યો?
3. સિંહણના મૃત્યુ પછી સિંહને ક્રોધ જન્મે છે જયારે માત્રાવાળાના મૃત્યુથી વૈરાગ્ય કેમજન્મે છે?
4. માત્રાવાળાના અંતરમાં સિંહ માટે વહાલ શા માટે ઉભરાયું હતું?

# એકમ : 4

## વ્યાકરણ શિક્ષણ

**4.1 પ્રસ્તાવના**

**4.2 ઉદ્દેશો**

**4.3 અધ્યયન નિષ્પત્તિઓ**

**4.4 વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ**

4.4.1 વ્યાકરણ શિક્ષણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

4.4.2 ધોરણ 6થી8 ના માતૃભાષાના પુસ્તકમાં સમાવિષ્ટ વ્યાવહારિક વ્યાકરણના મુદ્દા.

4.4.2.1 સંયોજક

4.4.2.2 દ્વિરુક્ત અને રવાનુકારી પ્રયોગો

4.4.2.3 અલંકાર

4.4.2.4 સમાસ

4.4.2.5 સંધિ

4.4.2.6 છંદ

4.4.2.7 નિપાત

**4.5 સ્વાધ્યાય**

**4.6 સંદર્ભ સૂચિ**

# એકમ – 4
# વ્યાકરણ શિક્ષણ

**4.1 પ્રસ્તાવના**

પ્રથમ વર્ષ કોર્સ 4 અ માં વ્યાકરણ શિક્ષણના મુદ્દાઓ સંજ્ઞા, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયા વિશેષણ, વાક્યના પ્રકારો, વિરામ ચિહ્નો વગેરે વિશે અભ્યાસ તમે કર્યો છે. હવે દ્વિતીય વર્ષમાં આપણે વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણમાં સંધિ, સમાસ, સંયોજક, નિપાત, છંદ, અલંકાર, દ્વિરુક્ત અને રવાનુકારી વગેરેનો અભ્યાસ કરીશું.

**4.2 ઉદ્દેશો**

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના હેતુઓ આ મુજબ છે.

- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો વ્યવહવારમાં ઉપયોગ કરશે.
- ધોરણ 6 થી 8 ના પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વ્યાકરણના મુદ્દાઓનું જ્ઞાન પ્રાપ્ત કરે.
- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણના અધ્યાપનની આગમન/નિગમન પદ્ધતિના આધારે એકમમાંથી ઉદાહરણ દ્વારા તારવણી કરવાનું કૌશલ્ય કેળવે.
- ભાષાના અધ્યાપન કાર્ય દરમિયાન વ્યાકરણને સાંકળીને સરળ અને રસપ્રદ બનાવશે.
- પ્રશિક્ષણાર્થીઓ વ્યાકરણ પ્રત્યે રસરુચિ કેળવે.

**4.3 અધ્યયન નિષ્પત્તિઓ :**

- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ કરશે. વ્યવહારિક વ્યાકરણનો શિક્ષણકાર્યમાં ઉપયોગ કરતાં શીખે.
- આગમન પદ્ધતિ દ્વારા 6 થી 8 ના એકમોમાંથી ઉદાહરણ શોધવાનું કૌશલ્ય કેળવશે.
- ભાષાના અધ્યાપન કાર્ય દરમિયાન વ્યાકરણને સાંકળી લઈ સરળ અને રુચિકર બનાવશે.

**4.4 વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ.**

4.4.1 વ્યાકરણ શિક્ષણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

4.4.2 ધોરણ 6 થી 8 ના માતૃભાષાના પુસ્તકમાં સમાવિષ્ટ વ્યાવહારિક વ્યાકરણના મુદ્દા.

**વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ.**

ભાષા એક વ્યવસ્થા છે. આ વ્યવસ્થાને પોતાનાં નિયમો છે. આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ. આ નિયમોના આધારે ભાષાનો પ્રયોગ વ્યક્તિ કરે છે અને અન્ય દ્વારા બોલાયેલી ભાષાને સમજે છે. આમ ભાષાને બંધારણનું એક વ્યાકરણશાસ્ત્ર છે. નિયમબદ્ધ રૂપે બોલવાનું અને

સમજવાનું શીખવે છે આમ, વ્યાકરણ એટલે ભાષાના વર્ણ, ધ્વનિ, રૂપપદ શબ્દ અને વાક્ય આધારિત રચના, સંરચના અંગેની નિયમલક્ષી વિચારણા.

ભાષા શિક્ષણમાં વ્યાકરણનું સ્થાન ધરી સમાન છે. ભાષાનાં તત્ત્વોને વ્યાવહારિક ઉદાહરણ સાથે સમજવાની રીત વ્યાવહારિક વ્યાકરણ છે. ભાષા સાથેજ વ્યાકરણ વણાયેલું છે તેને અલગ કરી ન શકાય. વ્યાકરણ શીખવવા ભાષાના અનુભવો આપવાથી ધોરણ 6 થી 8 માં ગુજરાતી ભાષામાં વ્યાવહારિક વ્યાકરણ શીખે છે. ધોરણ 1 થી 5 ના ગુજરાતી ભાષા શિક્ષણમાં વિદ્યાર્થીઓ સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, લિંગ, વચન અને વિરામચિહ્નોનો ઉપયોગ વ્યવહારમાં કરે છે. ભાષાને વધુ સમૃદ્ધ બનાવવા છંદ, અલંકાર, સમાસ વગેરેનો ઉપયોગ વિદ્યાર્થીઓને ક્યારે, કઈ જગ્યાએ, કેવી રીતે કરવો? તેનું જ્ઞાન આપવું જરૂરી છે. જેથી ભાષાને વધુ ચમત્કૃત, અલંકૃત અને અસરકારક બનાવી શકે.

### 4.4.1 વ્યાકરણ શિક્ષણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

- શિક્ષકે વ્યાકરણના મુદ્દાની ચર્ચા કરતી વખતે પાઠનાં વાક્યો અને શબ્દોનો ઉપયોગ કરવો.
- વ્યાકરણના નિયમો ઉદાહરણો આપ્યા બાદ આ નિયમ લાગુ પડે છે તેવી સમજણ આપવાથી જ્ઞાન દીર્ઘકાલીન બની રહે છે.
- પાઠ વાંચન બાદ વ્યાકરણના મુદ્દાઓ જેવાકે છંદ, અલંકાર, સમાસ, ક્રિયાપદ, વિશેષણ, સંજ્ઞા વગેરે શોધવા માટે વિદ્યાર્થીઓને આપીએ.
- શિક્ષક/પ્રશિક્ષક તરીકે વ્યાકરણના મુદ્દાઓનું તલસ્પર્શી જ્ઞાન મેળવે તે જરૂરી છે. પરંતુ વિદ્યાર્થીઓને બિનજરૂરી ઊંડાણમાં ન લઈ જઈએ.
- ક્યાંય વ્યાખ્યાઓ અને નિયમોની ગોખણપટ્ટી કરાવવાને બદલે વ્યાવહારિક ઉદાહરણો પરથી બાળકો સ્વયં ભાષાની વ્યવસ્થા અને બંધારણને સમજે તેવી પરિસ્થિતિ નિર્માણ કરીએ.
- વિવિધ દ્રશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીએ.
- આપણા અધ્યયન પ્રક્રિયામાં વૈવિધ્ય લાવીએ.
- જ્ઞાન ગમ્મત અને ક્રિયા દ્વારા શીખવવાનો પ્રયત્ન કરીએ.
- વ્યાકરણનું જ્ઞાન એક સાધન છે સાધ્ય નહિ તેનો ખ્યાલ રાખીએ.

### 4.4.2 ધોરણ 6 થી 8 ના માતૃભાષાના પુસ્તકમાં સમાવિષ્ટ વ્યાવહારિક વ્યાકરણના મુદ્દા.

ધોરણ 6 થી 8 માં ભાષા શિક્ષણમાં આ મુજબના વ્યાકરણને લગતા મુદાઓનો સમાવેશ કરેલ છે. વિરામચિહ્નો, સંજ્ઞાના પ્રકાર, ક્રિયાપદ, નામપદ, વિશેષણ, કાળ, જોડણી, સ્વર અને

વ્યંજન, વાક્યના પ્રકાર આ તમામ મુદ્દાઓ તમે શીખી ગયા હશો. હવે આપણે બાકી રહેલા મુદ્દાઓનો અભ્યાસ કરીશું.

- સંયોજકો
- દ્વિરુક્ત અને રવાનુકારી પ્રયોગો.
- સંધિ
- સમાસ
- છંદ
- અલંકાર
- નિપાત

**4.4.2.1 સંયોજકો**

- આ છોકરી મારી પૌત્રી છે પણ બિચારી ભોળી છે.
- તું બધો સામાન અહીં ખસેડી લે અને આગળનું સ્ટેશન આવે ત્યારે ઉતરી જજે.
- બા જ્યાં હોય ત્યાં એની વાતનો વિષય વાડો જ હોય.
- બે વાક્યોને જોડતાં પદો ક્યાં છે ? પણ, અને, ત્યાં વગેરે બે વાક્યોને જોડતાં સંયોજક છે. આવા સંયોજકોથી પદો, વાક્યસમૂહો, વાક્યો કે વાક્યખંડો જોડાતા જ નથી પરંતુ ભાષાની લાઘવ સાથેની ચોટ પણ ઉત્પન્ન થાય છે.

**4.4.2.2 દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દો.**

**'દ્વિ'** એટલે બે અને 'ઉક્ત' એટલે બોલાયેલું તે. દ્વિરુક્ત એટલે જે બે વખત બોલાય છે તે. દ્વિરુક્ત પ્રયોગોને જેમકે ઠેર ઠેર, લાડુબાડુ, ગલ્લાતલ્લા, ચોપડી–બોપડી, ભજન બજન, ગીતબીત, દોડાદોડી, ગાળાગાળી.

**સંપૂર્ણ દ્વિરુક્તવાળા પ્રયોગો : –**

'ઘેરઘેર', 'માંડમાંડ', 'પાંચપાંચ', જેવા શબ્દ પ્રયોગોમાં એકનું એક રૂપ સમગ્ર રૂપમાં બેવડાય છે આવા પ્રયોગો સંપૂર્ણ દ્વિરુક્તવાળા પ્રયોગો કહે છે.

**અમુક અંશના લોપવાળી દ્વિરુક્ત**

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં એકનું એક રૂપ બેવડાતું હોય છે પણ એમાંથી કોઈ ધ્વનિનો લોપ થયો કહેવાય. જેમ કે 'આટઆટલું' એમાં 'આટલું આટલું' ને સ્થાને 'લું ' ધ્વનિનો લોપ થઈને ' આટઆટલું' દ્વિરુક્ત પ્રયોગ થયો છે. દા.ત **'**કેટકેટલું',

**પ્રાસવાળા દ્વિરુક્ત પ્રયોગો.**

કેટલાક દ્વિરુક્ત પ્રયોગ પ્રાસ અર્થે પ્રયોજાયેલા હોય. તેમાં બે રૂપ જોડાય ત્યારે કાંતો બંને રૂપ સાર્થક હોય કાંતો આગળનું રૂપ સાર્થક હોય અને પાછળનું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય

અથવા તો પાછળનું રૂપ સાર્થક હોય અને આગળનું રૂપ પ્રાસ માટે પ્રયોજાતું હોય, એવી રીતની વિભિન્ન પ્રકારની દ્વિરુકતીઓ જોવા મળે છે જેમ કે બંને રૂપ સાર્થક હોય – તોડફોડ, ચડતી પડતી, આવક જાવક, ખાધું પીધું વગેરે.

પ્રથમ રૂપ સાર્થક હોય અને બીજું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો :– ઘર–બર, કાગળ–બાગળ, નળ–બળ, ચોપડી–બોપડી જેમાં બીજા રૂપોનો કોઈ અર્થ થતો નથી અથવા વગેરે વગેરે એવો અર્થ થાય છે.

બીજું રૂપ સાર્થક હોય અને પ્રથમ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય ટેવ શબ્દો ‘અંતર મંતર, આડોશી પાડોશી, આજુબાજુ વગેરે.

**સંયોજકો વાળા દ્વિરુક્ત પ્રયોગો.**

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં બે રૂપ જોડાતાં હોય અને જોડાનારા તત્વ તરીકે વચ્ચે કોઈ સ્વર આવે ત્યારે વિશેષ પ્રકારના દ્વિરુક્ત પ્રયોગ થાય છે. આ, એ, ઓ, અં વગેરે જેવા કડી રૂપ પ્રત્યયો વચ્ચે મૂકવાથી આવા પ્રયોગ થાય છે. જેમ કે

આ– હસાહસ, ગરમાગરમ, દોડાદોડા

એ – ગામેગામ, ખાધેપીધે, ચોખ્ખે ચોખ્ખું

ઓ – રાતોરાત, ભારોભાર, બારોબાર

અં – ખુલ્લંખુલ્લા , દોડં'દોડા, કૂદંકૂદી

**શબ્દભેદ કે વ્યંજનભેદ વાળા દ્વિરુક્ત પ્રયોગો.**

કેટલાક પ્રયોગોમાં વચ્ચે સ્વર કે વ્યંજન દ્વારા ભેદ પાડીને દ્વિરુક્ત રચના કરવામાં આવે છે, જેમ કે સ્વરભેદ હોય એવા પ્રયોગ– થાગડથીગડ, સાફસૂફી, ઠીકઠાક. વ્યંજનભેદ હોય એવા પ્રયોગો – બોલ્યું ચાલ્યું, સખળ–ડખળ

રવાનુકારી શબ્દપ્રયોગો :–

‘રવ’ એટલે ‘અવાજ’ જે શબ્દ પ્રયોગો દ્વારા અવાજનું નાદનું તત્વ પ્રગટતું હોય તેવા શબ્દ પ્રયોગોને રવાનુકારી શબ્દ રચના કહેવાય.

દા.ત – ટપટપ ટેટા પડવા લાગ્યા.


ખળખળ ખળખળ ઝરણું વહે છે.

**4.4.2.3 અલંકાર**

‘અલંકાર’ એટલે ઘરેંણા એ તો શોભા વધારવા માટે જ હોય ને? ભાષામાં એવી કઈ રચના જે શોભા વધારે. કાવ્યની શોભા કરવાવાળા ધર્મો (લક્ષણો)ને અલંકાર કહેવામાં આવે છે.

ભાષાનો રસાસ્વાદ માણવા માટે અલંકારનું જ્ઞાન આવશ્યક છે ‘અલંકાર’ શબ્દ અલમ સાથે કૃ ધાતુ મળીને બનેલો છે. જેનો સામાન્ય અર્થ ‘આભૂષણ’ અર્થાત ‘ઘરેણું’ થાય છે.

અલંકારોથી જેમ શરીરની શોભા વધે છે તેમ શબ્દ કે અર્થના અલંકારો વડે કાવ્યની શોભા વધે છે, તેના સૌન્દર્ય અને માર્મિકતામાં વૃદ્ધિ થાય છે.




- **શબ્દાલંકાર**

જે રચનામાં અક્ષર કે શબ્દની અવનવી ગોઠવણ કરવાથી સંવાદિતા, સમતુલા અને માધુર્ય સધાય છે. શબ્દાલંકારના પ્રકારોમાં શબ્દાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ અને અત્યાનુપ્રાસનો સમાવેશ થાય છે.

❖ **અર્થાલંકાર**

જે ભાષાકીય રચનાના અર્થમાં સરળતા, સચોટતા, સુંદરતા, નવીનતા અને ચમત્કૃતિ આવે તે અર્થાલંકાર છે.  અર્થાલંકારમાં રૂપક, ઉત્પ્રેક્ષા, ઉપમા, વ્યતિરેક, શ્લેષ વગેરેનો સમાવેશ થાય છે.અલંકારોના પ્રકારો ઓળખતાં પહેલાં બે શબ્દો સમજવા જરૂરી છે.

**ઉપમેય**– જેને માટે કશીક સરખામણી કરવામાં આવી હોય તેને ઉપમેય કહે છે.

**ઉપમાન** – એ વસ્તુને જેની સાથે સરખાવવામાં આવી હોય તેને ઉપમાન કહે છે.

**ઉપમા–** જે રચનામાં ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવામાં આવે છે તેને ઉપમા અલંકાર કહે છે. ઉપમેય એટલે જેની સરખામણી કરવાની હોય તે ઉપમાન એટલે જેની સાથે સરખામણી કરવાની હોય તે ઉપમા સૂચક શબ્દ– જેવું, જેવી, જેવો, સમાન, સરખો, શો, જેમ, સમોવડ, પેઠે, શી, સાધારણ ધર્મનો ઉલ્લેખ થાય છે. પરંતુ ઉપમા અલંકારમાં એના જેવું છે એવી કલ્પના કરવામાં

આવે છે, જયારે દ્રષ્ટાંત અલંકારમાં ઉપમેયની જેવું ઉપમાન છે એની સમજ માટે વ્યાવહારિક ઉદાહરણો અથવા દ્રષ્ટાંત આપીને સમજ આપી શકાય.

**ઉદા.**

- હીરાની કણિકા સમાન તારા આકાશમાં ઉગ્યા.
- કુંભકર્ણ ડોલ્યો જેમ મણીધર.
- સ્વામી સાગર સરીખા રે નજરમાં ના માય કદી.
- ધરામાં ઢબી ઢબી ને એ વ્રજ જેવી લાગતી હતી.

**રૂપક :–** જે રચનામાં ઉપમેય અને ઉપમાન એકરૂપ હોવાનો આરોપ સાથે તેમની વચ્ચે અભેદ કલ્પવામાં આવે તે રૂપક અલંકાર છે.

**ઉદા.**

- ઝાકળબિંદુ ચંદરમાનું આંસુ.
- એનું મુખકમળ ખીલી ઉઠ્યું હતુ.
- તીખી તુ રણની કટોરી, ઊભી તુ વડલાની લાય. પોચી તુ રૂની પથારી, શીળી તુ આંબાની છાંય.
- સંસાર સાગર તરવો વસમો છે.

**ઉત્પ્રેક્ષા –** ઉપમેય જાણે ઉપમાન હોય તેવી સંભાવના કે કલ્પના કરવામાં આવે છે. ઉત્પ્રેક્ષાવાચક શબ્દો – જાણે, રખે, રાખે વગેરે.

- હોડી જાણે આરબ ઘોડી.
- દયમંતીનું વદન જાણે કમળ.
- મુખ જાણે પૂનમ શશી.
- દયમંતીનું મુખ જાણે ચંદ્ર.

**વ્યતિરેક અલંકાર :**

વ્યતિરેક અલંકાર એટલે શ્રેષ્ઠતા. સામાન્ય રીતે ઉપમેય કરતા ઉપમાન શ્રેષ્ઠ હોય છે પરંતુ જયારે ઉપમેયને ઉપમાન કરતા શ્રેષ્ઠ દર્શાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

**દા.ત.**

- વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે.
- સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર ?

**અનન્વય** – ઉપમેયના સંબધ અંતે એને યોગ્ય ઉપમાન ન જડે અને ઉપમેયનો ઉપમાન સાથે જ સંબધ કરવામાં આવે ત્યારે અનન્વય અલંકાર બને છે.

ઉ.દા.

- મા તે મા બીજા બધા વગડાના વા.
- રામ રાવણનું યુદ્ધ તે રામ રાવણનું યુદ્ધ
- ગિરીરાજ એ તો ગિરીરાજ
- સાપનો ફૂંફાડો એ સાપનો જ

**શ્લેષમાં –** કોઈ એક જ વિધાન કે  કાવ્ય પંક્તિમાં અનેકાર્થી શબ્દ પ્રયોજ્યો હોય અને તેને લીધે વિધાન કે કાવ્યપંક્તિના એક કરતાં

વધારે અર્થ થાય ત્યારે શ્લેષ અલંકાર બને છે. ઉ.દા.

- થયા પૂરા બે હાલ, સૂરત તુજ રડતી સૂરત.
- બેલગામમાં લશ્કર બે–લગામ બન્યું.

**વ્યાજસ્તુતિ :–** જયારે દેખીતી પ્રસંશા એટલે કે સ્તુતિના બહાના હેઠળ નિંદા થતી હોય અથવા દેખીતી નિંદાના બહાના હેઠળ પ્રસંશા એટલે કે સ્તુતિ થતી હોય ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે.

- ભાણાભાઈ તો સાચેજ પાપડતોડ પહેલવાન છે.
- વેવાઈનું રૂપ જુઓ રે બાઈ કંદર્પ સરીખો લાગે રે.

**સજીવારોપણ** – નિર્જીવમાં સજીવનું આરોપણ કરવામાં આવે છે. માનવ સ્વભાવનું આરોપણ નિર્જીવ પ્રદાર્થોમાં કરવામાં આવે  ત્યારે સજીવારોપણ અલંકાર બને છે.

- વર્ગમાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓને જોઈ પાટલીઓએ આંસુ સાર્યા.
- વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિક શબ્દો પુકાર્યા.

**4.4.2.4 સમાસ**

જુદા જુદા અર્થવાળા બે કે તેથી વધુ શબ્દો જોડાઈને નવા અર્થવાળો એક શબ્દ બને તેને સમાસ કહે છે. નવા રચાયેલા પદને સમસ્ત પદ કે સામાસિક પદ કહેવામાં આવે છે. શબ્દોની કરકસર કરવી અને કહેવાની વાતને સંક્ષેપમાં કહેવી એ સમાસનું કાર્ય છે. સમાસ= સમ+આસ જેમાં 'સમ' એટલે સરખું અને 'આસ' એટલે ગોઠવણી. પદોની યોગ્ય ગોઠવણીની વ્યવસ્થા એટલે સમાસ.

**સમાસ રચનાની અલગ અલગ ત્રણ પદ્ધતિ છે.**

- **સર્વપદ સમાસ :** – જેમાં સમાસના બન્ને પદ વાક્ય સાથે સ્વતંત્ર, સીધા સંબંધ ધરાવતાં હોય તેવા સમાસને સર્વપદ સમાસ કહે છે. ઉ.દા. દેશ–વિદેશ, ક્ષમાયાચના

- **એકપદ પ્રધાન સમાસ:** જેમાં સમાસનું એક પદ વાક્ય સાથે સ્વતંત્ર અને સીધો સબંધ ધરાવતું હોય જયારે બીજું પદ વાક્યના બીજા કોઈ પદને આધારે રહેલું હોય એવા સમાસને એકપદ પ્રધાન સમાસ કહે છે. ઉદા : જન્મકેદ, માનવસેવા,પરગામ

- **અન્યપદપ્રધાન સમાસ:** જેમાં સમાસના પદો વાક્યનાં પદ સાથે સ્વતંત્ર સીધો સબંધ ધરાવતાં ન હોય તથા વાક્યનું સમાસ સિવાયનું પદ મુખ્ય હોય એટલે કે સમાસનું સમસ્ત પદ વાક્યના બીજા કોઈ પદને આધારે રહેલું ગૌણ પદ હોય તેવા સમાસને અન્યપદપ્રધાન સમાસ કહે છે. ઉ.દા. લાગણીપ્રધાન, એકચિત્ત, જાણ્યે –અજાણ્યે

- ❖ **સમાસના પ્રકારો:**

**દ્વંદ્વ સમાસ:**

જુદા જુદા અર્થવાળા શબ્દો સમાન કક્ષાના હોય એટલે કે સરખા મહત્ત્વના હોય અને તેમની વચ્ચે સમુચ્ચય કે વિકલ્પનો સબંધ હોય તેવા સમાસને દ્વંદ્વ સમાસ કહે છે.આ સમાસમાં બે પદો હોય છે.બંને પદ સ્વતંત્ર હોય છે. વિગ્રહ કરતી વખતે બે પદની વચ્ચે 'અને' અથવા 'કે' મુકાય છે.

**ઉદાહરણ:**

ફળફૂલ: ફળ અને ફૂલ     છન્નું: નેવું અને છ     સાસુસસરા: સાસુ અને સસરા
સાચુંજુઠું : સાચું કે જુઠુ     કાળીધોળી: કાળી કે ધોળી     આબોહવા: આબ(પાણી) અને હવા

**તત્પુરુષ સમાસ:**

જયારે સમાસનો વિગ્રહ કરતા બે પદ વચ્ચેનો સબંધ વિભક્તિના પ્રત્યયથી જોડાય તેને તત્પુરુષ સમાસ કહે છે. સામાન્ય રીતે આ પ્રકારના સમાસમાં પૂર્વપદ કરતા ઉત્તરપદ વધારે મહત્વનું હોય છે. પ્રથમ વિભક્તિ અને સંબોધન વિભકતિને કોઈ પ્રત્યય નથી. એ સિવાય દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી આ તત્પુરુષ સમાસના પેટા પ્રકાર છે. વિવિધ વિભક્તિ પ્રત્યય ને, નો, થકી, નો, ની, નું, ના, માં એ પર લાગે તો વિભક્તિ તત્પુરુષ સમાસ બને છે.

**ઉદાહરણ:** સંજોગોવશ– સંજોગોને વશ, નિદ્રાવશ–નિદ્રાને વશ આશાભર્યું – આશાથી ભર્યું, ભાગ્યાધીન– ભાગ્યને આધીન, દર્દભર્યું– દર્દથી ભર્યું, ગુરુદ્દિક્ષણા–ગુરુ માટેની દક્ષિણા

**ઉપપદ સમાસ :** ઉપપદ સમાસ આમ તો તત્પુરુષનો જ પ્રકાર છે. કારણ કે તેમનાં પદો વચ્ચે કોઈકને કોઈ વિભક્તિનો પ્રત્યય હોય છે. એમાં પૂર્વપદ નામના અર્થનું સૂચન કરે છે, અને ઉત્તરપદ કામના અર્થનું સૂચન કરે છે. જે આખ્યાતિક હોય છે. આખું પદ અન્ય પદના વિશેષણ તરીકે વપરાય છે.તેનો વિગ્રહ કરતાં ભવિષ્યકૃદંતનો નાર પ્રત્યય લાગે ત્યારે આ સમાસ બને છે.

ઉદા. કેળવણીકાર, ગ્રંથકાર, કથાકાર, સાહિત્યકાર, અસરકારક, મર્મજ્ઞ, જડબાતોડ, લક્કડખોદ,

**મધ્યમપદલોપી સમાસ :**

જેમાં કોઈને કોઈ વિભક્તિનો સબંધ હોય, પણ વચ્ચેથી એક કે વધુ પદનો લોપ થયો હોય જે વિગ્રહ વખતે ઉમેરવાં પડે તેવો સમાસ.

ઉદા :

બળદગાડી – બળદ વડે ચાલતી ગાડી, ઘોડાગાડી– ઘોડાથી ચાલતી ગાડી

વરાળયંત્ર – વરાળથી ચાલતું યંત્ર, કલ્પવૃક્ષ – કલ્પના પ્રમાણે આપનાર વૃક્ષ.

**કર્મધારય સમાસ:**

આ સમાસમાં પૂર્વપદ કે ઉત્તરપદને એક જ સમજવામાં આવે અને વિગ્રહ કરતી વખતે રૂપી, સમું, જેવું, સરખું, તેવું, એવા, એવું જેવા શબ્દોમાંથી કોઇપણ એક શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યારે કર્મધારય સમાસ બને છે. બે પદ હોય છે; અને બે પદમાંથી કોઇપણ એક પદ વિશેષણ હોય છે.

આ સમાસમાં ઉપમાન, ઉપમેય કે વિશેષણ અને વિશેષ્ય વચ્ચે સાધારણ ધર્મનો સબંધ હોય અને અધિકરણ વિભક્તિમાં આવતા હોય તો તે કર્મધારય સમાસ તરીકે ઓળખાય છે.

**ઉદાહરણ:**

તત્પુરુષ– તે પુરુષ મહાદેવ –– મહાન દેવ

મહારાજા– મહાન રાજા મહોત્સવ – મહાન ઉત્સવ

નવયુગ – નવો યુગ મહર્ષિ – મહાન ઋષિ

પીતાંબર – પીળું અંબર ભ્રષ્ટાચાર – ભ્રષ્ટ આચાર

**દ્વિગુ સમાસ**

આ સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે.સમાસમાં સમૂહનો અર્થ એકવચનમાં હોય છે.

**ઉદાહરણ**

ત્રિકાળ – ત્રણ કાળનો સમૂહ ત્રિલોક – ત્રણ લોકનો સમૂહ

ચોમાસું – ચાર માસનો સમૂહ સપ્તર્ષિ – સાત ઋષિનો સમૂહ

અઠવાડિયું – આઠ દિવસનો સમૂહ નવરાત્રી – નવ રાત્રીનો સમૂહ

નવરસ – નવ રસનો સમૂહ પંચવટી – પાંચ વડનો સમૂહ

બહુવ્રિહ સમાસ: જેમાં કર્મધારય સમાસની જેમ પદોની વચ્ચે વિશેષણ, વિશેષ્ય કે ઉપમાન ઉપમેય સબંધ હોય અથવા તત્પુરુષની જેમ અન્ય વિભક્તિનો સબંધ હોય અને સમસ્ત પદ અન્ય પદનું વિશેષણ બનતું હોય તેને બહુવ્રિહ સમાસ કહે છે. બહુવ્રિહ સમાસ કર્મધારય અને તત્પુરુષ

સમાસથી એ રીતે જુદો પડે છે. કર્મધારય અને તત્પુરુષ સમાસ બંને સમાસ એક પદ પ્રધાન સમાસ છે.જયારે બહુવ્રિહમાં અન્ય પદ પ્રધાન છે.
બંને પદ ભેગાં કોઈ અન્ય પદનું સૂચન કરે છે. વિગ્રહના અંતે 'તે' પ્રત્યય લાગે છે.

ઉદાહરણ
ચક્રપાણી – જેના પાણિ (હાથમાં )ચક્ર છે એવા. સુખાંત – જેને અંતે સુખ છે તેવું.
મહાબાહુ _જેના બહુ બાહુ મોટા છે તેવા. કાળમુખુ – કાળ જેવું જેનું મુખ છે તે
અગમબુદ્ધિ –જેની બુદ્ધિ અગાઉથી જાણે છે તે. હરિણાક્ષી–હરણ જેવી જેની આંખો છે તે.

**અવ્યવીભાવ સમાસ**

જેમાં પૂર્વપદ અવ્યવી હોય ઉત્તરપદ નામ હોય અને સમસ્ત પદ ક્રિયાવિશેષણ અવ્યવ તરીકે વપરાતું હોય તો તે અવ્યવીભાવ સમાસ કહેવાય છે.
ઉદાહરણ:
ચથાશક્તિ– શક્તિ પ્રમાણે
આજીવન – જીવન સુધી
યથેચ્છા – ઈચ્છા પ્રમાણે
યથામતિ – મતિ(બુદ્ધિ)પ્રમાણે
પ્રતિદિન – પ્રતિ એક દિન
હરરોજ -- દરેક દિવસે
દર વખત-- દરેક વખતે
યથાસ્થાન – સ્થાન પ્રમાણે

| કૃદંત (આ સમજ સંસ્કૃત પ્રમાણે છે. ) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | કૃદંત | પ્રત્યય | સમજૂતી | ઉદાહરણ |
| 1 | વર્તમાન કૃદંત | ત + લિંગચિહ્ન | ક્રિયાની ચાલુ અવસ્થા બતાવે છે. | વાંચતો, હસતી, રમતું, લખતા |
| 2 | ભૂત કૃદંત | ય+ચેલ,લિંગચિહ્ન | ક્રિયાની પૂરી અવસ્થા બતાવે છે. | વાંચ્યો, લખ્યું, રમેલ, ગયેલ |
| 3 | ભવિષ્ય કૃદંત | નાર | ક્રિયાની થવાની અવસ્થા બતાવે છે. | વાંચનાર, લખનાર, આવનાર |
| 4 | વિધ્યર્થ/સામાન્ય | વ+ લિંગચિહ્ન | વિધિ, ફરજ કે આદેશ બતાવે છે. | વાંચવું, લખવું, ઊઠવું, કરવી |
| 5 | હેત્વર્થ કૃદંત | વા, વાને | ક્રિયાનો હેતુ બતાવે છે. | વાંચવા, દોડવા, જમવા, રમવાને |
| 6 | સબંધક ભૂતકૃદંત | ઈ, ઈને | બે ક્રિયાનો સબંધ બતાવે છે. | વાંચો, વાંચીને, જઈને, રમીને |

**4.4.2.5 સંધિ**

નીચેના શબ્દોનો ઝડપથી ઉચ્ચાર કરીએ.

આમ આવજો, શિવ આલય, કવિ ઇન્દ્ર

'આમ અને આવજો' એ બેઉ શબ્દો છૂટા છૂટા બોલવાના છે એવી ખાસ કાળજી રાખ્યા વિના આપણે ઝડપથી બોલીએ છીએ તો 'આમાવજો' જ બોલાય છે.

'શિવ' અને 'આલય' 'શિવાલય' જ બોલાય છે.

'કવિ' અને 'ઇન્દ્ર' 'કવીન્દ્ર' જ બોલાય છે.

જુદા જુદા ધ્વનિઓ એક સાથે આવે ત્યારે આપણે ઇરાદાપૂર્વક એમને જોડીને બોલતા નથી, પણ એ ધ્વનિઓ આપોઆપ જોડાઈ જાય છે. શબ્દોમાં ધ્વનિઓની આવી રીતે જોડાઈ જવાની ક્રિયા 'સંધિ' કહેવાય છે.

'સંધિ' એટલે શબ્દોનું સંધાણ.

સંધિના બે પ્રકાર છે. સ્વર સંધિ અને વ્યંજન સંધિ.

**'સ્વરસંધિ'** : સંસ્કૃત ભાષામાં એક શબ્દને છેડે આવતો સ્વર, બીજા શબ્દની શરુઆતમાં આવતાં સ્વર સાથે જોડાય ત્યારે સ્વર સંધિ થઈ એમ કહેવાય છે.

સ્વર સંધિ

| | | |
|---|---|---|
| વિદ્યા+અર્થી | વિદ્યાર્થી | આ+અ=આ |
| દયા+આનંદ | દયાનંદ | આ+આ=આ |
| સૂર્ય+અસ્ત | સુર્યાસ્ત | અ+અ=આ |
| સિંહ+આસન | સિંહાસન | અ+આ=આ |
| હરિ+ઇન્દ્ર | હરીન્દ્ર | ઇ+ઇ =ઈ |
| ભોગી+ઇન્દ્ર | ભોગીન્દ્ર | ઈ+ઇ =ઈ |
| સિંધુ+ઊર્મિ | સિંધૂર્મિ | ઉ+ઉ=ઊ |
| સપ્ત+ઋષિ | સપ્તર્ષિ | અ/આ+ઋ=અર |
| મહા+ઋષિ | મહર્ષિ | અ+આ+ઋ=અર |

**વ્યંજન સંધિ 1**

| | | |
|---|---|---|
| જગત+ઈશ | જગદીશ | અનુનાસિક સિવાયના વ્યંજન પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વ્યંજનની જગ્યાએ તેના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય |
| ષટ+ચંત્ર | ષડ્યંત્ર | |
| દિક+અંત | દિગંત | |

**વ્યંજન સંધિ** 2

| | | |
|---|---|---|
| આપદ+કાલ | આપત્કાલ | અનુનાસિક સિવાયના કોઈપણ અઘોષ વ્યંજન આવે ત્યારે આગલા વ્યંજનને બદલે તેના વર્ણનો પહેલો વ્યંજન મુકાય. |
| શરદ+પ્રકોપ | શરત્પ્રકોપ | |

**વ્યંજન સંધિ** 3.

| | | |
|---|---|---|
| સત+જન | સજ્જન | 'ત' વર્ગના વ્યંજન પછી 'ચ' વર્ગનો વ્યંજન કે 'શ' આવે તો 'ત' વર્ગના વ્યંજનને બદલે તેને મળતો 'ચ' વર્ગનો વ્યંજન આવે. |
| સદ+જન | | |
| સજ+જન | | |

**વ્યંજન સંધિ** 4.

| | | |
|---|---|---|
| નિસ+ચિન્ત | નિશ્ચિંત | 'સ' પછી 'ચ' કે 'છ' આવે તો 'સ' નો 'શ' થાય છે. |
| નિસ+છંદ | નિશ્ચંદ | |
| નીસ+ચલ | નિશ્ચલ | |

**વ્યંજન સંધિ** 5.

| | | |
|---|---|---|
| નીસ+કામ | નિષ્કામ | 'સ'ની પછી 'ક' 'ખ' 'પ' કે 'ફ' આવે તો 'સ' નો 'ષ' થાય છે. |
| દુસ+પ્રાપ્ય | દુષ્પ્રાપ્ય | |
| નિસ+ફળ | નિષ્ફળ | |

**વ્યંજન સંધિ** 6.

| | | |
|---|---|---|
| અધસ+ગતિ | અધોગતિ | 'સ'ની પૂર્વે અ અને પછી ઘોષ વ્યંજન આવે તો 'સ' નો 'ઉ' પછી પૂર્વેના 'અ' સાથે મળી 'ઉ' નો 'ઓ' થાય છે. |
| અધઉ+ગતિ | | |
| મનસ+હર | મનોહર | |
| મનઉ+રથ | મનોરથ | |

**વ્યંજન સંધિ** 7.

| | | |
|---|---|---|
| વિ+સમ | વિષમ | 'સ' થી શરુ થતા શબ્દ પહેલાં જોડાયેલા શબ્દને અંતે 'અ ' કે 'આ' સિવાયનો સ્વર હોય તો 'સ' નો 'ષ' થાય છે. |
| અભિ+સિક્ત | અભિષીકત | |
| સુ+સમા | સુષ્મા | |

**સંધિનું મહત્વ:**

પહેલા શબ્દનો છેલ્લો અક્ષર અને બીજા શબ્દનો પહેલો અક્ષર મળીને જે ત્રીજો અક્ષર થાય છે તે 'સંધિ' છે. સંધિ એટલે બે સ્વર, બે વ્યંજનો, સ્વર અને વ્યંજન, વિસર્ગ અને વ્યંજનનું અમુક વિષયો પ્રમાણે અરસ પરસનું જોડાણ.

શબ્દ કઈ રીતે બને છે, શબ્દ રચનામાં સ્વર અને વ્યંજન કઈ રીતે જોડાય છે આ માટે સંધિની સમજ અનિવાર્ય છે. ભાષાના એક પ્રમુખ હેતુ એ પણ છે કે વિદ્યાર્થી માન્ય ઉચ્ચારથી

બોલે. આ માટે જો તેને સંધિનું જ્ઞાન આપવમાં આવે તો વિદ્યાર્થીના વાચન કૌશલ્યનો સારી રીતે વિકાસ કરી શકાશે. ઉ.દા. નીરવ શબ્દની સંધિ છૂટી પાડતા નિસ+રવ થાય. 'ની' દીર્ઘ ઈ ની હ્રસ્વ ઈ સંધિમાં કેમ થાય છે તેનો ખ્યાલ આવે. જોડાક્ષર કઈ રીતે જોડાય છે અને તેનો ઉચ્ચાર કઈ રીતે થાય તેની સમજ સ્પષ્ટ થાય છે તે માટે સંધિ વિદ્યાર્થીને શીખવવી જોઈએ.

**4.4.2.6 છંદ**

જયારે કાવ્યની રચના છંદમાં કરવામાં આવે છે ત્યારે છંદનું બંધન સ્વીકારવું પડે છે તેથી છંદ એ કાવ્યના દેહનું અગત્યનું અંગ છે. છંદના બે પ્રકાર છે. અક્ષરમેળ છંદ અને માત્રામેળ છંદ.

**અક્ષરમેળ છંદ**

છંદ ઓળખવા માટે પંકિતના અક્ષરોની ગણતરી કરવામાં આવે છે. દરેક છંદમાં અમુક જ અક્ષર હોય છે. લઘુ અક્ષર અને ગુરુ અક્ષરોની ગણતરી કરવામાં આવે છે. અક્ષરોને અમુક ક્રમમાં જ ગોઠવવામાં આવે છે. આ ક્રમ બતાવવા માટે ગણની રચના કરવામાં આવે છે. કુલ આઠ ગણ છે. ય, મ, ટ, ર, જ, ભ, ન અને શ. વળી કાવ્ય બોલતી વખતે વચ્ચે અટકવું પડે છે. જ્યાં વિરામ લેવો પડે તેને યતિ કહે છે.

**માત્રામેળ છંદ**

આ જ રીતે માત્રાઓ દ્વારા અક્ષરોની ગણતરી કરવામાં આવે છે. તેને માત્રામેળ છંદ કહે છે. થોડાંક ઉદાહરણો ધોરણ–૭ ના ગ્રામમાતા કાવ્યમાં જોઈએ.

| ક્રમ | અક્ષરમેળ છંદ | છંદ પ્રકાર | બંધારણ |
|---|---|---|---|
| ૧ | ઉગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં | શાર્દુલ વિક્રીડિત | અક્ષર – ૧૯, યતિ–૧૨ માં અક્ષરે, ગણ– મસજજતત+ગા |
| ૨ | કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેરડીની | મંદાક્રાન્તા | અક્ષર – ૧૭ , યતિ– ચોથા અને દશમાં અક્ષરે, ગણ– મભનતત+ગાગા |
| ૩ | એવું યુવાન સુણતાં ચમકી ગયો ને એ હું જ છું નૃપ મને કર માફ બાઈ. | વસંતતિલકા | અક્ષર – ૧૩, યતિ–૪,૭ અને ૧૨માં અક્ષરે ગણ– તભજજગાગા |
| ૪ | મધુર સમય તેવે ખેતરે શેરડીના રમત કૃષિવલોના બાળ નાના કરે છે. | માલિની | અક્ષર – ૧૫<br>યતિ–૮ માં અક્ષરની પછી<br>ગણ– ન, ન, મ, ય, ય |

| | માત્રામેળ છંદ | છંદ પ્રકાર | બંધારણ |
|---|---|---|---|
| ૫ | ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં,<br>કૃષિક એ ઉઠી ત્યારે 'આવો બાપુ' કહી ઊભો. | અનુષ્ટુપ | ૧૩,૧૬ નાં બે ચરણ યા ૮, ૮ નાં ચાર ચરણ.<br>૧. દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છટ્ઠો અક્ષર ગુરુ<br>૨. પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ. બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ. |

- ચોપાઈ, દોહરો, હરિગીત, સવૈયા વગેરે બીજા માત્રામેળ છંદોનાં ઉદાહરણોને પ્રશિક્ષણાર્થીઓએ સ્વ પ્રયત્ને અભ્યાસ કરવો.

### 4.4.2.7 નિપાત

**ભારસૂચક શબ્દો**

અર્થનો ભાર દર્શાવવા કે તેની વિશેષતા બતાવવા માટે વપરાતા પદને નિપાત કહે છે. સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયારૂપ કે ક્રિયા વિશેષણ સાથે આવતાં આગ્રહ, ભાર, વિનંતી, મર્યાદા વગેરે જેવા વધારાના ભાવ–અર્થનું ઉમેરણ કરતાં પદો તે નિપાત. 'તો', 'જ' 'ને' 'પણ', 'ય', 'ફક્ત', 'માત્ર', 'ખરું', 'સુદ્ધાં' વગેરેને આપણે ભારસૂચક શબ્દો એટલે કે નિપાત તરીકે ઓળખીએ છીએ.

**ઉ.દા.**

- ક્રિશ્ના જ ગુલાબી સાડીમાં આવશે.
- શેઠ, આજ લગી તમારી સેવા કરી તે સામું તો જુઓ !
- ખરેખર, જગતે મહિલાઓની ઘણી જ ઉપેક્ષા કરી છે.
- અમે તો લોટો સાચવીને રાખ્યો છે.

ભારસૂચક શબ્દોના કેટલા પ્રકારો છે જે નીચે મુજબના કોઠાથી સમજી શકાશે. વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકના કોઈ એક એકમમાંથી નવા શબ્દો શોધવાની પ્રવૃત્તિ આપી શકાય. એકત્ર થયેલા વાક્યોના આધારે નિપાત ના પ્રકારે ઓળખ પણ કરાવી શકાય.

| ભારસૂચક શબ્દ (નિપાત) | | |
|---|---|---|
| ક્રમ | પ્રકાર | પ્રત્યય |
| 1 | ભારવાચક | જ,તો,પણ, ય, સુદ્ધાં |
| 2 | સીમાવાચક | માત્ર, ફક્ત, કેવળ ,તદ્દન ,સાવ,છેક |
| 3 | આદરવાચક | જી |
| 4 | પ્રકીર્ણ/લટકણિયા વાચક | ને, એમ કે, ખરું, કે, તો, તેમ |

બાળકો ભાષા દ્વારા વ્યાકરણ શીખે છે અને વ્યાકરણ દ્વારા ભાષા શીખે. વ્યાકરણ એ ભાષાનો પ્રાણ છે. વ્યાવહારિક વ્યાકરણના અભ્યાસ દ્વારા ભાષા પર પ્રભુત્વ મેળવી શકે તેવો હેતુ પ્રસ્તુત પ્રકરણનો રહેલો છે. આ પ્રકરણ દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો વ્યવહારમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતિ પ્રશિક્ષણાર્થીઓને મળી રહેશે. વળી વ્યાકરણ શિક્ષણ આપતી વખતે કેવા પ્રકારની કાળજી રાખવી જોઈએ એ વિષયના મુદ્દા આપવામાં આવ્યા છે. વ્યવહારમાં ક્યારે, કેવી રીતે, કયા સ્થળે ઉપયોગ કરવો એ હેતુ રહેલો છે.

છંદ, અલંકાર, સંધિ અને સમાસએ ભાષાના અલંકારો છે. બાળકો ભાષાનું સૌન્દર્ય સમજે અને તેનો હેતુ સમજી વ્યવહારમાં ઉપયોગ કરી શકે તે માટે આ પ્રકરણમાં સંયોજકો, દ્વિરુક્ત અને રવાનુકારી પ્રયોગો, સંધિ, સમાસ, છંદ, અલંકાર, ભારસૂચક શબ્દો વગેરેની સવિસ્તાર માહિતી આપેલ છે. પ્રશિક્ષણાર્થી સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરી વધારે ઉદાહરણો અને જ્ઞાન મેળવવું જોઈએ. આ માહિતી આપવામાં આવી છે.

આ માહિતી વિદ્યાર્થીઓ કેટલા અંશે ગ્રહણ કરે છે તેનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન શિક્ષકે કરવાનું છે. જેનાથી વિદ્યાર્થી ભાષામાં પારંગતતા પ્રાપ્ત કરી શકે છે.

**4.5 સ્વાધ્યાય**

**પ્રશ્ન –1 નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1. વર્ગખંડમાં વ્યાવહારિક વ્યાકરણ શીખવતાં પૂર્વે કેવી તૈયારી સાથે જશો ?
2. શબ્દાલંકાર કરતા અર્થાલંકાર કઈ રીતે જુદા પડે છે ઉદાહરણ સાથે સમજાવો.
3. જે શબ્દો દ્વારા નાદનું તત્ત્વ પ્રગટતું હોય તેવા શબ્દો ધો–૭ ના કોઈ એકમમાંથી શોધી યાદી તૈયાર કરો.
4. વિદ્યાર્થીઓને સંધિની સમજ શા માટે આપવી જોઈએ. સ્વર અને વ્યંજન સંધિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
5. હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. – પંકિતમાં લઘુ ગુરુ ઓળખી છંદનું બંધારણ જણાવી છંદનો પરિચય આપો.

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ખરેખર, જગતે મહિલાઓની ઘણીજ ઉપેક્ષા કરી છે.– આ વાક્યમાં નિપાત શબ્દ કયો છે તે શોધો.
2. અક્ષરમેળ છંદ અને માત્રામેળ છંદનો તફાવત લખો.
3. છંદ ઓળખવા માટેની પ્રક્રિયા કોઈ એક ઉદાહરણ આપી સમજાવો.
4. દ્વિરુક્ત શબ્દો અને રવાનુકારી શબ્દો વચ્ચે શો ભેદ છે તે ઉદાહરણ દ્વારા સમજાવો.

**પ્રશ્ન – 3 ટૂંકમાં જવાબ આપો.**

1. કોઈ એક જ વિધાન કે કાવ્ય પંક્તિમાં અનેકાર્થી શબ્દ હોય ત્યારે કયો અલંકાર બને છે?
2. દયાનંદ અને જગદીશ આ બે શબ્દોની સંધિ છૂટી પાડો.
3. રૂપક અને ઉપમા અલંકારમાં શું તફાવત છે ?
4. અંત્યાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસમાં શું તફાવત છે ?
5. ઉપમેય ના સંબધ માટે કોઈ ઉપમા ના જડે ત્યારે કયો અલંકાર બને છે ?
6. ચડતી–પડતી અને ટકટક આ બંને શબ્દ વચ્ચે શો તફાવત છે ?

**પ્રશ્ન – 4 નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને યોગ્ય ઉત્તર આપો.**

1. નિર્ણય શબ્દની સંધિ યુક્ત શબ્દો શોધો.
   અ. નીસ+નય બ. નિસ+નયન ક. નિર+નય ડ.નિઃ+અનય
2. તુ જ જઈશ તો બા માનશે બાકી અમે તો મનાવીને થાકી ગયા – વાક્યનો નિપાત ઓળખાવો.
   અ. અમે બ. તો ક. ને ડ. જ
3. પોલું છે તે બોલ્યું એમાં તેં શી કારીગરી સાંબેલું વગાડે તો હુ જાણું કે તું શાણો છે.– આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.
   અ. વસંતતિલકા બ. દોહરો ક. ચોપાઈ ડ.મનહર
4. જસ જસ યલગા – આ કયા છંદનું બંધારણ છે ?
   અ. મંદાક્રાન્તા બ. શિખરિણી ક. પૃથ્વી ડ.સ્ત્રગ્ધરા
5. લાંબા જોડે ટૂંકો જાય મરે નહિ તો માંદો થાય.
   અ. દોહરો બ. મનહર ક. ચોપાઈ ડ. સોરઠો
6. નકશામાં જોયું તે જાણે જોયું ન કશામાં – આ કયો અલંકાર છે ?
   અ. વ્યાજસ્તુતિ બ. શબ્દાનુપ્રાસ ક. દ્રષ્ટાંત ડ.શ્લેષ
7. વા ફરે વાદળ ફરે ફરે નદીનાં પુર – આ પંક્તિનો અલંકાર ઓળખાવો.
   અ. વર્ણાનુપ્રાસ બ. ઉપમા ક. અંત્યાનુપ્રાસ ડ.શબ્દાનુપ્રાસ

8. નિરુપમા શબ્દની સાચી સંધિ શોધો.

અ. નિર+ઉપમા  બ. નીર+ઉપમા  ક. નિસ+ઉપમા  ડ.નિરુ+ઉપમા

9. નીચેનામાંથી કઈ સંધિ સાચી છે.

અ. ગૌ+અક  બ. સહ+ગીત  ક. ભૌ+અન  ડ.પા+અક

10. નીચેનામાંથી કયો સમાસ જુદો પડે છે.

અ. માતા–પિતા  બ. રાત–દિવસ  ક. ઘાણી–ચણા  ડ.નવરાત્રી

11. શાળાનો નવો ઓરડો અષ્ટકોણીય છે – વાક્યમાં કયો સમાસ છે તે ઓળખો.

અ. દ્વંદ્વ  બ. દ્વિગુ  ક. કર્મધારય  ડ. તત્પુરુષ

## 4.6 સંદર્ભ સાહિત્ય


| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશક લેખક અને આવૃત્તિ |
|---|---|---|
| 1 | ગુજરાતી ભાષા પરિચય | ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર 1991 |
| 2 | જોડણી પ્રવેશ | રતિલાલ સાં. નાયક, અનડા બુક ડીપો, ગાંધી માર્ગ–અમદાવાદ 1966 |
| 3 | ભાષા સજ્જતા અને લેખન કૌશલ્ય | યોગેન્દ્ર વ્યાસ પૂર્વ નિયામક, ભાષા ભવન, ગુજરાત, યુનિવર્સિટી અમદાવાદ |
| 4 | જોડાક્ષર વિચાર | શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પ્રકાશક–મુળીબહેન અંબાલાલ રતનચંદ ખંભાતવાળા(નવ સર્જન પબ્લિકેશન (2014) |
| 5 | ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ | અરવિંદ ભાંડારી, ગુજરાત યુનિવર્સિટી, પ્રકાશક–ચંદ્રમૌલી એમ.શાહ, અરુણોદય પ્રકાશન, ગાંધી રોડ–અમદાવાદ 1992 |
| 6 | શિક્ષક તાલીમ સાહિત્ય સામગ્રી | મોડ્યુલધોરણ 6 થી 8 મોડ્યુલ ધોરણ6 થી 8 (ગુજરાતી)જી.સી.ઈ.આર.ટી |
| 8 | વિચાર વિસ્તાર, છંદ, અલંકાર, રસદર્શન અને પ્રસંગાલેખન | બી.એડ.નો 1995 નો અભ્યાસક્રમ પરીખ ઝાલા પ્રકાશન |

# એકમ –5

## વિષયવસ્તુ - ધોરણ– 6,7,8

**5.1 પ્રસ્તાવના**

**5.2 ઉદ્દેશો**

**5.3 અધ્યયન નિષ્પત્તિઓ**

**5.4 ધોરણ–6,7,8 માં ભાષા શિક્ષણ**

5.4.1 ગદ્ય–પદ્ય કૃતિઓનો અભ્યાસ

5.4.2 શબ્દસમજૂતી / ટિપ્પણ

5.4.3 ભાષાસજ્જતા

5.4.4 અભ્યાસ અને સ્વાધ્યાય

5.4.5 પ્રવૃત્તિ

5.4.6 શિક્ષક આવૃત્તિ

5.4.7 કસોટી પત્ર – 1

5.4.8 કસોટી પત્ર – 2

**5.5 સારાંશ**

**5.6 સમજ ચકાસતા પ્રશ્નો**

**5.7 સ્વાધ્યાય**

**5.8 સંદર્ભસાહિત્ય**

# એકમ –5
# વિષયવસ્તુ - ધોરણ– 6,7,8

## 5.1 પ્રસ્તાવના

અગાઉના ચાર પ્રકરણમાં ભાષા શીખવવા માટે લેવાની કાળજીની અને ભાષા અધ્યાપનની પદ્ધતિઓની ચર્ચા કરવામાં આવી છે. તમે એટલું તો સમજી જ લીધું હશે કે અન્ય વિષયોની જેમ ગુજરાતી વિષયને ભણાવી શકાય નહીં. ગુજરાતી વિષય તો અર્થગ્રહણ, અર્થઘટન અને અભિવ્યક્તિના સાધન તરીકે ભણવાનો અને ભણાવવાનો વિષય છે. તમે આ બાબત બરાબર સમજો તો જ ગુજરાતી ભાષાનાં ધોરણ–6,7,8 નાં પાઠ્યપુસ્તકોના અધ્યાપનને યોગ્ય ન્યાય આપી શકો. આ પુસ્તકોમાં અને તેની શિક્ષક–આવૃત્તિઓમાં સમાવિષ્ટ ગદ્ય–પદ્ય કૃતિઓ, વ્યાકરણના મુદ્દા ભાષાકીય કૌશલ્યો વિકસાવવા આપેલી પ્રવૃત્તિઓ વગેરેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અનિવાર્ય બને છે. આ સંદર્ભમાં જ હવે વિષયવસ્તુના મુદ્દાઓની સમજ મેળવીએ.

## 5.2 ઉદ્દેશો

પ્રશિક્ષણાર્થીઓ માટે આ પ્રકરણના અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

ધોરણ 6,7,8 ના માતૃભાષાનાં પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિઓના અધ્યયનના આધારે પ્રશિક્ષણાર્થી....

- ધોરણ–6,7,8 એ ભાષાશિક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવાનો તબક્કો છે તે જાણે.
- ગદ્ય – પદ્ય કૃતિઓમાં રહેલાં મૂલ્યો અને ભાષાકીય બાબતોથી પરિચિત બને.
- રુઢિપ્રયોગો,કહેવતો અને શબ્દાર્થ દ્વારા શબ્દભંડોળ સમૃદ્ધ કરે.
- ભાષાસજ્જતા શીર્ષક તળે આપેલ વ્યાકરણ, લેખન અને સાહિત્યસ્વરૂપો વિશેની સમજ મેળવે.
- સ્વાધ્યાયકાર્ય દ્વારા કૃતિઓનો ઊંડાણથી પરિચય મેળવે.
- એકમના અંતે આપેલ પ્રવૃત્તિકાર્ય કરીને ભાષા સમૃદ્ધિ હાંસલ કરે.
- શિક્ષકઆવૃત્તિ ઓના અભ્યાસથી ગદ્ય–પદ્ય કૃતિઓના અધ્યાપનનું કૌશલ્ય વિકસાવે.
- કસોટીપત્રોના ઉત્તરો આપે તથા અન્ય કસોટીઓ રચવાનું કૌશલ્ય વિકસાવે.

## 5.3 અધ્યયન નિષ્પત્તિઓ

આ એકમનો અભ્યાસ કર્યા બાદ પ્રશિક્ષણાર્થીઓ નીચે જણાવેલ મુદ્દાઓ માટે સમર્થ બનશે.

- ધોરણ–6,7,8 એ ભાષાશિક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવાનો તબક્કો છે તે જાણશે.

- ગદ્ય – પદ્ય કૃતિઓમાં રહેલાં મૂલ્યો અને ભાષાકીય બાબતોથી પરિચિત બનશે.
- રૂઢિપ્રયોગો, કહેવતો અને શબ્દાર્થ દ્વારા શબ્દભંડોળ સમૃદ્ધ કરશે.
- ભાષાસજ્જતા શીર્ષક તળે આપેલ વ્યાકરણ, લેખન અને સાહિત્યસ્વરૂપો વિશેની સમજ મેળવશે.
- સ્વાધ્યાયકાર્ય દ્વારા કૃતિઓનો ઊંડાણથી પરિચય મેળવશે.
- એકમના અંતે આપેલ પ્રવૃત્તિકાર્ય કરીને ભાષાસમૃદ્ધિ હાંસલ કરશે.
- શિક્ષક આવૃતિઓના અભ્યાસથી ગદ્ય–પદ્ય કૃતિઓના અધ્યાપનનું કૌશલ્ય વિકસાવશે.
- કસોટીપત્રોના ઉત્તરો આપશે તથા અન્ય કસોટીઓ રચવાનું કૌશલ્ય વિકસાવશે..

## 5.4 ધોરણ–6,7,8માં ભાષા શિક્ષણ

આપણે જાણીએ છીએ કે ધો–1 થી 5માં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓમાં અક્ષરજ્ઞાનની આવડત કેળવવાનું કાર્ય થાય છે. વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચારે આરોહ–અવરોહ સાથેનું કથન અને વાચન કરતાં શીખવાય છે. તેઓને અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી, યોગ્ય વિરામચિહ્ન મૂકી સુલેખન અને શુદ્ધલેખન કરવાનું શીખવાય છે. આ રીતે પ્રારંભિક પાંચ વર્ષોમાં બાળકો સાંભળતાં–વાંચતાં–સમજતાં–બોલતાં અને લખતાં શીખે છે. હવે ધોરણ– 6, 7, 8 માં આ ક્ષમતાઓ તો વધુ વિકસાવવાની છે. પણ ખાસ તો ભાષાજ્ઞાન માટે પ્રયત્ન કરવાનો છે. યાદ રાખીએ કે ભાષાશિક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવાનો આ તબક્કો છે. આ વર્ષોમાં ....

- વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ સમૃદ્ધ થાય.
- તેઓ સમાસ, રૂઢિપ્રયોગો, કહેવતો વાપરી અભિવ્યક્તિમાં અસરકારક પ્રભાવાત્મક બનાવી શકે.
- તેઓ વિવિધ ભાષાપ્રયોગોનો ઉપયોગથી વાક્યરચનાઓ કરે.
- પોતાના વિચારો, ભાવો, અનુભવો, સંવેદના અને વક્તવ્યને ક્રમબદ્ધ રીતે અભિવ્યક્ત કરતાં શીખે.
- ભાષાની ખૂબીઓ જાણી તેનો સભાન વ્યૂહરચનાત્મક ઉપયોગ કરતા થાય.

આ પ્રકારનું ભાષાશિક્ષણનું કાર્ય કરવાનું છે. ઉપરોક્ત કાર્ય કરવા માટે ધોરણ 6,7,8 નાં પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવાનો છે.

### 5.4.1 ગદ્ય–પદ્ય કૃતિઓનો અભ્યાસ

ધોરણ 6, 7, 8ના ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં વિદ્યાર્થીઓના વિકસતા જતા અનુભવ અને અભિરુચિને સુસંગત વસ્તુ સામગ્રી મુકવામાં આવી છે.

આ પુસ્તકોમાં ચિત્રપાઠ, બોધકથા, દ્રષ્ટાંતકથા, પ્રસંગકથા, લોકકથા, ચાતુર્યકથા, હાસ્યકથા, સંવેદનકથા, પૌરાણિકકથા, જીવનપ્રસંગ, જીવનચરિત્ર, ચરિત્રલેખ, આત્મકથાખંડ, નવલકથાખંડ, પત્ર, પ્રવાસલેખ, નિબંધ, સંવાદ, નાટક, અહેવાલ અને અખબારીનોંધ તથા ભજન, પ્રાર્થનાગીત, ઊર્મિગીત, લોકગીત, શૌર્યગીત, ઉત્સવગીત, પ્રકૃતિગીત, જેવા જીવાતા જીવન સાથે અનુબંધ ધરાવતા વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સ્વરૂપોને સ્થાન અપાયું છે.

જો કે ધોરણ– 6, 7, 8ના વિદ્યાર્થીઓને આ તબક્કે સાહિત્યનાં સ્વરૂપોનું કે ગુજરાતી સાહિત્યનું ઊંડાણથી શિક્ષણ આપવાનું લક્ષ્ય નથી તે માટે માત્ર પ્રકરણની શરૂઆતમાં આપેલ કર્તા અને કૃતિના પરિચયનો ઉપયોગ કરીશું. આપણે તો મૂળે માતૃભાષા માટે પ્રેમભાવ જાગે તે રીતે ભાષાજ્ઞાન (ભાષા શિક્ષણ ) આપવાનું છે. પ્રશિક્ષણાર્થીએ આ પાઠ્યપુસ્તકોમાં ભાષા–કૌશલ્યોના વિકાસ માટે ક્યાં ક્યાં અવકાશ છે તે શોધવાનું છે. વિદ્યાર્થી જાતે જ વિચારે, ચિંતન–મનન કરે, સમસ્યાનો ઉકેલ શોધે, કંઇક નવું સર્જન કરે, મેળવેલ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરે, પુસ્તકાલય પ્રવૃત્તિમાં સક્રિય બને તે રીતે તેને ભાષા શીખવવાની જે જે તકો હોય તે શોધવાની છે. આ બાબતને બીજી રીતે દર્શાવીએ તો ગદ્ય–પદ્ય કૃતિઓમાં જે પાઠ્યવસ્તુ છે તે ગૌણ છે, તેમાં રહેલી ભાષાકીય બાબતો મુખ્ય છે. પ્રશિક્ષણાર્થીએ આ સંદર્ભમાં ગદ્ય–પદ્ય કૃતિઓનું અધ્યયન કરવાનું છે. અને અધ્યાપન માટે તૈયાર થવાનું છે.

પાઠ્યપુસ્તકોમાંની દરેક કૃતિમાં માનવીય મૂલ્યો છુપાયેલાં હોય છે. જે તે કૃતિમાં નિર્દિષ્ટ મૂલ્યોની તારવણી કરી વિવેચનાત્મક ચિંતન દ્વારા કૃતિને સમજવાનો પ્રશિક્ષણાર્થીએ પ્રયત્ન કરવાનો છે. જે તે એકમ શીખવતાં શીખવતાં વિદ્યાર્થીઓમાં પરોક્ષ રીતે મૂલ્યોનું પ્રસ્થાપન થાય તેની કાળજી લેવાની છે. ધોરણ ૬ થી ૮ ના પસંદિત એકમોની યાદી નીચે મુજબ છે.

**5.4.1.1 ધોરણ–૬ ના પસંદિત એકમો.**

૧. પદ્ય–૨ હિંદમાતાને સંબોધન (પ્રાર્થના ગીત)
૨. ગદ્ય–૯ પંખીની પાંખમાં પાદર ( નિબંધ )
૩. પદ્ય–૧૫ ગુજરાત મોરી મોરી ( ઊર્મિ ગીત)
૪. ગદ્ય–૧૧ એડક જાદુઈ પત્રની વાર્તા ( હાસ્ય વાર્તા)

**5.4.1.2 ધોરણ–૭ ના પસંદિત એકમો.**

૧. પદ્ય–૮ માલમ તું હલેસા માર (લોકગીત)
૨. ગદ્ય–૭ પરીક્ષા ( બોધકથા )
૩. પદ્ય–૧૫ ગ્રામમાતા (ખંડકાવ્ય )
૪. ગદ્ય–૧૭ જીવરામ ભટ્ટ (નાટક)

**5.4.1.3 ધોરણ–૮ના પસંદિત એકમો.**

૧. પદ્ય–૬ ધૂળિયે મારગ (ઊર્મિગીત )

૨. ગદ્ય–૯ દીકરાનો મારનાર (લોકકથા )

૩. પદ્ય–૧૧ વળાવી બા આવી (સોનેટ)

૪. ગદ્ય–૧૭ સંસ્કારની શ્રીમંતાઈ (નવલિકા)

**5.4.2 શબ્દસમજૂતી / ટિપ્પણ**

પાઠ્યપુસ્તકમાં કૃતિના અંતે ટિપ્પણ, રૂઢિપ્રયોગ અને કહેવતો આપેલ છે. જેમાં શબ્દોના સાર્થ જોડણીકોશ મુજબના અર્થ અને જરૂર જણાય ત્યાં સંદર્ભગત અર્થ આપવામાં આવેલા છે. તેનો અભ્યાસ કરી પ્રશિક્ષણાર્થીએ.......

- શબ્દો કેવી રીતે બને છે, કેવી રીતે તેનું ઘડતર થાય છે, કેવી કેવી જુદી જુદી રીતે તેનો વપરાશ થાય છે?
- પ્રત્યયોની મદદથી કેવા જુદા જુદા શબ્દો રચાય છે ?
- એક જ શબ્દ જુદા જુદા સંદર્ભમાં વપરાય ત્યારે કેવા જુદા–જુદા અર્થ વ્યક્ત કરે છે?
- મોટા મોટા શબ્દસમૂહોને બદલે કયા તળપદા કે શિષ્ટ શબ્દ પ્રયોજી શકાય છે?
- પારિભાષિક શબ્દો, સામાસિક શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતો વાપરીને અભિવ્યક્તિમાં કેવી સઘનતા અને સચોટતા લાવી શકાય?

આ જાણકારી સાથે પ્રશિક્ષણાર્થીએ પોતાનું શબ્દભંડોળ સમૃદ્ધ કરવાનું છે.આ ઉપરાંત વિદ્યાર્થીઓને શબ્દોના અર્થ આત્મસાત થાય તે રીતે શબ્દ શીખવવાની જુદી જુદી પ્રયુક્તિઓથી પણ પરિચિત થવાનું છે.

**5.4.3 ભાષાસજ્જતા**

ધોરણ 6,7,8નાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોમાં કેટલીક કૃતિઓના અંતે ભાષાસજ્જતા શીર્ષક તળે ઉચ્ચારણ, સ્વર–વ્યંજન, ઘોષ–અઘોષ ધ્વનિ, અનુનાસિક ધ્વનિ, શબ્દકોશનો ઉપયોગ, વિરામચિહ્નો, સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દપ્રયોગો, વાક્યના પ્રકાર, કર્તરિ–કર્મણિ –ભાવે વાક્ય પ્રયોગ, સંયોજક, ક્રિયાપદ, નામપદ, કાળ, અલંકાર, સંધિ, સમાસ, જેવી વ્યાકરણ વિષયક વિગતોની સમજ આપવામાં આવી છે.

ભાષાસજ્જતા શીર્ષક તળે તત્સમ – તદ્ભવ શબ્દો, જોડણી, માતૃભાષાનું મહત્ત્વ, વાર્તાલેખન, પત્રલેખન, નિબંધલેખન જેવાં લેખનમાં લેવાની કાળજી તથા દુહા–મુક્તક–હાઈકુ ને સોનેટ જેવાં સાહિત્ય સ્વરૂપોની સરળ સમજ અપાઈ છે.

પ્રશિક્ષણાર્થીએ આ મુદ્દાઓમાં પારંગતતા પ્રાપ્ત કરવાની છે. આ તમામનો ઊંડાણથી અભ્યાસ કરવાનો છે. તે પછી વિદ્યાર્થીઓને આ મુદ્દાઓ શીખવવા અધ્યાપન કાર્યનાં કૌશલ્યો હાંસલ કરવાનાં છે.

5.4.4 અભ્યાસ અને સ્વાધ્યાય

પાઠ્યપુસ્તકમાં એકમમાં ભાષા સજ્જતા પછી અભ્યાસ અને સ્વાધ્યાય આપેલ છે. તેનો હેતુ ભાષાકીય કૌશલ્યોની સિદ્ધિના મૂલ્યાંકનનો છે. તે ઉપરાંત એકમના અધ્યાપનકાર્ય પછી વિદ્યાર્થીઓને તેનું દઢીકરણ થાય તે પણ છે.

- પ્રશ્નોના ઉત્તર આપો.
- વિચારીને લખો.
- કોણ બોલે છે – કોને કહે છે.
- યોગ્ય શબ્દથી ખાલી જગ્યા પૂરો
- કાવ્યપંક્તિ પૂર્ણ કરો.
- પંક્તિનો અર્થ સમજાવો.
- આપેલ આડા–અવળા શબ્દોને યોગ્ય રીતે ગોઠવો.
- શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
- જોડકાં જોડો.
- વાક્યમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.
- આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.
- સમાન અર્થવાળી / વિરોધી અર્થવાળી કહેવત કહો.
- નામપદ અને ક્રિયાપદ શોધી અલગ દર્શાવો.
- પાઠમાંથી ક્રિયાપદ વગરનાં વાક્યો શોધીને લખો.
- સંધિ છોડો / જોડો.
- સમાસનાં નામ આપો..
- ચિત્રવર્ણન કરો.
- મુદ્દા ઉપરથી વાર્તા લખો.
- પત્રલેખન કરો.
- ગદ્યાર્થગ્રહણ કરો/ સંક્ષિપ્તીકરણ કરો.
- પંક્તિ સમજાવો.
- વિચારવિસ્તાર કરો.
- નિબંધ લખો.
- કાવ્યનો અર્થ તમારા શબ્દોમાં લખો.

ઉપર જેવી સૂચનાઓથી તૈયાર થયેલ અભ્યાસ / સ્વાધ્યાય /પુનરાવર્તન કસોટીઓના મહાવરાથી પ્રશિક્ષણાર્થીએ જે તે એકમને સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

### 5.4.5 પ્રવૃત્તિ

ધોરણ 6,7,8ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિના અંતે ‘પ્રવૃત્તિ’ શીર્ષક તળે બોક્સમાં આપેલી માહિતી મહત્ત્વની છે. અધ્યયન – અધ્યાપનમાં પુસ્તકાલયનો, સ્થાનિક સાહિત્યનો અને સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ થાય તેવી તે વિવિધતાસભર સામગ્રી છે. આ પ્રવૃત્તિઓ વર્ગખંડમાં જ યોજવામાં આવે તેવો આગ્રહ નથી. શાળા–સમય સિવાય વિદ્યાર્થી જાતે કરે કે કોઈની મદદથી પોતાની અનુકૂળતામુજબ કરી શકે છે.બરાબર સમજી લો કે ભાષાના કેટલાક હેતુઓ એવા છે કે એની સિદ્ધિ માટે પાઠ્યપુસ્તકમાં આપેલી ગદ્ય– પદ્ય કૃતિઓ ઉપર જ આધાર રાખી શકાય નહીં. એવા કેટલાક હેતુઓની સિદ્ધિ માટે પુસ્તક ઉપરાંત શાળામાંના અને શાળા બહારના અધ્યાપન કાર્યક્રમો જરૂરી છે. તેમાં ‘સૂચના પ્રમાણે કરો’ અને ‘પ્રવૃત્તિ’ એ શીર્ષક તળે જે અંગૂલિનિર્દેશ થયો છે તે ખૂબ જ મહત્ત્વનો છે. આ વધારાનું કામ છે, આવું કંઈ કરાવવું જરૂરી નથી, આવું કાર્ય મરજિયાત છે એવા કોઈ પણ ભાવથી તેની ઉપેક્ષા કરવાની નથી. છેલ્લે આ કામ ખૂબ અગત્યનું છે. તે સમજ સાથે પ્રશિક્ષણાર્થીએ તેમાંથી પસાર થવાનું છે. તમે તેનો અભ્યાસ કરો અને તમારામાં આવેલ ભાષાસમૃદ્ધિનું સ્વમૂલ્યાંકન કરો.

### 5.4.6 શિક્ષક આવૃત્તિ

ધોરણ– 6,7,8ના ગુજરાતીના પાઠ્યપુસ્તકોના અધ્યાપન માટે શિક્ષકોને માર્ગદર્શન મળે તે માટે શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે. શિક્ષક આવૃત્તિ વિશે પ્રથમ વર્ષના ‘ગુજરાતી ધોરણ 1 થી 5’ ના પાઠ્યપુસ્તકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી છે તેનો સ્વઅભ્યાસ કરવો.

શિક્ષક આવૃત્તિમાં

- ‘આ પાઠ્યપુસ્તક વિશે’ .....એ શીર્ષક તળે જે તે ધોરણના પુસ્તકમાં સમાવેલી બાબતોનો ભાષાના સંદર્ભમાં પરિચય કરાવ્યો છે.
- ભાષાના મુખ્ય પાંચ હેતુઓ અને દરેક હેતુ દ્વારા કરવાની અધ્યયન ઉપલબ્ધિઓનાં વિધાનો આપ્યાં છે. જે વાંચવાથી અભ્યાસક્રમની સમજ સ્પષ્ટ બને છે.
- પાઠ્યપુસ્તકના દરેક એકમના અધ્યાપન માટેનું ક્રમશ : માર્ગદર્શન આપ્યું છે.
- વિદ્યાર્થી આવૃત્તિના પાનાની ફોટો કોપી તથા તેના અધ્યાપન માટેની સમજ અપાઈ છે. જેમાં –

જે તે પ્રકરણના સામાન્ય હેતુ, વિશિષ્ટ હેતુ, આપણું લક્ષ્ય, રમત, સ્થાનિક સંસાધન, પ્રવૃત્તિ, મૂલ્યાંકન, સદર્ભ જેવાં શીર્ષક તળે વ્યવસ્થિત માર્ગદર્શન પૂરું પાડવામાં આવે

છે.પ્રશિક્ષણાર્થીએ વિષયવસ્તુ અને પદ્ધતિની સંયુક્ત સમજ માટે શિક્ષક આવૃત્તિઓનો અભ્યાસ કરવો. પાઠ આયોજન તૈયાર કરતી વખતે સંદર્ભ સાહિત્ય તરીકે તેનો ઉપયોગ કરવો

**5.4.7 કસોટી પત્ર – 1 (ધોરણ – 6)**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. મલકને આબાદ કરવા કવિ શું સૂચવે છે ?
2. ઝવેરચંદ મેઘાણીએ રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કેમ કહ્યા છે ?
3. રાવણ પોતાના હોઠ દાંત વડે શા માટે પીસે છે.
4. 'ગાંધીજીની ગુજરાત કપરી જીરવવી' એમ કવિ શા માટે કહે છે ?
5. હરખચંદને શા માટે શરમાવું પડ્યું ?

**2. માગ્યા મુજબ જવાબ લખો.**

1. પાંચેક વાક્યમાં 'લોકગીત' ની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. સ્વચ્છતાને લગતાં ચાર સૂત્રો લખો.
3. નિબંધના કોઈ પણ ચાર પ્રકારનાં નામ લખો.

**(અ) પ્રશ્નના ઉત્તર માટે સાચો વિકલ્પ પસંદ કરો.**

1. કવિ મણિશંકર રત્નજી ભટ્ટનું ઉપનામ જણાવો

   (a)કલાપી (b) કાન્ત (c) સંતબાલ (d) રત્નમણિ

2. ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલ કુંડને શું કહે છે ?

   (a)જળવાડો (b) જળકુંડ (c) હવાડો (d) તળાવ

3. આઝાદીની લડતમાં ઝંપલાવતાં રવિશંકર મહારાજે કયો ધંધો છોડ્યો ?

   (a)કટલરીનો (b) યજમાનવૃત્તિનો (c) ખેતીનો (d) રસોઈનો

4. દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો ?

   (a)નમ્રતાનો (b) વફાદારીનો (c) સ્વચ્છતાનો (d) ખુમારીનો

**(બ) અ અને બ વિભાગના શબ્દોને અર્થ રચાય તેમ ગોઠવો.**

| અ | બ | નવો શબ્દ |
|---|---|---|
| કાળ | ભેર | |
| ખખડ | લેખ | |
| મુદ્રા | વાન | |
| માન | મુખું | |
| | ધજ | |

**(ક) કૃતિ સાથે કર્તાને યોગ્ય રીતે જોડો.**

| કૃતિ | કર્તા |
|---|---|
| પગલે પગલે | જોરાવરસિંહ જાદવ |
| મહેનતની મોસમ | કિશોરસિંહ સોલંકી |
| પાદર | રવિશંકર મહારાજ |
| લેખણ ઝાલીનો રહી | નાથાલાલ દવે |
| | સંતબાલ |

**3. (ડ) વાક્યનો કાળ લખો**

(1) કહળસંગે ગાડું હાંકી મૂક્યું.

(2) ચોકલેટ મમળાવવાની મજા આવે છે.

(3) ન્યાયાધીશ ફાંસીની સજા કરશે.

**4 (અ) વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ? તે લખો.**

1. "આવો,બેસો! ચા લેશો ને ?"

2. "મંદિરમાં એક સરખી બે મૂર્તિઓની જરૂર છે ?"

**(બ)નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

(1) કંદુક (2) જિગર (3) ચિર (4) ભૂષણ

**(ક) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

(1) રોગી (2) પાપ (3) સાવધ (4) પ્રેમ

**(ડ) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો**

(1) જ્ઞાન, ખાંડું, ક્ષમા, કંકર

(2) ઈન્દ્રજિત, ત્ર્યંબક, અભિમાન, સિન્ધુ

**5. (અ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(1) બારસાખની બહાર દેખાતો ઉપલો છેડાનો ભાગ

(2) સવારના સમયે કરવામાં આવતો નાસ્તો

**(બ) રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

(1) વાતોનાં વડાં કરવાં

(2) જોતરાઈ જવું

**(ક) નામપદ શોધીને લખો**

(1)આ દક્ષિણધ્રુવની દિશા છે.

(2)મહારાજ ઝાડ પરના માંચડે બેઠા હતા.

**(ડ) નીચે આપેલ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.**

(1) કાચોપોચો (2) નરમગરમ

**6. (અ)વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકીને ફરી લખો**

તેથી જ મને લાગે છે કે આપણે ફિલ્મ જોઈ શકીશું, નિરંજને કહ્યું

**(બ) નીચેના શબ્દોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો**

પાણિ– પાણી

**(ક) નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો તે જણાવો**

(1) તમે પસાર થઈ રહ્યા છો ત્યાં બાજુમાં અચાનક આગ લાગે છે તો–

**(ડ) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ પદ શોધો**

(1) બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું.

**7. (અ) 'ઘરડાં ગાડાં વાળે' કહેવત ઉપરથી વાર્તા લખો**

**(બ) 'ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે.' વિસ્તારથી સમજાવો**

**8. (અ) ' રાવણનું મિથ્યાભિમાન' કાવ્યના આધારે પ્રસંગકથા તમારા શબ્દોમાં લખો .**

**(બ) તમે શહેરમાં ભણવા ગયા છો, તમને તમારું ગામ યાદ આવે છે. તમારા મિત્રને પત્ર લખો.**

**(9) ગમે તે એક વિષય ઉપર નિબંધ લખો**

(1) મારો પ્રિય વિજ્ઞાની

(2) મારો દેશ ભારત

**ધોરણ –6 ના ગુજરાતીના પાઠ્યપુસ્તક આધારે એક કસોટીપત્ર આપ્યું છે તેના ઉત્તરો લખો.**

ધોરણ – 7 અને 8 ના પાઠ્યપુસ્તકો આધારે બીજાં કસોટીપત્રો તૈયાર કરો અને તેના ઉત્તરો લખો.

## 5.4.8 કસોટીપત્ર –2

ગુજરાતી ધોરણ–6, પ્રથમ સત્રની શિક્ષક આવૃત્તિના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) સત્રાંતે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ કેટલું હોવું જોઈએ ?

(2) તાર્કિક ચિંતન હેતુની બે અધ્યયન ઉપલબ્ધિઓ નોંધો.

(3) ઉદાહરણ સાથે ERAC અભિગમ સમજાવો.

(4) 'દ્વિદલ' એકમના નિર્દેશેલ વિશિષ્ટ હેતુઓ પૈકી કોઈ ત્રણ જણાવો.

(5) 'લેખણ ઝાલી નો રહી' એકમમાં 'આટલી કાળજી લઈએ' એ શીર્ષક તળે શાનો નિર્દેશ કર્યો છે ?

(6) 'પગલે પગલે' કવિતામાંથી શું મૂલ્યશિક્ષણ મળે છે ?

(7) 'મૂકસેવક રવિશંકર મહારાજ' એકમના પાઠવિકાસનાં સોપાનો નોંધો.

(8) 'પાદર' એકમના અધ્યાપન પછી તે સંદર્ભે વિદ્યાર્થીઓ સમક્ષ બીજી શાની રજૂઆત કરશો?

(9) 'બિરબલની યુક્તિ' વાર્તાને શીખવવા કઈ પ્રયુક્તિ પ્રયોજશો ?

(10) 'હિંદમાતાને સંબોધન' કાવ્ય શીખવ્યા પછી 'પૂરકગીત' તરીકે કઈ પ્રાર્થનાનું ગાન કરાવવાનું કહ્યું છે?

કસોટીપત્ર –1 અને 2 ના ઉત્તરો લખો. હવે આ સંદર્ભમાં ધોરણ 6, 7, 8 ના પાઠ્યપુસ્તકોનો અને શિક્ષક આવૃત્તિઓનો અભ્યાસ કરો.

**5.5 સારાંશ**

પ્રશિક્ષણાર્થીઓએ ધોરણ 6, 7, 8 ના માતૃભાષાના અધ્યાપનકાર્ય માટે સજ્જ બનવાનું છે. તે માટે સંપાદિત ગદ્ય–પદ્ય કૃતિઓમાં રહેલી ભાષાકીય બાબતોનો પરિચય મેળવવાનો છે.એક શિક્ષક તરીકે પાઠ્યપુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ કરી વિષયવસ્તુમાં પારંગતતા અને ભાષાસમૃદ્ધિ હાંસલ કરવાનાં છે. શિક્ષક આવૃત્તિઓમાં આપેલ માર્ગદર્શન દ્વારા પાઠવિકાસની પદ્ધતિથી પરિચિત થવાનું છે તથા ભાષાના અધ્યાપનનાં કૌશલ્યો હસ્તગત કરવાનાં છે. આ સંદર્ભમાં આ પ્રકરણ સમજવું અને તેમાં સૂચિત મુદ્દાઓનું વ્યવસ્થિત અધ્યયન કરવું.

નમૂનારૂપે આપેલ કસોટીપત્રોના ઉત્તરો લખવાના છે તથા બીજાં આવાં કસોટીપત્રો રચી તેના ઉત્તરો લખવાના છે.આવા સ્વધ્યયનથી વિષયવસ્તુમાં પારંગતતા હાંસલ કરવાની છે.

**5.6 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો.**

1. પ્રારંભિક પાંચ વર્ષોમાં બાળકોને માતૃભાષામાં શું શું શીખવાય છે?
2. ધોરણ 8 અંતે બાળકોમાં કઈ કઈ ભાષાકીય ક્ષમતાઓ હાંસલ કરાવવાનું લક્ષ્ય છે?
3. ધોરણ–6, 7, 8 માં આપેલ કોઈ પાંચ ગદ્ય સાહિત્ય સ્વરૂપોની યાદી કરો.

**(બ) નીચેનાં વિધાનો સમજાવો.**

1. ગદ્ય–પદ્ય કૃતિઓમાં જે પાઠ્યવસ્તુ છે તે ગૌણ છે'

2. પાઠ્યપુસ્તકોમાં આપેલ અભ્યાસ, સ્વાધ્યાય, અને પુનરાવર્તન કસોટીઓ ભાષા શિક્ષણ માટે ઉપયોગી છે.

3. એકમનાં અંતે બોક્સમાં આપેલ પ્રવૃત્તિઓ /સૂચના પ્રમાણે ભરવાનું ઘણું મહત્ત્વ છે.

4. ભાષાના અધ્યાપન કાર્યમાં શિક્ષક આવૃત્તિ એ હાથવગુ સંદર્ભ સાહિત્ય છે.

**(ક) માગ્યા મુજબના જવાબ લખો.**

1. તમારી શબ્દસમૃદ્ધિ વધારવા તમે શબ્દવિષયક કેવી રીતે જાણકારી મેળવશો?
2. ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ભાષાસજ્જતા વિકસાવવા તમે કઈ કઈ માહિતી શીખવશો?

**5.7 સ્વાધ્યાય**

ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોના આધારે પ્રશ્નોના જવાબ લખો.

(1) 'શબ્દસમૂહ માટે એક શબ્દ આપો' એવા દસ શબ્દોની યાદી ધોરણ 6 પ્રથમ સત્રમાંથી કરો.

(2) ધોરણ–7 દ્વિતીયસત્રના પુસ્તકમાંથી રૂઢિપ્રયોગો શોધી તેના અર્થ આપો ને વાક્યપ્રયોગ કરો.

(3) ધોરણ 8 માં પ્રયોજાયેલી કહેવતોની યાદી કરો.

(4) 'મહેનતની મોસમ' કાવ્યનો રસાસ્વાદ કરાવો.

(5) ધોરણ 7 પ્રથમસત્રની કોઈ એક કૃતિનું નાટ્યરૂપાંતર કરો.

(6) ધોરણ 8 પ્રથમસત્રની કૃતિઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોની તારવણી કરો.

**5.8 સંદર્ભ સાહિત્ય**

1. ધોરણ 1 થી 8 ના ગુજરાતી પાઠયપુસ્તક ( ગુ.રા. શા. પા.પુ. બોર્ડ ગાંધીનગર )
2. ધોરણ 1 થી 8 ના ગુજરાતી શિક્ષક નિદર્શની ( ગુ.રા. શા. પા.પુ. બોર્ડ ગાંધીનગર )
5. અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી– જોશી ગજેન્દ્ર જિ.શિ.તા.ભવન,સુરેન્દ્રનગર

## દ્વિતીય વર્ષ–

## કોર્સ–૩ – અ ગુજરાતી પદ્ધતિ અને વિષયવસ્તુ

1. 'સ્વાતિ' જીવનમાં આરોગ્યનું મહત્ત્વ સમજતી નથી. એક શિક્ષક તરીકે તેના માટે તમે શું કરશો ?
2. સ્વચ્છતા અભિયાન સફળ બનાવવા તમે અને વિદ્યાર્થીઓ કેવી કેવી પ્રવૃત્તિઓ કરશો ? શા માટે ?
3. ભાષાના શિક્ષણકાર્યમાં વાંચનનું શિક્ષણકાર્ય કરવા તમને કોઇ અલગ પ્રયુક્તિ અપનાવવા કહેવામાં આવે છે. તો તમે કઇ પ્રયુક્તિ અપનાવશો તેની નોંધ તૈયાર કરો.
4. તમારા લખાણમાં થતી ભૂલો કઇ કઇ છે ? આ ભૂલો થવાના કારણો તપાસો.
5. તમારી પસંદગીની ગુજરાતી સાહિત્યની એક વાર્તાનું નામ આપો. આ વાર્તા તમને શા માટે પસંદ પડી તેની વિગતો આપો.

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.